आश्चर्यकारक मूळवणी.

કીમ. રૂ. ૦-૬-૦ ([illegible]).

વી.પી.થી ,, ૦-૭-૦ [illegible]

[illegible]

મહાકવિ શેક્સપિયર કૃત

કૉમેડી ઑફ એરર્સ

(અથવા)

આશ્ચર્યકારક ભૂલવણી.

ભાષાંતર કરનાર

મગનલાલ હરિલાલ પારેખ.

(મધુમાધવીવૃત.)

વિદ્વાનના ભૂષણ ભૂપ પરોપકારી,
દેશી કળા હુનરને અતિ લાભકારી;
ધીમંત ધૈર્યધર સૂર્જસિ નીતિકારી,
શ્રીકચ્છલોકપ્રિય પાલક ઉપકારી.

શોભનનામ સંવત્સરે, ૧૯૪૯ કાર્તિક શુદ ૧ શુક્રવાર

સને ૧૮૯૨ અક્ટોબર

કીમત ૬ આના "કલદાર"

અમદાવાદ " આર્યોદય "

તથા

વડોદરા " વીરક્ષેત્ર મુદ્રાલય "માં છાપ્યું.



ભગજાબહુસ ન. મે.

અંકલેશ્વરવાશી સદા શુભચિંતક.

રા. રા. ભગવાનદાસ નરોત્તમ-
દાસ મેહેતા વડોદરા મ્યુનિ-
સિપલ કંટ્રોલર સાહેબ.

ગર્વંતજી ગુર્જરોની ગણના કરવા તન, મન અને
યથા ધનથી યત્ન કરતા ઉછરતા લેખકોને
કેળવી યોગ્ય આશ્રય આપવામાં સહાય-
ભૂત થઈ કદર કરતાને પરોપકાર કાર્ય
કરવામાં ઉત્સુક-એ આદિ શુભ ગુ-
ણોથી આ પુસ્તક આપને
અર્પણ કરૂં છું.

હું છું.
આપનો નમ્ર સેવક
મગનલાલ હરિલાલ પારેખ.

ઉપોદ્ઘાત.

આ વિશ્વની અલૌકિક અથવા અગમ્ય લીલાનો વિચાર કરતાં સર્વ સ્થળે એક સરખો પ્રસરેલોજ જણાયછે કે, કારણ વિના કાંઈ પણ કાર્ય નથી. કિંવા જે કોઈ પ્રકારનો બનાવ બનતો આપણા જોવામાં આવેછે, તે સર્વને માટે વિચાર કરી જોતાં તે દરેક બનાવ બનાવવામાં કાંઈ પણ કારણ રૂપ નિમિત્ત રહેલું સ્પષ્ટપણે સમજાયછે: અને તેથીજ વિબુધનરોએ "કારણ વિના કાંઈ પણ કાર્ય નથી" એને વિશ્વવ્યાપક નિયમ માન્યોછે.

એ નિયમ વિશ્વવ્યાપક હોવાથી વિદ્વાન ગ્રંથકારો પણ ગ્રંથારંભે ગ્રંથ પ્રયોજન—ઉપોદ્ઘાત—પ્રસ્તાવનાદિથી પોતાના લખાણનો ઉદ્દેશ—આશયરૂપ કારણ જણાવેછે. એ પરાપૂર્વ ચાલતા નિયમાનુસાર હું પણ આ એક લઘુ પુસ્તકારંભમાં મારો લખવાનો આશય તથા વાચક રસજ્ઞોને પુસ્તક સંબંધે યોગ્ય સૂચના રૂપ માહિતી આપવી ઉચિત વિચારી ઉપોદ્ઘાત લખું છું.

આ પુસ્તક એ પાશ્ચિમાત્ય **સુપ્રસિદ્ધ કવિ શેક્સ્પિયર**ની રચના છે, એ વિદ્વાન્ લેખકની ચિત્તાકર્ષક લેખનશક્તિથી તો ભાગ્યેજ કોઈ અજાણ હશે; "કોમેડી ઓફ એરર્સ" એ નામનું મુખ્ય હાસ્ય રસે, તેમજ ગૌણ વીર કરૂણા ભયાનકાદિ સ્થલોચિત્ત રસે યુક્ત ઈંગ્રિસભાષામાં તેમણે આ

નાટક લખેલું છે. તેનુંજ આ આપણી ગુજરાતીભાષામાં મેં મારી શક્ત્યાનુસાર ભાષાંતર કર્યુંછે.

આ ભાષાંતર કરવાનું પ્રયોજન જણાવતાં મારે સ્વ-લ્પ સમય વચમાં મારી વારતા લખવાની જરૂર પડેછે; કારણ તેજ ગ્રંથ લખવાનું પ્રયોજન છે. હું મારી બાલ્યાવ-સ્થામાં (૬-૭)વર્ષમાંથીજ માતાપિતાદિના છત્રરહિત થઇ મારા કાકા જગજીવનદાસ પિતાંબરદાસ મોજે ટીંબી ગામના માજી ઇનામદારના આશ્રયમાં ૧૪ વર્ષ જેટલો વખત રહ્યા બાદ મને કેટલોક વખત દક્ષણી ખેલો જોવામાં પ્રીતિ થઈ અને તે પ્રીતિનું એ પરિણામ આવ્યું કે જેના યોગે હું મા-રા ઉદરનિર્વાહ કાર્ય પ્રપંચથી વિમુખ થઈ દક્ષણી નાટક કંપનીઓના સહવાસમાં રહી તેમની નાટયક્રિયાના કામમાં ઉપયોગી નિવડયો: જેથી કરી મેં તે કામ કરતાં મને આ પણી ગૂજરાતી ભાષામાં ઇતિહાસિક કિંવા કલ્પિત નાટકો-લખી ભજવવાની વૃત્તિ થઇ. જેથી મેં દિક્ષણી કંપનીનો સંગ છોડી ગૂજરાતી કંપનીમાં તપાસ કરી થતા ખેલો જોયા તો તે કંપનીઓમાં તો મને કાંઈ ચમત્કારજ જણાયો. કે તે સર્વ કંપનીઓ ખેલો કરેછે તેમાં સંબંધ, કથાભાગ, રસ, અલંકાર, અને નાટકપધ્ધતિનું અરસપરસનું છિન્નભિ-ન્નપણું કરી ખરા સ્વરૂપને નવળગતાં મૂળનું ડાળે ને ડાળનું મૂળે કરી દરેક પદ્ધતિને છંછેડી બગાડેછે અને ખરૂં લખતાં હું તેવા નાટકકારોને અપ્રિય થઈ પડું એવા સંભવનું આ લખાણ સર્વને દ્રષ્ટિગોચર કરતાં ક્ષમા માગું છું.

ગમે તેમ હો, પણ આવા તર્કતરંગમાં તણાઈ કહી બતાવવા કરતાં કરી બતાવવું ઉચિત ધારીનેજ આ ભાષાંતર વિદ્વજ્જનોની શેવામાં રજુ કરૂંછું.

દક્ષિણીભાષામાં બુકીશ નૉવેલો તથા નાટકો લખાઈ ઘણી કંપનીઓ પ્રયોગ કરી લોકપ્રિય થઈ પ્રસંશનીય નિવડે છે એ ખાસ અનુભવથી મારા જાણવામાં છે. અને તે આધારને અનુસરી ગુર્જરી નાટકકંપનીને પ્રયોગ કરવા સુગમતા પડે એવી શૈલી, શીનેરી, યોગ્ય સમયમાં તૈયાર થાય એવા હેતુને જાળવી સુધારા તથા વધારા સાથે આ ભાષાંતર તૈયાર કર્યું છે.

આ પ્રયોગ ખાસ ભૂલવણીનો તમોને આશ્ચર્યતામા નાખી ભૂલવવામાં ચૂકશે નહીંજ, પણ પુસ્તક હાથમાં લેતાં પાત્રનાં નામ સાથે તમના ગામનાં નામ આપ્યાં છે તે અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે. બબ્બે નામો એક સરખા હોવાથી કોણ ક્યાંનો અને કયો ! તે આખર સુધી ન સમજાતાં દરિયાના તોફાની તરંગોની છોળોમાં અધ્ધર ગોથાં ખવરાવી, મનને શું છે ને શું હશે ? ! એ જાણવા ઉશ્કેર્યા વગર રહેશે નહીં. આ નાટકનો સારાંશ નિચે આપ્યોછે તેથી વિદ્વદ્વર્યનો સમજવામાં આવશે.

આ નાટક પ્રથમથી ઘણુંજ રમૂજભરેલું છે; તે ઇંગ્રેજીમાં જેણે વાંચ્યું હશે તેને ખબર હશે, આનો ઇતિહાસ ઘણોજ સેહેલો હોવાથી અહિં સર્વ કહેવા જરૂર નથી. બે ભાઈઓ સ્વરૂપમાં તદન એક કાંતિનાજ હતા, અને બાલ્યા-

વસ્ય માંજ એકએકથી દૂર થયા; પણ તે તરૂણાવસ્થામાં આવ્યા એટલે તેમાંથી એક ભાઈ પોતાના ચાકર સુદ્ધાં બીજા ભાઇની શોધ કરવા નિકળ્યો. કાળે કરી તેનો ભાઈ અને ચાકર જે શેહેરમાં હતા તહીં આવ્યા, તે ઠેકાણે તેમની મુલાકાત થઈ ઓળખાણ પડતાં પેહેલાં આ ઉભયતા જોડું એક સરખું હોવાને લીધે, આ તે કે; પેલો તે, એવી ભ્રાંતિમાં એક દિવસ જે ગમત થઈ તે આ નાટકમાં વર્ણવી છે.

આ પુસ્તક લોકપ્રિય નિવડી ઈચ્છાનુસાર કોઇ ઉત્તમ ગૂજરાતી કંપની ભજવવા માગશે ને તેમના ભજવવાથી મને ઉત્તેજન મળવા સરખું થશે તો હું મારો હવે પછીનો કાળ આવાજ બોધજનક પ્રયોગ લખવામાં વ્યતિત કરી પ્રજાની શેવામાં મૂકીશ. જેકે આપણી ગૂજરાતી ભાષામાં આવો ધડો લેવા લાયક પુસ્તકોની ઘણી ખોટ છે; અને તે અવસ્ય તૈયાર થવાંજ જોઇએ. એમ જાણી ઉત્તેજન મળ્યે તેમ કરી દેશીબાંધવોને દ્રષ્ટિગોચર કરવા વિચાર રાખ્યોછે-

મને વારંવાર શ્રી કચ્છાધિપતિ મહારાવ શ્રીખેંગાર. સિંહજી સવાઈબહાદુર મહારાજાનો આશ્રય મળેછે તેથી હું તેમનો અતિ આભારી થાઉં છું.

વડોદરા બાજવાડા તરસફ | આપનો,
પ્રેમાનંદની હવેલીમાં | **મગનલાલ હરિલાલ પારેખ.**

પાત્ર.

મલયશેખર ... રાજા મલ્લિયાર નગરનો અધીપતિ.

વિજયચંદ્ર ... ગાંધારપટ્ટનનો વ્હેપારી.

સુગુણચંદ્ર ... મલ્લિયાર નગરવાળો | બન્ને ભાઇ વિજય-
સુગુણચંદ્ર ... ગાંધારપટ્ટનવાળો | ચંદ્રના પુત્ર.

પુલીંદ ... મલ્લિયાર નગરવાળો | બંને ભાઇ ઉભયતા
પુલીંદ ... ગાંધારપટ્ટનવાળો | સુગુણચંદ્રના સેવક

કાંતિવર્મા ... એક વ્હેપારી.

દર્પપરિહારક... સોની.

પલ્લવલતિકા ... સુગુણચંદ્ર મલ્લિયાર નગરવાળાની સ્ત્રી.

સૌંદર્યલહરી... તેની મશિયાઇ બ્હેન.

કરીણી અથવા ગજી ... ... દાશી.

વિચિક્ષણા ... વિજયચંદ્રની સ્ત્રી. (ગોસાંઇયણ).

ગણિકા, રક્ષક, મેજીસ્ટ્રેટકોર્ટ, તુરંગના અધીપતિ, જગાદાર પંચાક્ષરી, ઈત્યાદિ.

૫૨૩૫

કૉમેડી ઑફ એરર્સ.

અથવા

આશ્ચર્યકારક ભૂલવણી.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પ્રથમ દરિયો તથા પછીથી નગર.

શાહુકાર—ટંડેલ ! મને તારા વહાણમાં બેઠાને આજે સુમારે એક મહિનો થવા આવ્યો, હવે તો મારી પાસેનું ભાથું તથા પાણી વગેરે સર્વ ખૂટયું; માટે કોઇ શેહેરના કિનારાપર થોડી વાર ઉતારી મને વાટખર્ચી સારૂ કંઈક ઉદરનિર્વાહપૂરતું લેવાદે તો ઠીક.

ભાણો—હેઠજી તારે જે હેરમાં ઉતરવાનું હે તેજ આ મહિયારનગર આવહે; હવારમાં તો તમે વાણું વાતા પેલાં તાં ઉતરહો.

વિજયચંદ્ર—ત્યારે તો ઠીક. આજ રાતનું તો મારી પાસે ભાથું છે.

આશો—વિજેચંદ હેઠ ! જું અમારા વાણમાં જો

રથી બેઠો છે, તારથી રોજ તારૂં મોં રોયા જેવુંજ દેખાય છે તેનું શું કારણ જે ?

વિજયચંદ્ર—કંઈજ નહીં ભાઇ ! મારા જીવને સારૂં નથી, માટે ઉદાસ છું; વારૂં મારી સાથે ઉતરનાર તો અહિંથી માણસો ઘણાં છે નહીં કે ?

ભાણો—હારે, હા, હેઠજી ! તારી હાથે તો ૫૦-૭૫ મનખ ઉતરહે,-હઉ હવે પોતપોતાનાં પોટલાં હંભાળી રો, મારૂં વા'ણ કાંઠેથી વેગળું લાંગરવાનું છે; તાંથી હોડકામાં બેહીને હગળા જાજો.

(બધા લોકો હોડીમાં બેશી કિનારે આવે છે.)

સિપાઈ—હાં, ખડે રહો, ખડે રહો ગર્દી મત કરો, એક કે પીછે એક ઉતરકર ચલો, કારકુન પાસ નામ લીખવાઓ; ઔર જકાત હોય સો ભરકે જાઓ.

મથુર—મિયાંશાયબ ! મને પહેલો જવાદો, મારે ઘણું જરૂરિયાત કામ કરી જવાનું છે,

(બધાં કારકુન પાસે જાય છે.)

કારકુન—સિપાઇ ! બધાને બેસાડીદે, એક પછી એક બોલે.

વિઠ્ઠલદાસ—મારી પાસે કંઇ જકાતનો માલ નથી. મને જવાદો તો ઘણું સારૂં.

કારકુન—તમારૂં નામ કહો ?

વિઠ્ઠલ—મારૂં નામ વિઠ્ઠલ વણારશી.

કારકુન—ધંધો ?

વિઠ્ઠલ—હું દેશાવરમાં મલબારી કાટ વેચું છું.

કારકુન—રહેવાનું ઠેકાણું ?

વિઠ્ઠલ—ભાવનગર બંદર.

કારકુન—વારૂ જાવ તમે (બીજાને) તમારૂં નામ, ગામ, અને ધંધો ?

વિજયચંદ્ર—મારૂં નામ વિજયચંદ્ર, હું ગાંધાર પટ્ટન રહું છું, ધંધો વેપારનો કરૂં છું; મારી પાસે પણ જકાતની કંઈ ચીજ નથી.

કારકુન—ઠીક બસકરો, પેહેરેગીર ! એમને તમારી દેખરેખ નીચે રાખો.

વિજયચંદ્ર—એટલે ! મેં કંઇ જકાતી માલ છૂપાવ્યો નથી, કોઇની ચોરી કરી નથી, તેમ કોઇ સાથે તંટો યા તોફાન કર્યું નથી, તેમ છતાં મને એકદમ વિનાપરાધે કેદ કરોછો એ શું ?

કારકુન—તેની અમને કંઇજ ખબર નથી, પણ એવો એક સરક્યુલર છે કે-કોઇ પણ ગાંધારપટ્ટન નગરનો માણસ આવે તેને કેદ કરી મેજીસ્ટ્રેટકોર્ટમાં મોકલી દેવો. તે પ્રમાણે હું તમામ ઉતારૂઓનો તપાસ કરી તમને હમણાં મોકલી દેઉં છું,

વિજયચંદ્ર—હાય નશિબ ! નશિબ ! નશિબ ! અહીં મશાલ પણ મળતી નહીં હોય, કે તે સળગાવી આગળ જાઉં.

(થોડીવારે બધાનો તપાસ કરી રહે છે.)

કારકુન—સિપાઈ ! એ લખોટી લઇને મેજીસ્ટ્રેટ કોર્ટમાં

જાઓ અને ખુલતી કચેરી વખતે એકદમ આ શેઠ સહ ખુદ સાહેબ પાસે રજુ કરો, ચાલો જાઓ બહુજ જરૂરી ટપાલ છે, આ વખતે બરાબર પાંચ વાગ્યાછે.

સિપાઈ—તો ભાઇ સાહેબ ઇતને સુબોહમે કયા મેં સાબ કે બંગલે પર લેજાઉ ?

કારકુન—નહિ નહિ, કાલથી સહવારની કચેરી થઇ-છેને.

સિપાઇ—અચ્છા સાબ ! દીજિયે. ચલો શેઠજી, અમા-રે સાથ.

પ્રવેશ ૨ જો.

સ્થળ. મેજીસ્ત્રેટકોર્ટ, સહવારના ૬।। કલાક.

મેજીસ્ટ્રેટ—સિપાઇ, જમાડાર, પતેવાલા ?

અલીમિયાં—સાબ !

મેજીસ્ટ્રેટ—અર્જદાર કો બુલાવ.

અલીમિયાં—જો હુકૂમ (બહાર આવી) અર્જદાર હાજર હય. (ત્રિવાર પુકારી રિપોર્ટ લાવી ટેબલપર મૂકેછે)

મેજીસ્ટ્રેટ—સીરસ્ટેડાર !

ગોવિંદરાવ—જી. કાય હુકૂમ આહે ?

મેજીસ્ટ્રેટ—આજ કોન્સા કામ પહીલે નંબર પર હય ?

ગોવિંદરાવ—ત્યા વિધવાબાઇને સ્વતાચ મુલ કાટયા-ચ્યા કુંપાણાત ટાકુન દીલ્યા બદ્દલચા કેસ આહે. (એટ-લામાં સિપાઇ લખોટો પાવી આપેછે) સાહેબ યા લાખોટયા વર જરૂર જરૂર જરૂર 'ત્પસે' તીન વેળ લીહીત આહેત.

મેજીસ્ટ્રેટ—અચ્છા લાવ.(ટપાલ ખોલી વાંચવા આપેછે) વેલ ગોવિંદરાવ તુમ બાંચો;

ગોવિંદરાવ— (વાંચી) સાહેબ! ગાંધારપટ્ટન નગરચા હા વ્યાપારી આહે.

મેજીસ્ટ્રેટ—સીરસ્ટેડાર! એ અપને હાતસે બહોત બડા ગુન્હા હોટા હય. પરંતુ એ રજવાડેકે કાયદે આગુ અપના ઇલાજ નહીં, અચ્છા દુસરે કામ બંઢ રખો ઔર ચલાવ એ કામ જલ્દી, ટાઇમ ઇઝ ઓવ્હર.

ગોવિંદરાવ—શેઠજી યા પિંજરચાંત ઉભે રહા.

વિજયચંદ્ર—મને એ ભાષામાં સમજણુ પડતી નથી.

ગોવિંદરાવ—પાંજરામાં ઊભા રહો.

વિજયચંદ્ર—વાહવા રે ન્યાય, ભલારે કાયદો! આ વગર પ્રયોજને પાંજરામાં ઉભો રહુંછું! (પાંજરામાં ઊભો રહેછે.)

ગોવિંદરાવ.—તમે એમ કહો કે, હું પરમેશ્વરને હાજર જાણી જે કહીશ તે સાચેસાચું કહીશ. સાચા શિવાય એક પણ શબ્દ જૂઠો નહિ બોલું.

વિ૦—મારે શાસારૂં જૂઠું બોલવું પડે! મેં કંઇ ચોરી કરી નથી.

મેજી૦—અસ્સ કોર્ટ મંગટા હય ઉસ્કા જુવાબ દો.

વિ૦—સારૂ સાહેબ! હું પરમેશ્વરને હાજર જાણી જે કહીશ તે સાચું કહીશ સાચા શિવાય જૂઠું નહિ કહું.

ગો૦—તમારૂં નામ શું?

વિ૦—વિજયચંદ્ર.

ગો૦—તમારા ગામનું નામ?

વિ૦—ગાંધાર પટ્ટન.

ગો૦—ધંધો?

વિ૦—પ્રથમ વ્હેપારનો ધંધો કરતો હતો.

ગો૦—હાલ શું કરોછો?

વિ૦--હાલમાં ૨૦- ૨૫ વર્ષથી દેશાટણ કરૂંછું.

ગો૦—શા હેતુથી?

વિ૦—આવરદાના બાકી રહેલા દિવસ પૂરા કરવા.

ગો૦—આ મલ્લિયાર નગરમાં આવવાનું શું કારણ?

વિ૦—દેશાટન પૂરૂં થવાથી સ્વદેશ જવાસારૂ આવ્યો.

ગો૦—તમારે બીજું કાંઇ કહેવુંછે, અગર કોર્ટને સ્વાલ કરવોછે?

વિ૦—મારા ઉપર કંઇજ અપરાધની સુનાવણી થઇ નથી, પછી શી બાબતમાં મારે સ્વાલ કરવો?

ગો૦—બીજું કાંઇજ નહીં, ફક્ત એટલુંજ કે, ગાંધારપટ્ટન નગરનો કોઇ પણ શખ્સ અહીં આવે, તેની પાસેથી આઠસેં પૂતળી દંડ લેઇ તેને જવા દેવો.

વિ૦—એટલે શું? કંઇ આ ગામમાં કોઇએ આવવુંજ નહિં?

ગો૦શી૦—તમારા દેશ શિવાય ગમે તે આવે તમારી પાસે હાલ કેટલી સ્ટેટ છે?

વિ૦—મારી પાસે? આશરે ૮૦-૯૦ પૂતળિયાં છે.

ગોઠશીઠ—ત્યારે તમે દંડ શામાંથી આપોછો ?

વિ૦—મેં ગુન્હો કર્યો નથી, હું દંડ શાનો આપું ? મારી પાસે દંડ આપવાને કાંઇજ સાધન નથી.

મેજી૦—સાયલેંટ ડેખો ટુમ ગુન્હા કિયા હય કે નહીં, ઓ ડેખનેકા હમારા કામ એ કેસમેં નહિ હય. જીસ માફક સરક્યુલર હુવા હય, ઓ આઢારસે તુંમકો દંડ દેના હોના. પતેવાલા ! ઉનકે હાથકુ રશી લગાવ ઔર ઓ જંજીર લગાયકે બંધ કરો.

સિપાઈ—બોત અચ્છા શાબ (તેને બાંધે છે).

મેજીસ્ટ્રેટ—સીરસ્ટેડાર ! મહારાજા સાહેબ કે હુજુર કેસ કમીટ કરો. ઓ સ્પેશલકોર્ટ કરેંગે, ઔર એ કેસકા નિકાલ કરના ઉનકે મરજી પર હય; પતેવાલા લેજાવ.

વિ૦—અરે ! અરે ! આ શું અંધેર છે? આ ન્યાય નથી. આજ સુધી મેં કોઇ ઠેકાણે આવો કાયદો જોયો નથી.

મેજી૦—ટુમ્હારે વાસ્ટે હમ બહોત ડિલગીર હય, મગર લાચારીસે ટુમકો હમ કયેદ કરટા હય, ચલાવ સિપાઇ લે જાવ. અચ્છા સીરસ્ટેડાર ! સાબ ચા પીને જાટા હય, વાં તક ટુમ નંબર પહીલેકે કામમે સાક્ષીડાર હાજર રખો. પટેવાલા કાના લાવ. (સિપાઇ લોકો વિજયચંદ્રને મહારાજા પાસે લઇ જાય છે).

પ્રવેશ ૩ જો.

સુગુણચંદ્ર અહિહ્યંાર.પુરનો—પુલીંદ હું દુકાનપર જાઉં છું ત્યાં સુધી તું દર્પપરિહારક સોનીને

મારી પાસે તેડી લાવ. કારણ આજે સુમારે પંદર દિવસ થવા આવ્યા હશે. કંઠા સારૂ હઠ લઇ બેઠેછે તેથી જેમ બને તેમ તુરત તે તૈયાર કરાવવો જોઇએ.

પુલીંદ૦મ૦—એસેજ. તેમના શરીર પર સારા સારા દાગીના ના જોઇએ કે! જાઉં છું ત્યારે (એટલામાં સોનીને તેડી પાછો આવેછે) આ આવ્યા. પણ એ શેઠજી, કંઠો કેવો ફક્કડ, કરી લાવોછો. મારી શેઠાણી પાસેથી તમને ઇનામ અપાવીશ. (શેઠને બતાવીને) જુઓ આ અમારા શેઠસાહેબ તમને બોલાવેછે.

દર્પપરિહારક—કેમ હું શેઠ સાહેબને ઓળખતો નથી કે કેમ? તે તું ઓળખાવેછે! શેઠ સાહેબ (નમસ્કાર કરે છે).

સુ૦મહિ૦—દર્પપરિહારક શેઠ! એક જરૂરી રકમ હું તમને બનાવવા કહું છું:

દર્પ૦સોની૦—તાબેદારને આપ જે કામ ફરમાવશો તે કરવા તૈયાર છે.

સુ૦મહિ૦— પણ વિલંબ લગાડવા જેવું નથી માટે વિચાર કરૂં છું.

દર્પ૦સો૦—આજ સુધીમાં મારો અનુભવ નથી આવ્યો?

સુ૦મહિ૦—ના કોણ કહેછે, વારૂં સાંભળો. મારે ઉતાવળ છે એક સરસ ચારમાણસમાં કીમત સારી થાય એવો કઠો જેમ બને તેમ જલદી કરી લાવો. ગમે તેટલી રકમ ખર્ચ થશે તેને માટે હરકત રાખશો નહીં.

સોની૦—આથી વાત કરોછો શેઠ સાહેબ રકમને માટે મારે શી કાળજી છે ? જાઉં છું ત્યારે હું હવે.

સુ૦ મલ્હિ૦—પણ મેં શું કહ્યું. તે યાદ રહેશેને?

સોની૦—એને માટે આપ કાંઇજ કાળજી રાખશો નહીં લાવ્યોજ જાણો. (જાયછે.)

સુ૦ મલ્હિ૦—જારે, ફુલીંદ તું ઘેર! અને શાક લઈ જા, જમવાનો વખત થાય કે મને તેડવા આવજે.

પ્રવેશ ૪ થો.

સ્થલ—મલ્હિયાર નગર શેહેરનો રાજમેહેલ.

પાત્ર.

મલયશેખર રાજા—વિજયચંદ્ર રક્ષક વગેરે સેવક.

વિજયચંદ્ર—(બંધનયુક્ત) રાજા! હવે મારો અંત ના જોઇશ, તું એક વાર છૂટકો કર એટલે હું આ સર્વ દુઃખમાંથી મુક્ત થઇશ.

મલયશેખર રાજા—વિજયચંદ્ર! વ્યર્થ હવે વિનંતિ કરીશ નહીં; તારો પક્ષ કરી આ રાજ્યનો કાયદો હું તોડનાર નથી. તમારા ગાંધારપટ્ટનના અધિપતિએ અમારા મલ્હિયાર નગરના વ્હેપારી ઉપર કેવો કેર કર્યોછે, તે જોયોને? બિચારા વ્હેપાર સારૂ તમારે બંદર જાયછે, પણ કાંઇજ અપરાધ ન છતાં ફક્ત મલ્હિયાર નગરનો છે, એવું નામ જાણ્યું કે બસ્સ, તેની પાસેથી જબરો દંડ લેવો, દંડ આપવા શક્તિ નહોય તો તેનો શિરચ્છેદ કરવો, એવા નિર્દય કૃત્યે તમારા ગામમાં અમારી રાંકપ્રજા પોતાનો અમૂલ્ય આત્મા ખૂવેછે. ત્યારે શું!

ગાંધારપટ્ટનના વેપારી ઉપર અમે દયા કરિયે ? હવણાં આ દ્વેષ ઘણોજ વધવા લાગ્યો; માટે અમારે એવો કાયદો કરવો જરૂર પડયો કે, અમારા વેપારીઓએ શત્રુના બંદરે જવું નહીં; અને શત્રુના વેપારીઓએ અમારે બંદર આવવું નહીં. કદાશ કોઈ આવે તો તેને આડસેં પૂતળી દંડ આપવો નહીં તો મરણને તાએ થવું; ગાંધારપટ્ટનવાળાનો પણ એવોજ કાયદો છે એમ જણાયછે. હવે તે કાયદા પ્રમાણે તારી સર્વ માલમતા જોતાં સો પુતળિયાં જેટલી પણ ભરતી થતી નથી, માટે તારે માથું આપવુંજ પડશે.

વિ૦—રાજા ! તારા બોલવા ઉપરથી હવે મને ધીરજ એટલીજ આવેછે કે, એક વાર આ માથું આપો દીધું; એટલે તેની સાથે આજ સુધી સહન કરેલો જે આ દુઃખનો ડુંગર તે પણ ઊતરશે.

મલયશેખરરાજા—વિજયચંદ્ર ! તું તારૂં ઘરબાર છોડી નિકળ્યો કેમ, અને અમારે બંદરે આવ્યો પણ શું કરવા?

વિ૦—મહારાજ ! હું મ્હારા પેટનું દુઃખ શું કહું— અને કહીને પણ હવે ઉપયોગ શું ? તથાપિ પ્રાણછે ત્યાં સુધી લોકને એ પણ વિદિત કરવું જોઇએ કે, આ આજનું મરણ મેં કાંઈ દુષ્ટ કૃત્ય કર્યાથી પ્રાપ્ત થયુંછે એમ નથી; તો પેટનું દુઃખ સહન ન થઈ શકયું. તેથી 'બહાર નિકળ્યાને લીધે તેને પાત્ર થયોછું ! રાજા !" મારો જન્મ ગાંધારપટ્ટનમાંજ થયો, યોગ્ય વખતે લગ્ન થયું; દૈવયોગે સ્ત્રી અતિ ગુણવાન મળી અને અમે ઉભયંતાએ સુખમાં દિવસ નિર્ગ-

મન કર્યાં. અમારો વ્યાપાર સારો ચાલતો હતો, તેથી કરીને દ્રવ્ય પણ ઘણુંજ મળતું ગયું. એક દિવસે સિંધુ દેશમાં મારો વિશ્વાસુ મુનીમ હતો, તે દેવલોક થયાના સમાચાર આવ્યા. અને ત્યાં વ્હેપાર ધમધોકાર હોવાને લીધે મારે મારી પ્રિયાને છોડી, ત્યાં જવું પડયું. મને ગયાને ચાર મહિના થયા નહીં, એટલામાંજ વિરહદુઃખ ન સહન થવાથી તે બિચારી પૂર્ણમાસ થયાનું કષ્ટ સહન કરી મારી તરફ ચાલી આવી. પછી ત્યાં થોડા દિવસે તેને બે ખૂબસુરત પુત્ર થયા. અને રાજા! શું ચમત્કાર કહું! તે બિલકૂલ એકના જેવાજ એક, બન્નેની એક પ્રતિમા, વળી એક આશ્ચર્યકારક એ વાત થઇ કે, અમે જે ઘરમાં રહેતા હતા, ત્યાં તેજ ઘડિયે બીજી એક સ્ત્રી પ્રસૂત થઈ. અને તેને પણ એવાજ બે એક સરખાજ છોકરા થયા. આ બીજા બે છોકરાની મા ઘણીજ ગરીબ હતી, તેથી તેને દ્રવ્ય આપી તે છોકરા આગળ મારા પુત્રોની ચાકરીમાં ઉપયોગ લાગશે એમ સમજી, મેં વેચાતા લીધા. પછી ઘણા દિવસ ત્યાં આરામ કરી અમે પાછા સ્વદેશમાં આવવા નિકળ્યા. દૈવ ગતિ શું કહું! સુખેથી અમારો પ્રવાસ સુમારે અરધી મજલ થયો. જ્યારે એક દિવસે સંધ્યાકાળે પવન સહેજ વધારે છૂટયો, વાદળ ઘેરાવા માંડયું, રાત ભયાનક દેખાવા લાગી, અને સમુદ્રમાં મોટાં મોટાં મોજાં અને છોળ્યો આવવા લાગી, ત્યારે મોટાં તોફાનમાં અમારૂં વહાણ પકડાશું એ વિષે સંશયજ રહ્યો નહીં, તોપણ આવી સ્થિતિ-

માં અમારા ખલાશી નિરાશ થયા નહીં, પરંતુ મધ્ય રાત્રીના સુમારમાં તોફાન અનિવાર્ય થયું. પછી શું પૂછોછો !! એકદમ હાહાકાર થયો, મારી સ્ત્રી પોતાના બે છોકરાઓને પેટ સાથે દાબી રૂદન કરવા લાગી. તે રડેછે, એવું જોઇ છોકરાઓ પણ રડવા લાગ્યા, હું મરવાને બીહીતો નહોતો, પરંતુ તે બાપડાના મોં સામું જોઇ તેમના બચાવ સારૂં પણ આપણે બચવું એવું મને લાગ્યું એવામાં તરતજ તેજ વહાણ ધડાક દઈ એક પથ્થર સાથે અથડાયું, પછી શું પૂછવું ! વહાણની અગાડીનાં પાટિયાં ભાગી પાણી અંદર ભરાવા માંડયું, જે તે પોતપોતાનો પ્રાણ બચાવવાના ઉદ્યોગમાં લાગ્યા, વહાણમાં બે હોડી હતી, તે નીચે નાખી ખલાશીઓએ પોતાનો રસ્તો સુધાર્યો, એવે સમયે કોણ કોનો ધણી અને કોણ કોનો ચાકર, એવામાં પણ મારી સ્ત્રીએ પોતાનો તથા બાળકોનો બચાવ કરવાનો ઉપાય શોધ્યો, વહાણમાં કાંઇ તારક કાષ્ઠો હમેશ રાખવામાં આવે છે, તે પ્રમાણે તેમાં પણ એક હતું, તે તેની નજરે પડયું, તેની એક બાજુએ ઘણીજ ઝડપથી પોતાના નાના છોકરાને લઇ બાંધ્યો. મેં તેનીજ બીજી બાજુએ પેલા બીજા બે છોકરા પૈકી એક લઇ બાંધ્યો, અને બીજે પાસે તેજ પ્રમાણે બન્ને છોકરા બાંધ્યા. પછી અમે ઉભયતઃ તે લાકડાને બન્ને પાસે છોકરાઓને ઝાલી, પરમેશ્વર પર હવાલો નાખી, ઉભા રહ્યા. પણ થોડો વખત થયો નહીં, એટલામાં વહાણ પાણીમાં ડૂબી ગયું, અને અમે સર્વ પેલા લાકડાના આધારે તરતા ચાલ્યા.

સવાર થવાના સુમારમાં પવન બંધ થયો, વાદળ સ્વચ્છ થયું, અને રાત્રે જે અનર્થ થયો તેનો બીજો કાંઇ પત્તો રહ્યો નહીં. સવારમાં દેખાવા લાગ્યું એટલે કિનારા તરફ જોઉં છું તો જમીન ઘણીજ દૂર, અને અમે ચૌલબંદર છોડી દક્ષિણમાં ચાલ્યા છિયે, એટલામાં બે વહાણ અમારા તરફ આવતાં નજરે પડયાં. એક શ્રીવર્ધનના બંદરમાંથી બહાર નિકળતું હતું, અને બીજું તો સુવર્ણ દુર્ગવાળાનું ઓળખીતુંજ હતું, પરંતુ શું નશિબ અમારૂં, હાથમાં લીધેલો ગ્રાસ મુખમાં જાય નહીં કે ?—રાજા ! શું કરવા હવે આગળની કથા કહેવી જોઇએ !

મ૦રાજા૦—કહે, કહે, ભાઇ સર્વ કહે, અરધું મૂકીશ નહીં, હવે તારી આ વાત સાંભળીને પણ મારે હાથે, ક્ષમા થશે એમ નથી પણ દયા આવેછે.

વિ૦—ક્ષમા અને દયા શું કરવા જોઇએ હવે; જે વખતે દયા જોઇતી હતી તે વખતે દૈવને પણ તે આવી નહીં. તે વહાણો અમારાથી ચાર પાંચ કોસ પર હોવાં જોઇએ અને અમારી સર્વ નજર તેમના તરફ લાગી રહી હતી, એટલામાં અમારી બનાવેલી હોડી મોજાના જોરે એક પથ્થર પર જઇને એવી કાંઇ જોરથી અથડાઇ કે, જેવા બન્ને દાવાદાર ભાઇઓ દાંતે હોઠ પીશી ધરતીનાં પડ ફોડી સંસારની સરખી વહેંચણ કરી લેછે તે પ્રમાણે તેની વચ્ચોવચ્ચ બે ટૂકડા થઇ અમારા બન્નેના ભાગમાં બબ્બે છોકરા આવી અમે છૂટાં પડયાં બિચારી મારી સુંદર સ્ત્રી—તેનું દુઃખ હલકું નહોતું

પરંતુ ભાર હલકો હતો, તેથી તે લાકડાના ટુકડે બાંધેલા એ છોકરા સહ પવનના જોરે અધિક વેગે મારાથી ઘણીજ દૂર ગયા; અને તે ત્રણેને મચ્છી પકડવા સારૂ આવેલા એક હોડીમાંના લોકોએ હોડીમાં લીધાં હોવાં જોઇએ, એવો મને પક્કો ભરોંસો છે.—કારણ તે હોડી ત્યાં જરા ઊભી રાખી પોતાનો રોજનો ધંધો ન કરતાં ચોક્ષ બંદર તરફ એક સરખું મોં કરી ત્વરિત નિકળી ગઈ તે મેં જોયું. પછી તુરતજ સુવર્ણ દુર્ગવાળાનું વહાણ આવ્યું, તેમાં અમને ત્રણેને લીધાં. આ વહાણવાળાઓએ પણ તે હોડી જતાં દીઠી, અને મારે સારૂ તે તેની પછવાડે પણ મૂકવા સિદ્ધ હતા, પરંતુ બન્ને વચ્ચે અંતર ઘણોજ, વળી મોટા વહાણથી નાની ખાલી હોડી શીરીતે પકડાય, સારાંશ, રાજા! એરીતે હું સુખથી મુક્ત થયો અને વ્યર્થ આજ સુધી આ દુઃખની વાતો કહેવાનેજ માત્ર જીવતો રહ્યો છું.

મ૦રાજા૦—પરંતુ જેને સારૂ તું આ દુઃખમાં ડૂબી ફરેલો હતો, તેની અને તારી આજ સુધી શી દશા થઇ? તે જો સઘળું કહીશ, તો ઠીક થશે.

વિજયચંદ્ર—માહારાજ! મારી પાસે રહેલો એકનો એક છોકરો અઢાર વર્ષનો થયો; તેવોજ તે પોતાની મા તથા ભાઇના મિલનાર્થ ઉત્કંઠિત થયો. તેણે પોતાના સોબતીને સાથે લઈ જવા સારૂ મારી પાસેથી માગી લીધો, બન્નેની દશા એક સરખીજ, બન્નેના સમય વયના બંધુ એકજ ઘડીએ ને એકજ સ્થળે ગુમાવેલા, અને બન્નેએ નામ

પણ પોતપોતના ભાઇઓનાં ધારણ કર્યાં હતાં, જુઓ મેં દિવાનાપણામાં કેવો એકના શોધને સારૂં બીજાને ગુમાવ્યો; તેમની બે વર્ષ વાટ જોઇ હું પણ ખોળ કરવા, તેમની પછવાડે નિકળ્યો, અને આજ પાંચસંવત્સર નદી, નાળાં, ડુંગર, અને બીજા દેશોદેશ ફર્યો, કેરલ, તુલંગ, ગૌગાંતક, ગૌરાષ્ટ્ર, કરહાટ, બરબર, જ્યાં જ્યાં પત્તો લાગવાનો સંભવ અને જ્યાંજ્યાં મનુષ્ય વસ્તી હતી તે તે સર્વ ઠેકાણે જોયું, છેવટ સર્વ આશા નિરાશ થઇ, આ અસ્થિપંજર સ્વભૂમિમાં લઇ જઇ નાખવા એવો ઇરાદો કરી આ મહિહયાર નગરમાં આગળ જવાની તજવીજ જોવા સારૂં આવ્યો તો અહીંજ સર્વ રામાયણ સમાપ્ત થયું. રાજા! અંતકાળે પણ તે મારા જીવના લાલ કોઈપણ ઠેકાણે સુખી છે એવું જો સમજાય તો આ પચીશ વર્ષની દેશાટનની સંપૂર્ણ ફલપ્રાપ્તિ થઇ એમ હું સમજીશ.

મ૦ રાજા૦—વિજયચંદ્ર ! તારી ઉપર દૈવજ કોપ્યો પછી મનુષ્યનો શો ઇલાજ છે. શું કહું, તારૂં દુઃખ સાંભળી મારા દિલમાં કેટલું દુઃખ થાયછે. તું સુજ્ઞ છે, જાણતો હોઇશ કે અમારા રાજ્યના કાયદા આગળ મારો નાઇલાજ છે, આ છત્ર ધારણ કર્યું છે, તેને કલંક લગાડવું એ પણ ઉચિત નહીં આ સિંહાસનપર આરૂઢ થયો છું, તેને ભ્રષ્ટ કરવું, આ ન્યાયનું ત્રાજવું ગ્રહણ કરેલું છે, તેને છોડી દેવું, એ સર્વ દયાધીન થઇ તારા પ્રાણુને માટે પાલવ પસારતાં મને કેટલું હિનસ્પદ આપનાર છે ? તથાપિ હવે

તારી ઉપર એટલીજ કૃપા કરૂંછું કે, તારી સાંજ સુધી મુદત છે, તેટલો વખત આ શહેરમાં ફરવાની તને પરવાનગી આપુંછું. જો તારા કોઇ સ્નેહી હોય, અથવા કોઇ તારાપર દયાકરે તો તેમની પાસેથી ઋણુલે દાન લે અને દંડનું દ્રવ્ય આપ્ય, નહીં તો, વિજયચંદ્ર તારૂં મરણ ટળનાર નથી; રક્ષકો! એને લઇ જાઓ

સિપાઈઓ—આજ્ઞા મહારાજ, વિજયચંદ્ર ચાલ્ય.

વિ૦—અરે નૃપેંદ્ર! આ દીનવણિકને નિરર્થક અકીર્તિના કોટમાં ફેરવી દીર્ઘ પ્રયત્ને મેળવેલી કીર્તિનો નાશ થવા, વિનાપ્રયોજન વરઘોડો કાં ચઢાવોછો!

રાજા૦—હે લક્ષ્મીઉપાસક વિજયચંદ્ર! હું તને જે વર્તન કરવા કહુંછું તે નિરર્થક નથી, પણ આજ સુધી તારી જીંદગીમાં તેં કરેલી લક્ષ્મીદેવીની ઉપાસનાનું સાર્થક થવાનો સંભવ છે, કારણ, તું તેનો ઉપાસક હોવાથી તે તને કોઇ પણ સ્થળેથી મળી આવશે. અરે! ખગચર પક્ષી કવચિત જળમાં પડેછે, ને પોતાને જળચર પ્રાણીની ક્રિયા આવડતી નથી, જેથી તે જાણેછે કે, હવે દેહનો અંત આવ્યો. તદ્યપિ પવનમાં સાહ્ય કરનારી પાંખોનો ઉપયોગ પાણીમાં પછાડી મદદ મેળવવા યત્ન કરેછે.

વિજયચંદ્ર—ઠીક નૃપેંદ્ર! આપની સુભેષણા પૂર્ણ કરવી, એ મારાજેવા બંદીજનોનું કર્તવ્ય છે. બાકી આ દેહને નાના વિધિનાં દુઃખોએ ત્રાસ આપી અંત ઇચ્છનાર મને

લેશ માત્ર પણ જીવવાની અભિલાષા રહી નથી. (સેવકને) ચાલો બાઇ.

(સર્વ જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ગામ બહારનો રસ્તો.

પાત્ર—સુગુણચંદ્ર ગાંધારપટ્ટનનો, પુલીંદ ગાંધારપટ્ટનનો, અને કાંતિવર્મા વ્યાપારી.

કાંતિવર્મા—સુગુણચંદ્ર! તેથીજ હું તમને કહુંછું કે, તમે સૂવર્ણદુર્ગના છો! એમ કહેજો નહીં તો તમારી સર્વ માલમત્તા રાજા હરણ કરશે, આજેજ જુવો ગાંધારપટ્ટનનો એક બ્યાપારી આ શેહેરમાં આબ્યોછે, તેથી તેને પકડી લેઈ ગયા, અને દંડ દેવા દ્રવ્ય નથી, માટે દેહાંતદંડ દેવો. એવો નિશ્ચય થઈ સૂર્ય અસ્ત થવાની વાટ જુવેછે. હવે મારી પાસે અનામત મૂકવા આપેલું આ આપણું દ્રવ્ય લ્યો.

સુગુણચંદ્ર ગાંધારપટ્ટનનો—પુલીંદ ! એ લે, અને દત્તમંદિરમાં આપણે ઉતારો લીધોછે, ત્યાં લઇજા, અને હું પાછો આવું ત્યાં સુધી તું ત્યાંજ રહેજે, ઘડી એકમાં ભોજનનો સમય થાય, તેટલીવારમાં હું શેહેરમાં ફરી અહીંની રચના કેવી છે, મંદિરો કેવી ઢબનાં છે, શેઠ શાહુકારો કેવા છે. એ એકવાર જોઈ આવુંછું, અને પછી પાછો આવી થોડો વખત આરામ લઇશ, કારણ આ પ્રવાસને લીધે ગાત્રો કેવળ શિથિલ થઇ ગયાંછે, ચાલ્ય ત્યારે તું જા હવે.

પુલીંદ ગાં૦—વાહ! આવી ગાંસડી હાથમાં આવ્યા

પછી, અને ચલજા એમ કહ્યા પછી, કોઇ ચોર પણ નાંચતો અને તાળિયો પાડતો જતો રહેશે. (જતો રહેછે).

સુ૦ ગાં૦—ગુલામ ખરો ઇમાની છે. હું કોઈ વાર કાળજીથી અગર મેહેનતથી ઉદાશ થયો. એવું જોયું, કે એની ગમત શરૂ થઇ. અને પછી હસ્યા શિવાય રહેવાતુંજ નથી. વારૂ શેઠ! હવે શેહેરમાં ફરવા આવવું છેને? થોડી ખૂબી જોઈ પછી ઉતારે જઈ જમિયે.

કાંતિવર્મા—મહારાજ! હવે મને માફ કરો, મેં એક વ્યાપારીનું આમંત્રણ લીધું છે, અને ત્યાંથી કાંઇ પ્રાપ્તિની પણ આશા છે, તેથી મારે જવું જોઇએ. હું સાંજે આપને સદર બજારમાં મળીશ, અને પછી કહેશો તો સારી રાત આપની પાસે રહીશ.

સુ૦ ગાં૦—ઠીક ત્યારે આવજો, હું હવે આ શેહેરમાં ફરી શું છે, તે એક વાર જોઉંછું.

કાં૦ વ્યા૦—હા, ઘણીજ સારી મઝા નજરે પડશે. (જાયછે.)

સુ૦ ગાં૦—મઝા નજરે પડશે એમ કહેછે, મારી મઝા એને ખબર નથી, જદવત્ આકાશમાંથી જલબિંદુ નિકળી સાગરમાં પોતાના સોબતીનો શોધ કરવા આવેછે, તદવત્ મારી અવસ્થા થઈછે. હું જેનો પાર ન પમાય એવા જગતમાં ભાઇનો અને માતુશ્રીનો શોધ કરવા સારૂ ફરતાં છતાં પોતાનેજ ભૂલી ગોટાળામાં પડયોછું કે આ મારો જન્મસ્થળ માં ફરવી પાછો કેમ આવ્યો (એટલામાં પુલીંદ અધિકાર નગરનો આવેછે) કેમરે પુલીંદ! જલ્દી કેમ આવ્યો!

પુલીંદ મલિહયારઝનગરનો—જલ્દી કેમ આવ્યો ! મોડો કેમ આવ્યો કહેતા નથી ! ભાત ટાઢો થઈ ગયો, કઢી થંડી થઈ ગઈ, અને રોટલી ઉપરનું ઘી હવે નખેવતી ઉખેડવું પડશેને; આણીપા બારનો ટકોરો વાગ્યો, અને બાઇ સાહેબે જાવો તુરતજ મારા ગાલપર એક વગાડી દીધો. બાઈસાહેબ કહેછે–કે તમને ઘરની પરવા નથી, પણ અમારે અપવાસ કરવો પડે છે; આપનું કંઈપણ પેટ થંડુ થયું હશે, તેથી પેટમાં ભૂખ નહીં હોય, ભૂખ નહીં હોય, માટે ઘેર આવતા નથી. ઘેર આવતા નથી, તેથી રસોઇ ટાઢી સિતળ થઈ ગઈ, રસોઇ થઈ નરમ તેથી બાઈસાહેબ થયાં ગરમ.

સુ૦ગાં૦—ચૂપ રહે! ફોકટ જાૂઠી બડબડ કરીશ નહીં, તારી પાસે દ્રવ્ય આપ્યું હતું તે કંઈ મૂકયું, કહે પહેલો ?

પુ૦ મલિહ૦—દ્રવ્ય તે શું ! રવિવારે ચાર આના આપ્યા હતા, તે મેં તુરતજ બંગડીવાળાને આપી દીધા, બાઇસાહેબને ખબરજ છે કે મેં કાંઇ રાખ્યું નથી.

સુ૦ગાં૦—દોસ્ત ! આ વખત મશ્કરીની નથી ખરૂંજ કહે પેલી મહોરોની ગાંસડી આપી તે કયાં મૂકી ? અરે ! આપણે અહીં પારકે ઠેકાણે છિયે, અને આવી મોટી રકમ પોતાની પાસેથી દૂર કરેછે એ શું !

પુ૦ મલિહ૦—મહારાજ ! હવે એક વાર જમવા ચાલો, અને પછી પાટલાપર બેશી ગમે તેટલી મશ્કરી ચલાવો, અને બાઈસાહેબે કૂતરા પ્રમાણે દોડતો જા એમ

કહ્યું છે, અને હવે હું એમજ પાછો જાઉં તો મારા હાલ કૂતરા કરતાં વિશેષ બૂરા થાય, અને તમારા ઉપરનો ગુસ્સો બધો મારી પીઠપર નીકળે, અમારા જેવું તમારા પેટમાં ગુડ બુડ ગુડ બુડ કેમ થતું નથી ? ગુડ બુડ ગુડ બુડ થતું હોત તો, કુડ બુડ કુડ બુડ કરતા ઘેર આવ્યા હોત.

સુ૦ ગાં૦—પુલીંદ ! ! તું ગમે તે વખતે ગમે તેવી મશ્કરી કરે છે. તને કંઈ સારી વખત મળતી નથી ? તારી પાસે તે વખતે આપેલી થેલી ક્યાં છે ?

પુ૦ મહિ૦—મારી પાસે ! બાઈ સાહેબનો હુકમ માત્ર છે, કે, તમને બજારમાંથી માધવબાગમાં આપને ઘેર જમવા તેડી લાવવા; બાઈસાહેબ અને તેમની બ્હેન આપની વાટ જુવેછે.

સુ૦ગાં૦—મૂર્ખ હઠીલા ! મોહોરો ક્યાં મૂકી તે કહે ? નહીંતો આ તારી લાંબી જીભમાંથી વખત કવખત ન જોતાં મશ્કરી બહાર કહાડીશ, તે કેવી પડાક લેઈ ચોઢું છું તે જોજે. હજાર મોહોરોની ગાંસડી ક્યાં મૂકી કહે ?

પુ૦મહિ૦—હજાર મોહોરો ! આ એક મારો મોહોરો જુવો. તેના પર શેઠાણીએ પોતાની એક મોહોર ચોટાડી છે, તેમ કાલે આપના હાથથી પણ પીઠપર એક બે મોહોરો ઉઠીછે, હજાર મોહોરો તો તમારા બન્નેના હાથથી પણ કદી મને મળી નથી, અને તેની હું જો હવે પાછી આપું તો તમે લેશો કે ?

સુ૦ગાં૦—શેઠાણીની મોહોર, ગુલામ કોણ રે તારી શેઠાણી?

પુ૦મલિ૦—મહારાજ! આપનાંજ પત્ની જે માધવબાગમાં રહેછે તે મારાં શેઠાણી, તે આપની ભોજન સારૂ આવવાની વાટ જુવેછે, અને ભૂખ્યાં બેશી રહ્યાં છે, તેમણે આપને હાથ જોડી કહ્યુંછે કે, એક વાર જમવા આવો.

સુ૦ગાં૦—લુચ્ચા ગુલામ આટલું, તને મોં બંધ કરવા કહું છું, પણ જીભ લાંબી કરી બોલેછે, આ જો લે વધારે. (મારેછે.)

પુ૦મલી૦—મહારાજ! આ શું! હાથ બંધ કરો, ના રે બાપ! એમને બોલાવવા આવવું તે કરતાં નાશી જવું એ સારૂં. (જતો રહેછે).

સુ૦ ગાં૦—ખચિત કંઇપણ થયુંને! આ મૂર્ખ પાસેથી મારા દ્રવ્યનું કોઇએ હરણ કરી લીધું. હું પ્રથમથીજ સાંભળતો હતો કે આ શેહેરમાં લુચ્ચાઈ અને જાદુના ખેલ ઘણા થાયછે, જોતજોતામાં ગજવાં કાપે છે, અને શરીર ઉપરનું સર્વ ખુંચાવી લેછે, નજરે માણસ ગાંડાં કરેછે, સ્વરૂપવાન હોય તેને કદરૂપાં કરી નાખેછે, માણસોનાં પક્ષી કરી પાંજરામાં રાખેછે, કૂતરા કરી સાથે ફેરવેછે, એવા હજાર વેશ અને હજાર ઢોંગ કરીને લોકોને ફસાવેછે; સારાંશ અહીંના લોક કોઇપણ કર્મ કરવા અચકાશે એમ નથી, તો આપણે અહીંથી જલદી નાશી જવું એજ ઠીક. પણ પહેલાં દત્તમંદિરમાં

જઈ આ ગુલામનો પત્તો લગાડવો જોઈએ, મને તો મારી મોહોરોની આશા દેખાતી નથી, જે હોય તે ખરૂં.(જાયછે.)

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—સુગુણચંદ્ર મહિયાર નગરવાળાના ઘર સામેનો રસ્તો. (પલ્લવલતિકા અને સૌંદર્યલહરી આવેછે).

પલ્લવલતિકા—હજુ સુધી ઘેર આવવું થતું નથી, મુંવા પુલીંદને કયારનોએ મોકલ્યોછે; કહ્યું દોડતો જા, અને તારા શેઠને તેડી લાવ્ય. તે પણ ત્યાંજ રહ્યો, બ્હેન સૌંદર્યલહરી એક તો વાગ્યો હશે કેમ ?

સૌંદર્યલહરી—કદાશ કોઈ વ્યાપારી આવ્યો હશે, અથવા બજારમાંથી કોઈ જમવા તેડી ગયું હશે, કોને ખબર બાઈ, ચાલ્ય,આપણે હવે જઈને જમિયે, અમથાં તેમની પર શું કરવા કડકડવું, પુરૂષના સર્વ વિચાર જૂદા હોયછે, તેમને વખત સંભાળવો પડેછે, તેમને વખત જણાયતો આવે, નહીતો નાએ આવે, બારે બાઈરે ! આપણે તો સ્વસ્થ રહેવું તેજ ઠીક.

પલ્લવલતિકા— કેમ બ્હેન ! અમારા કરતાં તેમનેજ શું કરવા વિશેષ છૂટ હોવી જોઈએ ?

સૌંદર્યલહરી—તેનું કારણ એવું છે, જો, તેમનું કામ ઘરનું નથી, તેમને બહાર ચાર માણસમાં વર્તવું પડેછે.

પલ્લવલતિકા—પણ જો, હું એકાદ વખત તેવી વર્તું તો તે માત્ર પોતાને સહન થતું નથી; તુરતજ મરજી બગડે છે.

સૌંદર્યલહરી—બાઈરે ! આપણે પુરૂષની મરજી પ્રમાણે વર્ત્તવું તેમાંજ આપણું ભૂષણ સમજવું,

પલ્લવલતિકા— કોઈ તેની ચાલનાર હશે, તે ચાલશે, અહીં શું ગાય બકરી છિયે કે કેમ? કે તે કહેશે તેમ બાંધેલી રહેશે? મર્યાદા મર્યાદા એટલે કયાં સુધી ?

સૌંદર્યલહરી—આ શું કહેછે વારૂં ? બાઇ! ઉદ્ધતપણું કરી કોઈ પણ સુખી થયું છે, થાયછે કે થશે! એમ તારી ખાત્રી છે? વિચાર કર, એટલે તું જાણીશ કે, મર્યાદા રહિત કંઇ પણ પરમેશ્વરે પેદા કર્યું છે કે? મનુષ્યપ્રાણી તો શું! પણ દીર્ઘ વિચાર કરી જોતાં ભૂચર, ખગ્ચર, અને જળચર પ્રાણીઓ પણ પોતપોતાના પતિ કિંવા કોઇ પણ અન્ય વસ્તુની મર્યાદા અર્થાત્ આધિનતા પાળે છે. દરેક ઠેકાણે સ્ત્રીલિંગ પ્રાણી પર પુલિંગની સત્તા છેજ. પરમેશ્વરે તેમના શરીરમાં શક્તિ અધિક કેમ મૂકી છે; તેમની ધારણા અને વિચાર એ આપણા કરતાં વિશેષ નથી કે તે જે કામ કરે છે તે આપણને કરવા કહેશે તો થશે?

પલ્લવલતિકા—વાહ ! ! અમારી સૌંદર્યલહરી બ્હેને આજ તદન દાખલા સાથે વાત કહીને શું ! એની ઉ

પર કોઇ કાંઇ બોલેજ નહીં! બૈરાંને બન્ને તરફથી દુઃખ, તેમને તાળાંકુંચીમાં પૂરી બેસાડવાં, અને કહેવું કે પુરૂષ પ્રમાણે તેમનાથી બહારનું કામ થવાનું નથી, બૈરાંઓને કોઇ સાથે બોલવું હોય તો, પ્રથમ ચારે દિશાએ નજર નાખવી અને પછી કંઈ એકાદ અક્ષર મોંમાંથી કાઢવો. પુરૂષોને તે-પ્રમાણે ચાલવા દ્યો, પછી તેમની જાસ્તી અક્કલ અને જાસ્તી શક્તિ કયાં રહે છે તે જોઇએ. સૌંદર્યલહરી તને ખબર નથી, મારો નાનોભાઈ સુરશેન સાત વર્ષનો થયો નહોતો, એ-ટલામાંજ તેને તીરકામઠું, પટા રમતાં શીખવવું, રોજ ઘોડા પર બેશી દોડવું, સાથે કદી મેહેલમાં અને રાજાની સ-ભામાં જવું, તેને બજારમાં લઇ જવો, ઝવેર દેખાડવું; અને જોયો હોયની તો તે મારા કરતાં પણ સકુમાર છે, અને અમારા કરમમાં કંઈ ખોટું ઘર માંડવું, કુલડીવતી કૂવામાંથી પાણી કહાડવું. અને વળી નહીં તો ઢીંગલાઢીંગલીનાં લગ્ન કરવાં, થયું. એવામાંજ બધો વખત ગુમાવવાનો પછી તેમ-ના જેવું શીરીતે શીખાય! ?

સૌંદર્યલહરી—બ્હેન પલ્લવલતિકા! એવું તું ના ક-હીશ, તું જાણે છે કે, બૈરાંને બહારનાં કામ કરવા દેતા નથી, તેથી તેમનાથી તે થતાં નથી; વારૂં ત્યારે, તું આમ જો. આપણને એ-ક ઘરમાં બેશી નાજુકપણું આવે છે, અને ચાકરમાણસો હોય છે, તેથી કામ કરવાની ટેવ હોતી નથી, પણ ગરીબલોક તેમજ ખેડૂત લોક, તેમની તો બૈરીઓ પુરૂષની સાથે નાનપણથીજ બહારનું કામ કરે છેને? પછી તેમનેકેમ પુરૂષપ્રમાણે બળ નથી

પુરૂષ શિવાય બૈરાંનું ચાલનાર નથી બાઈ, પુરૂષના ધર્મ પુરૂષને, અને બૈરાંના બૈરાંને, પુરૂષોએ પોતાના સામર્થ્યે બૈરાંઓને સંભાળવાં, અને બૈરાંઓએ પોતાના ગુણથી પુરૂષને સુખ આપવું, એવોજ ઈશ્વરીનિયમ છે; માટે પોતાની હઠ ધરીને અહીં શું ઉપયોગ, તેસારૂ તને કહું છું કે, આપણે આપણી મરજી પુરૂષનાજ સ્વાધીનમાં રાખવી જોઈએ.

પલ્લવલતિકા—તને બ્રહ્મજ્ઞાન કહેતાં ઠીક આવડે છે, પણ એજ ગુલામગીરિની ધાસ્તિથી તેં હજુ લગ્ન કર્યું નથી.

સૌંદર્યલહરી—તેથી નહીં રે બ્હેન ! પણ એક વાર લગ્ન થયું, એટલે બીજી કેટલીક ખટપટ પછવાડે ઊભી થાયછે મારા વિષે ઘણાં તરફથી માગણી નથી થઈ કે ? પણ મેં માજી પાસેથી એટલું તો માગી લીધું છે કે, હમણાં કાંઈ કબૂલ કરવું નહીં.

પલ્લવલતિકા—પણ એક વાર લગ્ન થયું એટલે એવોજ ધણીનો ત્રાસ સહન કરવો પડશે.

સૌંદર્યલહરી—તેવી વખત આવતાં પહેલાં પતિની પ્રીતિ કેમ સંપાદન કરવી, તે હુંજ સારી રીતે શાખી લઈશ.,

પલ્લવલતિકા—વારૂ ! સમજ કે તારૂં લગ્ન થયું અને ધણી આવીજ રીતે વખત એવંખત આવવા લાગ્યા, તો શું કરીશ ?

સૌંદર્યલહરિ—શું કરીશ શું !! તેમના સહવાસમાં રહેવાથી તેમનું અંતઃકરણ કેવી રીતે પ્રફુલ્લિત થાય છે,

તેવા પ્રકારની નાનાવિધી ચિત્તાકર્ષક ક્રિઆઓ કરી બનતા પ્રયત્ને પ્રીતિ સંપાદન કરીશ, કે જેથી ભાગ્યેજ તે મારાથી વિમૂખ રહેવા ચહાશે. અને તેમ છતાં કદી તેવો વખત આવ્યો તો તેમને માટે ચકોરપક્ષીની સ્થિતિ ગ્રહણ કરી રહા જોતી બેશીશ.

પલ્લવલતિકા—સત્ય છે બ્હેન, અનુભવ નથી ત્યાં સુધીજ આ વાતો, પોતાનો જીવ વલખાં મારેછે કે નહીં? તેની બીજાને શું ખબર પડે, કદી સહન ન થાય, અને બોલવા જાઉં, કે ખાલી ભાગવત ઘણુંજ, પણ પ્રસંગ આવે મારા જેટલુ ધૈર્ય રહેવું મુશ્કેલ! બ્હેન, તને હજુ પ્રસંગ નથી, અને એવા એકાદ સ્વચ્છંદી પુરૂષ સાથે દોરી ન બંધાય, પણ બંધાઈજ તો પછી બીજાને કહેવાનું તારૂં બ્રહ્મજ્ઞાન કહીં રહેછે, તે હુંજ જોઈશ.

સૌંદર્યલહરી—વારૂં કદી પણ મારૂં લગ્ન થશેજ. સારો જન્મ આવોજ કાઢવાનો નથી, અને અનુભવ આવે —(એવામાં પુલીંદ આવેછે તેને જોઈ) બાઈ! આ જો આવ્યો એક વાર પુલીંદ, હવે બનેવી સાહેબ વહેલાજ આવશે. (પુ૦ મલ્લિહ૦ આવેછે.)

પલ્લવલતિકા—કેમ રે, પુલીંદ! મુલાકાત થઈ હતી કે?

પુલીંદ૦મલ્લિહ—મુલાકાત એટલે ખરીજ મુલાકાત થઈ હતી, કાંઈ બાકી રહ્યું નથી.

પલ્લવલતિકા—અરે ! પણ કહ્યું શું ? આજ શું મનમાં આવ્યું છે ?

પુ૦મલ્લિહ૦—મનમાં શું આવ્યું છે, તે મારા લમણા ઉપર કહ્યું છે, જુવો ! આજ સુધી આવો હાથ કદી ખબર થયો નહોતો બાપજી. (લમણો દેખાડેછે).

પલ્લ૦—એટલે શું ! તને કાંઈ ખબર ના પડી કે, કેમ ? વિચાર શો છે, તે તું પૂરતું સમજ્યો નહીં, હું જાણું છું.

પુ૦મલ્લિહ૦—સમજ્યો, બાઈસાહેબ, સારી રીતે સમજ્યો. હવે વધારે સમજવા જરૂર નથી; આજ સારી ખાસી ખાત્રી થઈ, પણ સમજ્યો કહું તો સમજાતું પણ નથી, એનો શું અર્થ હશે કોણ જાણે ? ! !

પલ્લ૦—હવે તે સર્વ રહેવા દે, મને એકજ કહે, ઘેર આવવું થાય છે કે નહીં ? ઘરની કાળજી તો બહુજ હશે ! !

પુ૦મલ્લિહ૦—બાઈસાહેબ ! શું કહું, મને લાગે છે કે, ખચિત્, તેમણે ભાડ ખાધી હશે !

પલ્લ૦—કેમ રે મુવા શું બોલ્યો ?

પુ૦મલ્લિહ૦—નહીં કંઈ ભાંગ ખાધી હશે, કેમકે જુવો —મેં કહ્યું ઘેર જમવા ચાલો, તો પોતે કહે છે, મારી હજાર મોહોરોની ગાંસડી કયાં છે. મેં કહ્યું ,સાહેબ, ભોજનની વખત થઈ, ત્યારે તે કહે છે, મારી મોહોરો કયાં ગઈ, મેં કહ્યું, રસોઈ થંડી થાય છે, તે કહેછે, મોહોરોનું શું થયુ. ઘેર આવવું છે કે નહીં ? એવું મેં પૂછ્યું તોએ તેમની તો મોહોરોજ. લુચ્ચા, ચોર, હરામખોર મારી મોહોરો કોને આપી;

એવુંજ કહે છે, મેં કહ્યું મારી શેઠાણી વાટ જુવે છે, ત્યારે તેમણે કહ્યું જવા દે, તે તારી શેઠાણીને મસાણમાં; કંઈની શેઠાણી લેઈ બેઠો છું, એવીજ બડબડ કરતા હતા.

સૌ૦—કોણ ?

પુ૦મલ્લિહ૦—મારા શેઠ મહારાજ ! વળી બીજું કોણ. કહેછે કે હું ઘર જાણતો નથી, બૈરી જાણતો નથી, અને શેઠાણી કોણ ? તે પણ જાણતો નથી. ત્યારે મેં તમારી હકીકત મોઢે લઈ જઈ પીઠ પર પાછી આણી, આ જુવો કેવો માર ખાવો પડયો છે તે, (પીઠ દેખાડે છે.)

પલ્લ૦—ભાઈ ફરીથી જા જો, અને તેમને એક વાર અહીં લઈ આવ.

પુ૦મલ્લિહ૦—ફરી જઉં ! અને મારી પીઠ સરસ રંગાવી લઉં, બાઈ મને બીજું ગમે તે કામ કહો, પણ એ ના કહેશો.

પલ્લ૦—ચાલ જા મુંવા, વહેલો, નહીં તો તમાચો મારીશ જો.

પુ૦મલ્લિહ૦--આ ઠીક ! આણી તરફથી શેઠાણી સાહેબ મોં રંગે, અને તેણી તરફથી શેઠ સાહેબ પીઠ રંગે, એટલે મારી આ બન્નેના હાથથી રંગરેલજ થવાની.

પલ્લવલતિકા—મુંવો, બક બકે કરતોજ ઊભો રહ્યોછે.

પુ૦ મલ્લિહ૦—જાઉં છું બાઈ, અહીંથી ધૂકીનો માર, અને ત્યાંથી લાતોનો માર,'(જતોરહેછે ')

સૌંદર્યલહરી—આ આમ શું કરેછે બ્હેન ! એટલું બધું શું લાલ થઈજવું; અને આવડો શો ક્રોધ કરવો.

પલ્લ૦—તેમણે ગમે તેવી મોજ કરવી, અને અમે અહીં; પ્રભુ એક પણ મીઠું વચન મળશે કે! જાણી તડફડતાં બેસવું, શું હું આજજ વૃદ્ધ થઇ કે, મારે ગાલે કરચલી પડી, બળી કાળજી કાળજીએ થઇતો ખરી આવી, પણ એ કાળજી કોને સારૂં, મારૂં બોલવું પણ બિલકુલ ગમતું નથી કેમ ? જો તે પ્રિય લાગતું ન હોય, તો તેનો દોષ કોના ઉપર, સૂર્યનોજ જો ઉદય ન થાય, તો કમળ કેમ પ્રફુલ્લિત થશે બજાર કોઈ ચટકી મટકી કરનારી નજરે પડતી હશે, તેથી જીવ તેમાં ગુંચવાતો હશે, આપણું જોર કેટલું. ચઢી પઢી પુરૂષના હાથમાં, મળે તે પહેરવું ઓઢવું, અને આપે તે શરીરે ધાલવું. તેમાંથીએ હું આ પહેરીશ, અને પેલું ઓઢીશ એવી લોકની બૈરીઓ પ્રમાણે હઠ કયાં લઈ બેસું છું. તું પણ બ્હેન જોતી નથી કે ! આ મારી કેવી દશા થઇછે તે, તેથી જરા પણ કોઈને દયા આવેછે કે ? આપણે હૈયામાં રડીએ, અને કોઈ વાર રડતાં જુવે તો તેટલુંજ નિમિત્ત મૂકી આંખ લાલ કરે; એવું હમણા ચાલ્યું છે.

સૌં૦—આ શું આ ! ફોકટ પોતેજ પોતાના જીવને ત્રાસ દેવો, બાઈ આ તારો સ્વભાવ તું મૂકીદે.

પલ્લ૦—કોઈ એવી ગાંડી ઘેલુલી હોત, તો માત્ર તેને એવું ના સમજાત; પણ હું આજ ઘણા દિવસથી જોઉંછું. કટાક્ષ ચંચળ થયાંછે, મન કંઈ પણ બહાર ભમેછે, નહીંતો

ઘેર આવવાની વખત પર ના આવત કે ? બ્હેન તને ખબર છેને, મારે સારૂજ કંઠો કરાવવા આપ્યોછે, એમ કહેછે તે; થયો હશે તે કંઠો. અને પડયો પણ હશે કોઇના ગળામાં કયારનોએ; અહીં શું ! થોડીજ કોઇની મરજીઓ મેળવવી છે ! હું મરીશ ત્યાંસુધી આમજ રડી રડીને મરવાની છું.

સૈ — (તેના આંખ લૂછે છે) પલ્લવલતિકા ! શું આ દિવાનાપણું, આજ કાંઇ તારી આગળ બોલવાનો ઈલાજ રહ્યો નથી, બ્હેન ! ચાલ્ય ઊઠ ઘરમાં જઈએ, અહીં બેશીને તારૂં આવુંજ ચાલવાનું (જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—માધવબાગના સામેનો રસ્તો.

(સુગુણચંદ્ર ગાંધારપટ્ટનવાળો આવેછે.)

સુ. ગાં.—પુલીંદને આપેલી મોહોરો તો ઉતારામાં સુખરૂપ મૂકેલી મળી. ગલામ સાવધ ખરો, જ્યાં ત્યાં બંદોબસ્ત કરી મને શોધવા સારૂ ફર્યા કરે છે. પણ એ શું ! ઉતારાપરના લોકોના કહેવા પરથી, અને આપણે પણ પોતાનો વખત જોઇએ તો, પ્રથમજ જ્યારે બજારમાંથી પુલીંદને ઘેર મોકલ્યો, ત્યારથી તેનો અને મારો મેળાપજ થવો નાજોઈએ. આવ્યો પણ તેજ આવ્યો, (એટલામાં પુલીંદ ગાંધારપટ્ટનવાળો આવેછે) કેમ છે, હવે તો સારા શુદ્ધિમાં છોને ? કે વળી કંઈ મશ્કરી કરવી છે, ગલામ તને શું દત્તમંદિરવાળો ઉતારો ખબર નહોતો, તને મોહોરો

આપેલી ખબર નહોતી નહીં, તારી શેઠાણીએ મને જમવા બોલાવ્યો હતો, અને મારૂં ઘર માધવબાગમાં, તું ગાંડો તો થયો નહોતોને? તો તે વખત બડબડ શાની કરતો હતો?

પુ૦ગાં૦—શાની બડબડ મહારાજ, હું એક શબ્દ પણ તમારી સાથે બોલ્યોછું કે?

સુ૦ગાં૦—પાંચ મિનિટ પણ થઈ નહીં હોય, આ અહીં બજારમાંજ.

પુ૦ગાં૦—તે વખત તમેજ મને મોહોરોની થેલી આપી, અને કહ્યું કે મંદિરમાં આપણે ઉતારે લઇજા, તે વખતથી હું તમને મળ્યોજ ક્યારે, અને બોલ્યો ક્યારે?

સુ૦ગાં૦—લુચ્ચા! મને ત્યારે મોહોરોનો પત્તા પણ લાગવા દેતો નહોતો, કંઈની એક શેઠાણી લાવ્યો હતો, અને જમવાનું લઈ બેઠો હતો, પછી મને ઘણોજ સંતાપ ચઢ્યો અને તેની તને ખૂબ યાદગીરી રહી હશે.

પુ૦ગાં૦—વાહ મહારાજ! આજ આપની તબિયત ખૂબ ખૂશઅક્તિમાં દેખાયછે, આજ આટલો રસ કેમ ટપકેછે?

સુ૦ગાં૦—કેમ પાછો નાક ઉંચું કરી બોલવા લાગ્યો કે! તે વખતનું પૈટ નહીં ભરાયું હોય, કેમ, શું હું મજાક કરૂં છું નહીં? મજાક દેખાડું કે ફરી, એકવાર! આં! આ લે મજાગ, અને આવો રસ ટપકેછે. (તેને મારેછે)

પુ૦ગાં૦—અરે બાપ રે! આ શું બાઈસાહેબ, હું હવે

મશ્કરી કરનાર નથી, મહારાજ આ શું ! આનું કંઇ નામ પણ ?

સુ૦ગાં૦--હું પોતે તારી સાથે નરમાશથી બોલુ છું, અને મશ્કરીમાં એકાદ વખત આડાકાન કરૂં છું, તેથી તું શું માથે ચઢવા જાય છે, તારા ટોળને વખત કવખત બિલકુલ નથી. અરે ! કમળ પ્રફુલ્લિત હોય, તોજ મધુકર ગુંજારવ કરે છે, તેજ જો મ્લાન થાય, તો તે પણ કંઈ ખૂણે ખોચરે જઈ ભરાઈ બેસે, એટલા માટે આપણે પ્રથમ બીજાનો ચેહેરો જોવા, અને તે પ્રમાણે વર્તવું.— હવે જોજે હો, ફરી જો એવું કરીશ, તો માત્ર મોં ભાંગી નાખીશ.

પુ૦ ગાં૦—એવા અમરતાજ મોં ભાગવા માંડયા તો મારે પાંચ પચીશ પણ મોઢાં વેચાતાં લેઇ રાખવાં જોઈએ. અને બબે બગલમાં પણ મારવાં જોઇએ, પણ મહારાજ ! આ આજ મને માર્યો કેમ ? એનું કંઈ કારણ છે ?

સુ૦ગાં૦—તને હજુ સમજ ના પડી ?

પુ૦ગાં૦—માર્યો એટલું માત્ર સમજ્યો, તે ફરીથી પડવા જરૂર નથી.

સુ૦ગાં૦--ત્યારે હજુ કારણ જોઈએ છીએ, અરે ! વખત જોયા શિવાય મજાગ ચલાવી એ એક, અને ના કહ્યા છતાં વધારે કરી તે બીજું.

પુ૦ગાં૦--એટલે ! બન્નેમાંનું કંઈજ નહીં, કંઈ ન

કરતાં બક્ષિસ એવું કદી કાને પણ સાંભળ્યું નહોતું; વાર સાહેબ ! કર્યો તે ઉપકારજ સમજજો.

સુ૦ગાં૦--ઉપકાર એટલે ?

પુ૦ગાં૦—હા ચાકરી શિવાય ભાખરી મળે છે, ત્યારે ઉપકારજ કહેવાયને.

સુ૦ગાં૦--વાર એ પુલીંદ ! ! ચાલ હવે વળી તારી પાસેથી એકાદ વખત ભાખરી શિવાય ચાકરી લઈશ, પછી થયુંને ! હવે કહે જમવાની વખત થઈ છે કે ?

પુ૦ગાં૦—હમણા તો શાક લેઈ જાઉં છું.

સુ૦ગાં૦--શાનું શાક લેછે જોઉં,

પુ૦ગાં૦-- આ કોહોળું.

સુ૦ગાં૦--કેમ રે ! બીજું કાંઇ શાક નહોતું.

પુ૦ગાં૦—હતું. કારેલાં હતાં, ગુવારશિંગ હતી, પણ ઠીક કર્યું કે તે લાવ્યો નહીં; કારણ, પ્રથમજ પીત ઉછળ્યું છે, અને તે વળી જાસ્તી થવાને શું કરવા જોઇએ.

સુ૦ગાં૦--તને હજુ પણ મશ્કરી કરવી સૂઝે છેને, અરે ! કંઈ પણ કરવું હોય તો તે વખત જોઇનેજ કરવું.

પુ૦ગાં૦--હવે બધું એ વખત જોઇનેજ થતું હશે ભૂખ લાગે તો વખત જોઇનેજ જમવું, તરસ લાગે તો વખત જોઇનેજ પાણીપીવું, પેટ દુઃખે તો વખત જોઇનેજ રડવું, અને દવા માગવી હોય તો તે પણ વખત જોઇનેજ માગવી. વાહ ! આ વખત જોઈ સર્વ વાતો કરવાનો ઉપદેશ સર્વએ સર્વ ઠેકાણે ઉપયોગમાં લેવા જેવો છે ! મને લાગે કે રાજાએ

શુ એવીજ દવાઇ ફેરવી હશે કે સધળાઓએ જે વિધિ કરવો તે પણ વખત જોઇનેજ કરવો.

સુ૦ગાં૦—આજ કંઈ તારી સાથે બોલવાનો ઇલાજ શો નથી, ખમ જરા, પેલું જો ત્યાં કોઈ બોલાવે છે, કોણ છે ? ચાલ જોઈએ. (પલ્લવલતિકા તથા સૌંદર્યલહરી આવેછે).

પલ્લ૦—આજ આ માંડયું છે શું ! અને નજર આવી બાવરી કેમ ? આ કપાળે આંટિગો કેમ પડી છે, મ-નની હોંસ પૂરી કરવા કોણ મળી હતી ! તેને છોડી આવવું ઘણું કઠણ પડયું હશે ! હું જાણે કંઇ કોઇજ નથી મોઇ ! પછવાડેનાં બધાંએ ભૂલી જવાયાં, નહીં તો મારા શિવાય એક ઘડીભર ચેન પડતું નહોતું, ઘડીભર કંઈ જરા પાસેથી દૂર થઉં તો જીવ તળેઉપર થતો હતો, હું જરા બોલી ના હોઉં તો ખુશામતો થતી હતી, પીરસવા ના હોઉં તો પેટ ભરાતું નહોતું, અને હવે તે સર્વ ફરીગયું, આવી કૃતિએ, મને તો ઓળખવાને પણ પંચાત પડવા માંડી, કેમકે મઇ વાતની કંઈ પણ નિશાની રહી નહીં, તો ઓળખવા શા ઉપ-રથી; આતો એક બ્રહ્મદેવે ગાંઠો બાંધી છે, માટે કહેવાનું કે. ફલાણીનો ફલાણો, ને અમકડાની અમકડી, પણ એ ગાંઠો જનમની છે. બાળવા જઇશું તો બળવાની નથી, અને તો-ડવા જઈશું તો તૂટવાની પણ નથી, તોએ તે મન પર લેછે કોણ ? ઠીકજ છે, પુરૂષોને સર્વ વાતોની છૂટ છે, બૈરાંઓએ બળ્યું કાંઇ આમ તેમ જરા જોયું કે થયું—પછી સર્વ મા-ણસો તેને કરડી ખાયછે, તેનું તો નશિબ ફૂટેલુંજ, પણ તે

બન્ને કૂળને લાંછન લગાડેછે, અને ધણીને તો મોં બહાર કહાડવા દેતી નથી, તેની ચરચા આખા ગામમાં થાયછે, અને જ્યારે આમ નહીં, તેમ નહીં, અંદર નહીં, બહાર નહીં, એવું થાયછે. ત્યારે તેને ધરતી માગ આપે ને સમાઇ જઈએ તો ઘણું સારૂં. પુરૂષોએ કાંઇ પણ કર્યું તો તે પુરૂષાર્થજ. સારાંશ, આ જગ પુરૂષોનું છે, એ વાત ખરી અમે પોતાના મનમાં માત્ર તરફડીએ, તે સાંભળે કોણ ?

સુ૦ ગાં૦—બાઈ ! તમે આ શબ્દો મનેજ કહોછો કે ? મારૂં ને તમારૂં તો ઓળખાણુ પણુ નથી અને મને, આ તમારા મલ્હિયારનગરમાં આવ્યાને હજુ ચાર ઘડી પણ થઈ નથી, મેં તમારૂં સર્વે બોલવું સાંભળ્યું, પણુ તેમાંનો એકે શબ્દ મારા સમજવામાં આવ્યો નહીં, ત્યારે તે શું હશે ? કોણુ જાણે ! ! !

સૌં૦—સુગુણુચંદ્રજી ! આવું બોલવું તમને શોભે છે શું ? હજુ સુધી મારી બ્હેનને એવું કદી બોલ્યા નહોતા, એણે બિચારીએ બેવાર પુલીંદ સાથે આપને કહાવ્યું.

સુ૦ ગાં૦—પુલીંદ સાથે ?

પુ૦ ગાં૦—મારીજ સાથે ?

પલ્લ૦—હા, હા, તારીજ, અને મુંવા તેંજ નહીં કે મને આવીને કહ્યું કે ? મને ત્યાંથી માર પડયો, અને ઘર એ ખબર નથી, અને બૈરી પણ ખબર નથી એમ કહ્યું તે.

સુ૦ ગાં૦—કેમરે, તારૂં આ બાઇઓ સાથે એકંદ-રીતમાં ભાષણુ થયું હતું, આ શું તમારી મસલત હશે-

પુ૦ ગાં૦--મેં તો મહારાજ ! એમને આખા જ-ન્મમાં કદી જોયાં નથી. હમણાં જોઉં છું એટલુંજ.

સુ૦ ગાં૦--ગુલામ ખોટું બોલે છે કે ? એજ તે-મના શબ્દ તેં તે વખતે મને બજારમાં આવી કહ્યા હતા.

પુ૦ ગાં૦—મહારાજ ! હું કદી તેમની સાથે એક પણ શબ્દ બોલ્યો નથી.

સુ૦ ગાં૦—તો પછી એઓએ આપણાં નામ કેમ જાણ્યાં .એઓ કાંઈ અંતરસાક્ષી છે ?

પદ્મિ૦—આ હવે અમને બદલો મળે છે કેમ ? હું કંઈ જરા ખોટું લાગ્યું તેથી બે અક્ષર બોલવા ગઈ. વાહ ચાકર પણ ખરો સાથીદાર મળ્યો છે, મારી બધી ભૂલ થઈ હશે. પણ હવે કેમ દુઃખ પર ડામ ઘો છો ! બૈરા ગમે તેટલું બો-લે ને ગુસ્સે થાય, પણ કહ્યું છેને--કે ખિસકોલીની દોડ ઝાડ સૂધી; આખરે નાક ઘસતાં આવવું પડે છે અમારેજ, કાંઇ મનમાં આવે તોપણ કોઇ બોલવાને કે રીસાવવાને છે કે ? ચાલો ઘરમાં, હું પગ ધોવા પાણી આપું છું, જુવો ? વારૂં, આજ આ કેવી તમારી અવસ્થા થઈ છે.

સુ૦ ગાં. (મનમાં) બોલે છે તો એ મનેજ, કંઈ સ્વપ્નમાં તો એની સાથે .મારૂં લગ્ન થયું નહીં હશે ને? હું ઉંઘમાં છું, કે મને કાનં આંખ પણ છે કે નહીં? કદાશ ભ્રમ હોય, તો તે પણ પક્કો સમજવો જોઈએ. ખેર ! .હવે આ અનાયાસે આવેલું છોડવું નહીં.

સૌંદર્ય૦— પુલીંદ ! ઘરમાં જા, અને થાળીઓ પીરસવાની તૈયારી કરવા કહે.

પુ૦ ગાં.—રામ ! રામ ! રામ ! રામ રામ ! આપણા કાનમાં તુલશીપત્ર. અલા બલા રોગ રાઇ છુ ! રામ, રામ, રામ, શું હશે કોણ જાણે, આપણે કોની સાથે બોલીએ છીએ ? તેનાં નામ પણ ના જોઈએ, પણ તેમણે કહ્યું તે કરવું જોઇએ ! નહીં તો એ પેટમાંનું કાળજું કાપશે, અગર ચુંદી ચટણી કરશે, કિંવા બાળી ખાખ કરશે.

સૌંદર્ય૦—કેમરે મુવા ! પોતાના મન સાથે બડ બડ શાની કરે છે ? પુલીંદ, અરે એ ગધેડા !

પુ૦ ગાં૦—મહારાજ હું અહીંજ છું કેમ ?

સુ૦ ગાં૦—તું અહીં છું પણ તારી અક્કલ માત્ર અહીં નથી. જ્યાં મારી ત્યાંજ તારી.

પુ૦ ગાં૦—પણ હું હજુ માણુસમાંજ છું ને ?

સુ૦ ગાં૦—શરીરથી દેખાય છે ખરો,

પુ૦ ગાં૦—મને લાગે છે, કે હું વાંદર બન્યોછું.

સુ૦ ગાં૦—કદાચિત્ત બન્યો હોઈશ ! તો ગધેડો બન્યો હોઇશ.

પુ૦ ગાં૦— એ માત્ર ખરૂં ! જુવો, આ કેવા ગધેડા પર બેશી તેના લાંબા લાંબા કાન હાથમાં ઝાલી ઘણીજ ગમ્મતથી તેમને નચાવતા આવ્યા છે.

પલ્લ૦—ઘણું થયું હવે, હું ભરી પામી હો, હવે

આંખમાં આંગળી ઘાલી રડી દેખાડવાનુંજ બાકી રહ્યું છે, તમે પોતે ધણી-ચાકર એક થયા, અને મારીજ માત્ર શોભા કરોછો; આવો હવે એક વાર જમવાને. પુલીંદ દરવાજો બંધ કર, પોતે પાટલા પર બેસે, એટલે હું પીરસવાનું લેઉં, પુલીંદ ! દરવાજા પાસે બેશ અને બહારથી કોઈ હાંક મારે તો જમવા બેઠા છે, એમ કહેજે. કોઇને અંદર આવવા દેઇશ નહીં, સમજ્યો ! બ્હેન, ચાલ હવે. પુલીંદ જો જે બરાબર.

સુ૦ ગાં૦—(મનમાં) હું આજ કયાં છું, સ્વર્ગમાં, કે પાતાળમાં, ઉંઘું છું, કે જાગું છું, શું આ ! એમને મારૂં ઓળખાણ છે ! અને મનેજ મારૂં ઓળખાણ નથી ! શો ચમત્કાર આ ! હવે એઓ કહે તેવુંજ બોલવું ! અને આપણને દેખાતું નથી, તો તેમનોજ હાથ ઝાલી ચાલવું.

પુ૦ ગાં૦—મહારાજ ! હું અહીંજ બારણું સાચવવાને બેસું ને !

પલ્લ૦—હા, હા, એક વાર કહ્યું ને, ખબરદાર કોઇને અંદર આવવા દેઈશનહીં, નહીંતો તાળકુજ ફૂટશે.

સૌં૦—બનેવી સાહેબ ! ચાલો હજુ પણ વાર નથી થઇકે.

(સર્વ જાયછે.)

અંક ૨. જો સમાપ્ત.

આંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—માધવબાગ (સુગુણચંદ્ર મલ્હિયાર નગરવાળો, પુલીંદ મલ્હિયાર નગરવાળો વર્ધમાન, અને દર્પપરિહારક, આવે છે.)

સુ૦ મલ્હિ૦—દર્પપરિહારકજી ! આજ જરા અમારી બાજુ સંભાળજો હો. નહીંતો ઘરમાં જઈશ, એટલે મારા માથાપર વાળ રહેવાના નથી, ઘેર આવવા મને કદી વાર થાય કે, તે તરફની તબિયત બગડે છે; હું તમારી દુકાને તેનો કંઠો જલ્દી થવા સારૂ બેઠો હતો, એમ કહેજો અને હવે આપવાનું જ બાકી રહ્યું છે, એવું પણ કહેજો; પણ આ જોગો ગુલામ સાથે છે તે, એ નહીંતો લાગલું જ નીચું મોં કરાવશે. લુચ્ચો મને કહેછે કે—હું એને બજારમાં મળ્યો, અને એને મેં માર્યો, અને વળી હજાર મોહોરો લીધી, એવું બોલ્યો, શુ બેટાજી ભાંગ બાંગતો પીધી નહોતીને ?

પુ૦મલ્હિ૦—મહારાજ ! હવે કંઈ પણ કહો, જે કંઈ થયું, તે એક તમને ખબર, કે એક મને ખબર; સાક્ષી કોણ, તો બેજ—તમારો હાથ ને મારી પીઠ,

સુ૦મલ્હિ૦—તુશું ગધેડો તો નથીજને?

પુ૦મલ્હિ૦—મને પણ એમજ લાગે છે, જુવો નૂહીં-

તો અમથુંજ કે એટલું સહન કરી લીધું હોત। પણ જુવો,ગધેડાને આપણે લાતો મારીએ તો તે પણ તુરતજ પીઠઝાડી લાતો મારવા માંડેછે; તેથી ગધેડા પાસે કોઈ ઊભા રહેતા નથી.

સુ૦મલિહ૦—વર્ધમાનશેઠ! આજ મેં તમને ઘણોજ શ્રમ આપ્યો છે. અને વાર પણ ઘણીજ થઈ, ખેર! હવે ઘરમાં જઈશું એટલે કાંઈજ વાર નથી; પણ જે હોય તે માન્ય કરીલેશો, એટલુંજ હું આપની પાસે માગું છું.

વર્ધમાન૦—જમવાનેજ સારૂં મળ્યું એટલે સારૂં એમ નથી, પણ સર્વ અગત્યનું છે.

સુ૦મલ્હી૦—અમે થાળીમાં ફક્ત બાવટાના રોટલા મૂકયા, અને પછી અગત્ય બતાવી મોટી મોટી વાતો કહી, તેનો ઉપયોગ શું ?

વર્ધ૦—પૈસો હશે, તો કોઈ પણ પકવાન કરશે.

સુ૦મલિહ૦—મોઢે રૂપિએ મણ સાકર મળેછે, એમ જાણી ખોટી અગત્ય બતાવવાને તો કાંઈ પણ ખર્ચ થતો નથી, મોં હલાવ્યું એટલે થયું.

વર્ધ૦—તોપણ અગત્ય પુષ્કળ જોઈએ, પછી ખાવા પીવાનું થોડું હોય તોપણ ચિંતા નહીં.

સુ૦મલિહ૦—કોઈ કૃપણ હોય, અને જેને ખરચવા સારૂ ઘણાની જરૂર નહોય. તેને આ બોલવું શોભે; ખેર ! મારે ત્યાંનો ભેત સાંકડોજ હોય તોપણ માન્ય કરી લેશો એટલુંજ કહેવાનું છે. બાકી તો તમને મોટી મોટી

થશે, પણ આવા તનમનની આસ્થાથી બોલાવનાર થોડાજ મળશે—પણ ઊભા રહો, દરવાજાને અંદરથી સાંકળ હશે! ચારે આગળ, દરવાજો ઉઘાડવા કહે.

પુ૦મલ્હિ૦—એ સંપી, ગુરગુડી, ઉકલી, ભાણા, આ ધાણા,

પુ૦ગાં૦—(અંદરથી) ગલેલઠ, લાડુભટ્ટ, ચાલ્યોજા ચટ, કપાળઆપટ, હત તમારાં મોં બળે મુવાઓ, બધા ગામની અલા બલા ભેગી થઈ છે સત્યાનાશિયણ.

પુ૦મલ્હિ૦—કોણ ભૂત બેઠું છે બારણા પાસે? બહાર શેઠ ઊભા છેને!!

પુ૦ગાં૦—(અંદરથી) તેમને કહો, કે આવ્યાહો, તેજ રસ્તે પાછા જાઓ; અમરતાજ કેમ ઊભા ઊભા તરફડો છો, જો જો હો રસ્તો ભૂલો નહીં.

સુ૦મલ્હિ૦—કોણ રે! આ અંદર બોલેછે, ચાલ ઉઘાડ દરવાજો ઝટ,

પુ૦ગાં૦—(અંદરથી) હાં, હાં, શેઠજી! શું કરવા દરવાજો ઉઘાડવાનો, તે પ્રથમ તમે અમને કહો, અને કયારે બારણું ઉઘાડવાનું તે પછી અમે તમને કહીશું.

સુ૦મલ્હિ૦--શું કરવા એટલે રે! જમવાને, હું કંઇ હજુ જમ્યો નથી.

પુ૦ગાં૦—(અંદરથી) આજ અહીં નહીં, બીજે ઠેકાણે સવડ જુવો; વળી એકાદ વખત આ તરફ આવજો સવડ હશે તો જમાડીશું,

સુ૦મહિ૦—તું કોણ છે. રે ? મનેજ મારા ઘરમાં આવવા દેતો નથી.

પુ૦ગાં૦—(અંદરથી) હું ગમે તે છું, પણ આ વખત અહી દરવાજો સંભાળવા બેઠોછું, અને મારૂં નામ પુલીંદ,

પુ૦મહિ૦—હા ! લુચ્ચા માણસ, મારી જગા લીધી, અને નામ પણ તેજ લીધું, હજુ તને સુખ ખબર નથી, પુલીંદ થવા હોંસ હતી, તો તે વખતજ કેમ થયો નહીં, એટલે સમજ્યો હોત—કે એકવાર ગધેડા થવું સારૂં, પણ પુલીંદ થવું સારૂં નથી.

કરીણિ—(અંદરથી) આ તે શું ! આ માંડયું છે. શું ત્યાં પુલીંદાજી ! કોણ બહાર દરવાજાને ધક્કા મારેછે ?

પુ૦મહિ૦—કરીણિ ! મારા શેઠને અંદર આવવા દેને !

કરીણિ—(અંદરથી) ખરૂંજ કે ! આપના શેઠજી સાહેબને કહો કે જાઓ હવે, વખત થઈ ગયો.

પુ૦મહિ૦—શું હવે હસવું કે રડવું, કરીણિ બોલતો હતો હવણાં—કેમ ! અહીંથી કાંઈ કોશ બોશ ધાલું કે !

કરીણિ—(અંદરથી) પછી અહીંથી પણ કાંઇ બીજુંજ મળશે, હો કે ! સમજ્યા કે શું તે ?

પુ૦ગાં૦—(અંદરથી) કરીણિ ! કરીણિજ કે તારૂં નામ ? વાહ ! સારો જવાબ દીધો.

સુ૦મહિ૦—અરે એ બધેડાઓ ! કેમ અમને અંદર આવવા દેવા છે કે નહીં !

કરીણિ—(અંદરથી) હું પણ હમણાં તેજ પૂછતી હતીને ! ! !

પુ૦ગાં૦—(અંદરથી) અને નહીં ઉઘાડું પણ કહેતી હતીને ! ! !

પુ૦મહિ૦—આ કંઈ એમ સાંભળવાના નથી ઉઘાડો, જોજો હો, ઉઘાડેછે કે નહીં હવે ?

સુ૦મહિ૦—લુચ્ચાઓ ! એક વાર મને અંદર આવવાદ્યો !

કરીણિ—(અંદરથી) પણ તમારે કામ કોનું છે ?

પુ૦મહિ૦—મહારાજ !હવે બારણું ફોડવું જોઇએ.

કરીણિ—(અંદરથી) માથું ફોડ મુંવા તારૂં.

સુ૦મહિ૦—જો કદાશ બારણું ફોડવું પડશે, તો માત્ર ખૂબ યાદ રાખજો !

કરીણિ—(અંદરથી)યાદ ખૂબ છે, દરવાજા ફોડેછે તેમને સારૂ ચોત્રા ઉપર હેડ તૈયાર છે.

પલ્લ૦—(અંદરથી) શું છે રે ! કરીણિ, કોણ છે. મુંવા હરામખોર અમરતીજ બારણાપર ધિંગામસ્તી માંડીછે.

પુ૦ગાં૦—(અંદરથી) મને લાગેછે તમારા ગામમાં ચીબાવલાં છોકરાં ઘણાંજ ભર્યા છે.

સુ૦મહિ૦—કોણ એ ! તુજ કે, અને જરા વેહેલી આવી હોત,તો ?

પલ્લ૦— (અંદરથી) કોણ રે આ મુંવો, મને અરે તુંરે કરેછે, ચલ, જા મુંવા અહીંથી.

પુ૦મલિહ૦—મહારાજ! આ કોઈ ગલે લઇ અંદર બેશી ગપ્પો છાંટેછે એની હું પ્રથમથીજ ખબર લેઉંછું.

દર્પપરિહારક—કેમ છે મહારાજ ! અહીંતો આજ ખાવાપીવાનુંએ નથી, અને અગત્ય પણ નથી, બન્નેમાંનુ. એક પણ હોત તો સારૂં થાત.

વર્ધમાન૦—પણ પ્રથમ વાદ ચાલ્યો હતો ત્યારે એક ઉપર સમજુત થતી નહોતી.

પુ૦મલિહ૦—મહારાજ ! તેઓ દરવાજા આગળ ઊભા છે, તેમને આ તરફ આવવા આગ્રહ કરોને એટલે એક આગ્રહ તો થયોજ !!!

સુ૦મલિહ૦—આજ કેણી તરફનો પવન ફર્યો છે, કંઈ સમજાતું નથી.

પુ૦મલિહ૦—પવન ઉંધો ફર્યોછે, કારણ જુવો, અંદર રસોઇ તૈયાર છતાં અમારા મોંમાં પડતી નથી.

સુ૦મલિહ૦—જા રે જા, જોઉં કઇ પણ લેઈ આવ્ય, હું આ બારણું ફોડી નાખ્યા શિવાય હવે રહેનાર નથી.

પુ૦ગાં૦—(અંદરથી) બારણું ફૂટ્યું કે તમારૂં કરમ પણ ફૂટશેજ એ ખબર છેને?

પુ૦ મલિહ૦—આની બકબક સાંભળ્યે કંઇ ઉપયોગ નથી, સપાટામાં આવવો, જોઇએ, ગુલામ બાયડી જેવો અંદર બેઠોછે.

પુ૦ ગાંઠ—(અંદરથી) વખત આવે બહાર પણ આવીશ, અવકાશ હશે તો.

સુ૦ મહિ૦—પુલીંદ, એકાદ કોહોવાડો લેઇ આવ્ય.

વર્ધમાન—સાંભળો, આવું કરવામાં કાંઇજ અર્થ નથી. પોતાની જાંગ ઉઘાડી કરી દેખાડવામાં શું હાંસલ છે? આપણી પત્નીની નિર્દોષ કીર્તિ વિષે આપણેજ આપણા બારણા પર જાહેરખબર ચોટવી એ શાણપણું નહીં, તેની વય, સદ્ગુણ, મર્યાદાપણું, શાણપણું, એ સર્વ ધ્યાનમાં લાવો; અને આજે હમણાં સર્વ વિપરીત પ્રકાર નજરે પડેછે, તે તેની બુદ્ધિને કંઈ યોગ્ય કારણ હોવા શિવાય થતું હશેકે? એનો વિચાર કરો. ચાલો હવે આપણે તારકેશ્વર તરફ જઇએ, ત્યાં આપણી સર્વ યોગ્ય તજવીજ થવા જેવું છે, સંધ્યાકાળે આપ અહીં આવજો, અને આજ આવી બંધી કેમ કરી હતી, તે પૂછી લેજો; હમણા આપણે અહીં જબરજસ્તીનો પ્રકાર કરીશું, તો આખું બજાર દોડતુ આવશે અને પછી બોલનારની જીભ ઝલાવવાની નથી. કુચિષ્ટા કરવા નખ જેટલી જગા મળશે, તો તેટલી ઉપરજ તે પોતાનું ભારત ચલાવશે, અને કંઈ નવી બનાવટ કરી તમારા નામ સાથે મેળવશે; તેથી હું આટલું કહું છું.

સુ૦ મહિ૦—તમારૂ કહેવું યોગ્ય છે, હવે અહીંથી મુંગા થઈ જવું તેજ ઠીક. આ વખતે મન ઠેકાણે નથી, તોપણ તે મોજમાંજ છે, એમ દેખાડવું જોઇએ. આજ એક ઠેકાણે

ગાયન છે, ત્યાંના હાવભાવમાં કંઈ અર્થ નથી. પરંતુ ગાયન માત્ર ખૂબીદાર છે, તેથી જમ્યા પછી ઘડીભર ત્યાંજ બેસવું અહીં જુવો કોઈવાર ઘેર આવું કે, અનેક પ્રકારનું બોલવું સહન કરવું પડેછે. ચાલો આપણે જઇએ, દર્પપરિહારક ! પેલો કંઠો થયો હોય, તો તહીંજ ગાયનના ઠેકાણે લઇ આવજો. તમને ઠેકાણું ખબર તો છેજ. આપણે શું ! જે ઠેકાણે આપણા મનનું સમાધાન થશે, તેનાજ ગળામાં કંઠો નાખવાનો. ઘરમાં પણ શું છે, બીજે ઠેકાણે જઉં તો આવું કોઇ કદી કરે એમ મને ભાસતું નથી.

દર્પપરિહારક—હું આપને તોફાનગલ્લિમાં આવીને મળીશ.

સુ૦ મલ્હિ૦—ઘણું સારૂં. આજ આ મશ્કરી થઇ હશે પણ તેથી કરી મને ઘણુંજ હિનસ્પદ લાગવાનું છે. (સર્વ જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—નાટકશાળાના ઘરનું દિવાનખાનું.

મદનમોહના—દાસી !

દાસી—જી !

મદનમોહના—કાંરે અદ્યાપ બિહારીસિંગ અને બાપુસિંગ ગાંધર્વ આવ્યા નથી કે ?

દાસી—નાજી ! હજી આવ્યાં નથી, પણ આવતાજ હશે. (આ પ્રમાણે વારતા કરેછે તેવામાં બાપુસિંગ, તબલચી તથા બિહારીસિંગ સારંગીવાળો બન્ને આવે૦છે.)

બાપુસિંગ—કેમ બાઇસાહેબ ! આજતો અમારા આવતા પહેલાંજ તૈયાર થયાં દેખાઓછો ?

મદનમોહના—આજે તમને આવતાં નિત્ય નિયમ કરતાં અધિક વેળ થઇછે.

બિહારીસિંગ—હાજી ! આજે અરધોકલાક વાર થવાનું કારણ બાપુસિંગ મારે ત્યાં આવ્યા પછી હું જમી પરવારી અત્રે આવવા તેમની સાથે તૈયાર થયો માટે વિલંબતો અમારોજ થયો છે.

મદનમોહના—કાંઇ ચિંતા નહિ. દાસી ! ગંગાધરને બોલાવ.

દાસી—જી ! (એમ કહી ગંગાધરને તેડી લાવે છે. ગંગાધર પોતાનું વાજુ તપાસે છે તથા નરવાં સારંગી લઇ ગાંધર્વો સુર મેળવે છે તે સુર મળતાં)

બાપુસિંગ—બાઇસાહેબ ! હવે અમારી તો તૈયારી છે, વિલંબ જે થાય તે સર્વે આપનોજ છે.

મદનમોહના—કેમ બિહારીસિંગ શું ગાવું શરૂ કરવું ?

બિહારીસિંગ—બાઇસાહેબની ઇચ્છા.

મદનમોહના—હું તો કાલની નવિન શીખેલી ભેરવીજ ગાવાનો વિચાર કરૂં છું.

બિહારીસિંગ—હાજી ! પણ પહેલીજ ભેરવી કરશો તો તેજ સુર મગજમાં ઠસી જશે, અને પછી બીજો રાગ કરવાને જરા ત્રાસ પડવા જેવું તો ખરૂં !

મદનમોહના—કાંઇ નહીં આપણે તો તાલમમાં ત્રાસ-

દાઇ ચીજજ સાધ્ય કરવાની છે. માટે એજ શરૂ કરૂં છું (એમ કહી ગાવાનો આરંભ કરે છે.)

ભૈરવી.

પ્રીતમને અહીં લાવ, સખીરી, પ્રીતમને અહીં લાવ,
જા તું કહે સખી શું સ્થિતિ મ્હારી, કાંઇ કહી સમજાવ; સખી.
હું હિનભાગી પતિ વિન એની, દુઃખમાંથી મૂકાવ; સખી.
દેહ સુકાયે દિન દિન મારી, જો શું થયો દેખાવ; સખી.
પીત પડયું આ શરીર છે મારૂં, વિરહવ્યથાનો ભાવ. સખી.
જો ન મળે પિયુ તો, પ્રિય એની; કાંઈ કરી પ્રાણ મૂકાવ. સખી.

(ગાયન ચાલતાંજ પુલિંદ૦મલ્લિ૦ આવે છે)

પુલીંદ મલ્લિ૦—બાઇસાહેબ! અમારા શેઠ આવેછે.

મદનમોહના—કોણ સુગુણચંદ્ર શેઠ આવે છે ! (બોલતાં ઊઠી વિંગમાંથી. સુગુણચંદ્રનો હાથ પકડી તેડી લાવી ગાદીઉપર બેસાડે છે.)

સુ૦મલ્લિ૦—(પુલીંદ સામે જોઇ) કેમ પુલિંદ! આપણે પણ સમયાનુસારજ આવી ચઢયા છિયે? આપણી ઈચ્છાનુસાર સર્વ સાહિત્યની તૈયારી જણાય છે.

પુ૦મલ્લિ૦—હાજી! આપની સર્વ ઈચ્છા આજ પર્યંત પરમેશ્વરે પૂર્ણ કરી છે તો આવે ઠેકાણે પણ આપને માટે ચિંતા રાખી શું! આગળથી તૈયારી ન રખાવે?

સુ૦ મહિ૦—કેમ પ્રિય મોહને ! અમારા આવવા-થી શું વિચારમાં મગ્ન છો, ચાલવા ઘો.

મદનમોહના—હાજી ! દાસી આપની આજ્ઞા પાળવા તૈયાર છે, પરંતુ કાંઈ વારતા આપને પૂછવાનોજ વિચાર છે, આજ્ઞા છે?

સુ૦ મહિ૦—હે સુવદને ! મારી સાથે વારતા કરવામાં આજ્ઞાની શું જરૂર છે ? સુખપૂર્વક જે પૂછવું હોય તે પૂછો

મદનમોહના—અન્યતો કાંઈ પૂછવાનું નથી. પણ આજે આપની મુખાકૃતિ જોતાં કાંઈ વિલક્ષણ જણાય છે એનું શું કારણ ?

સુ૦ મહિ૦—અરે પ્રિય ! એ તો સહજ તને એમ ભાસ થતો હશે. હમણાંજ ઘરથી ચાલી આવી અહીં બેઠો છું તેથીજ કાંઇ એમ જણાતું હશે. બાકી એવું કાંઈ અન્ય જાણવાલાયક કારણ નથી.

પુલીંદ **મહિ૦**—ભાઈ સાહેબ ! તમે પૂછો તે વારતા તો ઠીક છે પણ અમારા શેઠનો સ્વભાવ તમને ક્યાં અજાણ્યો છે. કે દુઃખની વારતા દુઃખ મટાડનાર પાસેજ કરે છે.

મદનમોહના—(સાશ્ચર્ય) શું ભાઈ પુલિંદ ! કાંઈ દુઃખની વારતા બની છે ?

સુ૦ મહિ૦—ના રે ! એવું કાંઈ મહાદુઃખ નથી. એ તો સહજ એમ બોલે છે. કાંઇ વ્યાપારિક ચિંતા થતી હતી તેમાંથી મુક્ત થવા તમારી પાસે આવ્યા છીએ માટે હવે તે દૂર થવા કાંઇ ચાલવા ઘો.

પુલીંદ મલ્હિ૦—બાઈ સાહેબ ! હું પણ બીજું શું કહું છું. ઘર વ્યાપારની ચિંતા છે! ઘરમાંથી ગાંડપણ કરી ન પેસવા દેવાથી હજુ ખાધું સરખું નથી.

મદનમોહના--જા રે દાસી! ફરાળનો સામાન જલદી લઈ આવ?

દાસી—જેવો હુકમ. (એમ કહી બે ત્રણ ટાટ લઈ આવે છે. પુલીંદ, અને સુ૦ મલ્હિ૦ નાટકશાળાએ અત્યંત આગ્રહ કરવાથી જમે છે. જમી રહેતાં પાન આપે છે તે ખાઈ બેસતાં)

સુ૦ મલ્હિ૦—પ્રિય મોહને ! તારી સર્વ કૃતિ સાક્ષાત મોહક છે ! ચાલો હવે પૂર્વવત્ કાંઈ ગાવાનો આરંભ કરો.

મદનમોહના—મારા પ્રિયકર હું પણ એટલીજ રાહ જોતી હતી, કે ક્યારે આપની આજ્ઞા થાય કે હું મારૂં કામ શરૂ કરૂં (એમ કહી ગાવાનો આરંભ કરેછે.)

સોરઠ.

રાણા અરજ ઉર તમે ધરજો રે—એ રાહ.

અરે ! પ્રિયકર કાન પધારો રે, મમવિનતિ દિલમાં ધારો.
દીન બની આ દાસી પુકારે, સ્વામી ન કાં તે વિચારો રે.
'મમવિનતિ દિલમાં ધારો ?!
વાટ વિલોકી વ્હાલા તમારી, થાય તર્ક વિતર્ક હજારો રે.
મમવિનતિ દિલમાં ધારો.

વિરહ વ્યથાથી વિહ્વલ થાતાં, દેહ સુકાયે આ મારો રે.
મમવિનતિ દિલમાં ધારો.
નિશદિન મારા નયને વહે આ, સલિલતણી શું ધારો રે.
મમવિનતિ દિલમાં ધારો.
નીર ખુટી આ રૂધિર પડેછે, કૃપા કરીને ઉગારો રે.
મમવિનતિ દિલમાં ધારો.
છેલ્લું કહું છું સ્વામીજી હાવાં, પાડું દેહ અકારો રે.
મમવિનતિ દિલમાં ધારો.
ત્રણ દીમાં જો નાથ ન આવો, તો તજુ પ્રાણ આ મારો રે.
મમવિનતિ દિલમાં ધારો.

સુ૦ મહિદુ—વાહ મદનમોહને! તારા સમક્ષ પગ ઘસતા આવી ઊભા રહ્યા છતાં તારા વિરહવ્યથાના રોદડા રોજ આના આજ કે?

મદનમોહના—ના ના, મારા પ્રાણાધાર! આપ એવો મારા ગાવાનો અનર્થ કાં કરો છો? આપ એમ વિચાર કરો કે આજે કેટલી મુદતે આવ્યા? અને કાંઇ વિના કારણ આપ અત્રે ક્યાં આવો છો? મારે તો રાત્ર દિવસ એજ સ્થિતિમાં ગાળવાના. હૃદયનો ઉભરો આપની આગળ ન નિકળે ત્યારે ક્યાં? આજે એક પક્ષ પૂરૂં થયે પધાર્યા એ વારતા ક્યાં યાદ આવે છે.

સુ૦મહિદ૦—અરે મોહને! તારી મોહક મૂર્ત્તિ તો આ હૃદયપાટી ઉપર ચિત્તાકર્શક ચીતરીયલી હોવાથી પળ પણ તું શું વિસરે છે? ના ના કદી નહિ, એ મુર્તિ તો પૃથ્વીના પટાંતરમાંથી પણ મને તારી પાસે તાણી લાવવા સમર્થ થાય છે!

મદનમોહના—આપને તો સાક્ષાત વાણીજ પ્રસન્ન

છે એટલે હું અગલા ક્યાં પહોંચવાની હતી; પરંતુ ખરું હતું તે આપને ગાઇ બતાવ્યું. (એમ બોલી મર્મકટાક્ષ સહ પૃથ્વી પર દૃષ્ટિ નાખી હાથથી ખોતરતી બેસે છે)

સુ૦મલ્લિ૦—હે મૃદુવચને ! આવા મર્મ કટાક્ષ કરી કાં પૃથ્વી ખોતરે છે. તારી મુખમુદ્રા જમીન તરફ ફરી ગઇ. પણ આ તારા હાથે તારા જેવીજ ચિત્તાકર્ષક વિદ્યુલ્લતા ક્યાંથી આવી વળગી છે ? અરે લાવ જોઉં.

મદનમોહના૦—(હાથમાંથી મુદ્રા કાઢતાં) આપ એ મુદ્રાને શું કરશો ? દશે અંગુલીઓ મુદ્રાથી શણગારી છે ત્યારે આ દીન માણસની મુદ્રા ક્યાં આવી બેસશે

સુ૦મલ્લિ૦—ના ના પ્રિયે ! એ મુદ્રા કાંઈ આંગળીએ રાત્ર દિવસ આવી વળગેલી મુદ્રાની સાથમાં રહેવા જેવી નથી; એને માટે તો ખાસ હૃદયસ્થળજ કરી મૂકયું છે ! કેમ આપવાને હું પાત્ર છું? એ મુદ્રાને બદલે હું તને એક હાર આજે મોકલી આપીશ.

મદનમોહના—અરે ! જેને મારો પ્રાણાર્પણ કરવા પાત્ર ગણ્યા છે તેના કરતાં અધિક પાત્ર બીજું કોણ ? કંઠો આપ કેટલી મુદતથી આપવા કહોછો. ઇચ્છા હોય તો આપજો લ્યો મુદ્રા.

સુ૦મલ્લિ૦—વાહ મોહને ! આટલી મુદતના સંબંધમાં હજુ પણ અણવિશ્વાસ ? જા જા આજે તને અહીં દર્પપરિહારક સોનાર બે કલાકમાં આવી આપી જશે પછી કાંઈ ?

પ્રવેશ ૩ જો.

સ્થળ—માધવબાગ (સૌંદર્યલહરી અને સુગુણચંદ્ર ગાંધારપટ્ટનવાળો આવેછે.)

સૌ૦—કેમ સગુણચંદ્રજી ! પોતાની સ્ત્રી સાથે કેવી રીતે વર્તવું અને તેને કેવી રીતે વર્તવા પ્રેરણા કરવી, એ ખચિતજ કે, તમે ભૂલી ગયા. તમે અન્ને જણ જુવાન છત આટલો જલદી તેની ઉપરનો તમારો પ્રેમ જતો રહ્યો કે શું ચમત્કાર છે ! થોડા દિવસમાંજ, તે તમારી કેટલી વહાલી હતી, અને એકાએક તે પ્રીતિનો ભંગ થવો કે? તમે મારી બ્હેનને જો તેની પાસેના દ્રવ્ય સારૂ પરણ્યા હો તો તે પૈસ માટે પણ તેના પર કાંઈ વિશેષ માયા દેખાડો. અને તમારૂ મન બીજે કંઇ ભમતું હોય, તો તે ગુપ્ત રાખો, અને તમા ચોરીથી જે કરવું હોય, તે કરો; પરસ્ત્રી પર જો તમારો પ્રે ગયો છે, તો તેને કંઈ છુપાવો. તમારા નેત્ર પરથી મારી પલ્લવલતિકાને ખુલ્લું દેખાયછે, એ ઠીક કે ? બહાર ખરેખર જ કોઈએ મોહિની નાખી હોય, તો તેની સ્વમુખે પ્રશંસ કરશો નહીં. પલ્લવલતિકા તરફ પ્રેમદ્રષ્ટિએ જુવો, મીઠું બોલો, અને તમે આડે રસ્તે ચાલોછો, તો તે પણ તેના જો વામાં ઉઘડ લાવશો નહીં, દૂર્ગુણનો તમારા દેહમાં વાસ હોય તોપણ તેનો વેષ બદલી સદ્ગુણીના જેવો દેખાડો, તમા વ્યભિચારજ કરવો હોય, તો તે, તેને જણાવવામાં કાંઈ ? હોઈ છે કે ? કોઈ ચોરી કરે તો તેની પોતે પ્રતિષ્ટા કરે છે કે જુવો ! તમારા બે અપરાધ થયા. એક તેને ફસાવી દુષ્ટ ક

કર્યું એ, અને બીજું જમવાની વખતે ખૂલ્લી રીતે જણાવ્યું એ. શરમ જેવું એકાદ કામ કરેલું જો છૂપાવ્યું તો, તેટલું ખોટું દેખાતું નથી; પાપી માણસ જો મુખથી ખરાબ બોલનારો હોય, તો તે દુપ્પટ પાપ થાયછે. (નિશ્વાસ નાખી) પરમેશ્વર! શું આ બૈરીઓની દશા! મરદ ગમે તેટલાં નીચ કામ કરે, તોપણ; અમારે ચૂપ બેસવું, એક અક્ષર પણ મોંમાંથી કહાડવો નહીં, ખરે! અમારી જાત કેવી ગરીબ છે, અમે જુઓ કેટલાં માયાળુ અને કેટલાં ભોળાં છીએ, તમારો અમારી ઉપર પ્રેમ છે, એવું અમસ્તું જ એકવાર અમારા મનમાં ઠસાવો કે થયું; પછી તે ખરો હોય, અથવા ખોટો હોય, ચિત્ત કબી બીજાં ની તરફ હોય, તોપણ બહારથી અમને પ્રેમ દેખાય, એટલે બસ. બચિત હાથ બીજી ઉપર હોય, અને અમારી પર ફક્ત આંગળી હોય, તો તેટલાથીજ અમારો સંતોષ છે. અમે નક્કી રમકડાં છીએ, અને અમારી દોરી તમારી પાસેછે. તમે જેમ નચાવો છો તેમ અમે નાચીએ છીએ; ત્યારે બનેવીસાહેબ! તમે એક વાર અંદર જાવો, પલ્લવલતિકાને સમજાવો, તેને ખુશી કરો; અને પ્રાણપ્યારી એમ કહો. આવી વખતે જરાએક દાંભિકપણું કરી ફસાવ્યાથી કાંઈ વિશેષ પાપ નથી, તે ખોટું છે, પરંતુ બીજો કાંઈ ઉપાયજ નથી, માટે હું એટલુંજ કહું છું; તમારા મનથી કદી ના હોય, તોપણ આવી રીતે કાલાવાલા કરેથી ટંટો મટશે.

સુ૰ગાં૰—હે સુંદરી! તારૂં બીજું નામ શું છે તેની મને ખબર નથી? અને મારૂં નામ તેં કેમ જાણ્યું, એ

પણ મારાથી સમજાતું નથી? ખરે ! હે સુંદરી ! તારૂં જ્ઞાન, તારૂં સ્વરૂપ, અને તારૂં ડહાપણ, એ કાંઈ આ લોકનું દેખાતું નથી; અને મારૂં નામ વિગેરે તને ખબર છે, એતો એક ખચિત આશ્ચર્યજ છે ! જરૂર, તું કોઇ સ્વર્ગમાંની રંભા મને મોહજાળમાં નાખવા આવીછે, કદાપિ એમ હોય, તો મે એવું શું કર્યુંછે ? કાંઇ મોટી તપશ્ચર્યા કરીને ઇંદ્રપદ લેવા ધારૂંછું, કે તેથી ઇંદ્રે મારી તરફ રંભા મોકલી ! ઠીક ! એ મારા સુકૃત્યનું ફળ, બીજુ કાંઇજ નહીં, હે સુંદરી ! સ્ત્રીઓ સાથે કેમ બોલવું એ મને ખરેજ ખબર નથી, તું મને શીખવ્ય, બોલવું કેમ ? અને મનમાં પણ શું લાવવું, તે મને તું કહે ? તારી માર્મિક વાકચાતુરીનો ખરો ભાવાર્થ મારાથી કાંઇ સમજાતો નથી, આ ખચિત સ્વર્ગલોકની ભાષા હોવી જોઇએ, હે પ્રિયા ! તારી ભાષા મને શીખવ્ય ? આવો શિક્ષક મળે તો કેવું સારૂં; શું કહું, હે સુંદરી ! તમારી સ્વર્ગની ભાષામાં ચુંબનને શું કહેછે વારૂ ? તમારી ભાષામાંથી એક ગુહ્ય હું સમજ્યો, મને પરણ એવું કહેવું હોય તો મારી બ્હેનને વરય એમ કહેવું, બીજુ કાંઇ હજુ સમજાતું નથી, અમારી તે શું ! મૃત્યુલોકની ભાષા, અને અમે અજાણી, અશકત, નિસ્તેજ, હલકા માણસ; અમારાથી તમારૂં બોલવું શા રીતે સમજાય; ખેર ! હે સખિ ! મારા મનનું જેણી તરફ વલણ છે, તે સર્વ છોડી જેણી તરફ મારૂં મન બિલકુલ જતું નથી, ત્યાં જોવા તું કેમ કહેછે ? તું કોઈ દેવતા છે, કે તારા મનમાં મારી વૃત્તિ, મારો સ્વભાવ, બદલાવવો

એમ છે? કે તારા મનમાં મને ફરી જન્મમાં લાવવો એમ છે? વારૂં! ત્યારે, થવાદે, એટલે તેં જે પાસમાં મને નાખ્યોછે; તેમાં હું ખુશીથી પડીશ, પણ હું જે હતો તેજ જો છું, તો મને પક્કી ખબર છે કે, તારી તે રૂદન કરનારી બ્હેન મારી બૈરી ન હોય. તેમ તેનો અને મારો કાંઈજ સંબંધ નથી. મારો પ્રેમ જુએ તો સર્વ તારી ઉપર છે, તો હે સુંદરી! તું એવુ કરીશ નહીં; પહેલાં બોલી બોલીને મોહપાશમાં નાખી, અને હું તલ્લિન થયો, એટલે કહેવું કે હું નહીં, પેલી! એમ કહી પોતાની બ્હેનને આગળ કરવી, હે મૃગાક્ષિ! તું મને તારા પાશમાં નાખ, એટલે હું તારી પ્રેમરૂપી ખોમાં પડ્યોજ જાણ.

સૌં૦—શું! આ તમે બોલોછો શું? તમે ઘેલા તો થયા નથીને!

સુ૦ગાં૦—ના ઘેલો નહીં, પણ થોડો દિવાનો થયોછું; શાથી થયો ખબર નથી.

સૌં૦—એ બધું આ તમારી ઝેરી આંખોનું પાપ છે, નેત્ર અન્ય માર્ગે ગયાં, તેથીજ આમ થયું.

સુ૦ગાં૦—હા! આવો પૂર્ણ શશિનો પ્રકાશ સન્નિદ્ધ હોય, તો તેના તરફ જોવાથી મન ભ્રમિત થાયજ.

સૌં૦—જેણી તરફ જોવાનું ત્યાં જોવું, એટલે આં ખો સારી થશે.

સુ૦ગાં૦—પ્રિયા! જ્યાં જોવાનું ત્યાંજ જોઉછું

અંધારામાં અથડાવું, તેના કરતાં આંખો બંધ કરવી એજ સારૂં.

સૈં૦—તમે પ્રાણપ્રિય, એ શબ્દ મને કેમ કહોછો; મારી બ્હેનને કહો.

સુ૦ગાં૦—તારી બ્હેનની બ્હેનને કહુંછું.

સૈં૦—એટલે મારી બ્હેનને?

સુ૦ગાં૦—ના, ના, એટલે તને, હે સુંદરી! તું મારી અર્ધાંગના પ્રાણપ્રિયા, મારા અંતઃકર્ણથી પ્રીતિનું સ્થાન છું. હે મૃગનેણી! આ જગતમાં મારૂં સર્વસ્વ તુંજ છે, મારૂં અમૂલ્ય રત્ન, મારો પ્રાણ, મારૂં જીવન, મારૂં ઐશ્વર્ય, મારૂં સ્વર્ગસુખ, સર્વ તુંજ છે.

સૈં૦—એ સર્વ મારી બ્હેનને વિષે છે, ના હોય તો હોજો.

સુ૦ગાં૦—પ્રિયા! તારી બ્હેન ઉપર મારો પ્રેમ હોવો જોઇએ એમ જો કહેતી હઈશ, તો તું પોતાનેજ બ્હેન માનીલે; એટલે થયું. મારી તું પ્રાણપ્રિયા થઈશ, અને તારી સાથે હું લગ્ન કરીશ; તારે પતિ નથી અને મારે પત્ની નથી, હમણાંજ આવ; આપણે ગાંધર્વ વિવાહ કરીએ.

સૈં૦—(કડક શબ્દે) ઊભા રહો જરા, ખસશો નહીં અહીંથી; હું મારી બ્હેનને અહીં તેડી આવુંછું. (જાયછે).

(પુલીંદ ગાંધાર પટ્ટનવાળો દોડતો આવેછે)

સુ૦ગાં૦—શું થયું રે પુલિંદ! દોડતો દોડતો ક્યાં ચાલ્યો?

પુ૦ગાં૦—મહારાજ ! તમે મને ખચિત્ત ઓળખ્યો કે ? હું પુલીંદ નક્કીને ! હુંજ કે તમારો ચાકર ! આ હુંજને, પકો ઓળખ્યો કે ?

સુ૦ગાં૦—તુંજ પુલીંદ, અને તુંજ મારો ચાકર પણ તું આ ભાંગ પીધી હોય એવું કેમ કરેછે ? આ હું કે તે હું !!!

પુ૦ગાં૦—હું ગધેડો છું, હું એક રાંડનો નોકર છું, આ હું નહોય રે ! નહોય ? મને નક્કી ભ્રાંત પડી છે, હું ભ્રમિષ્ટ થયો છું, હું ભાંગ ન પીતાં ભંગિષ્ટ બન્યો છું.

સુ૦ગાં૦—કોઈ રાંડ તને ચાકર કહે છે, અને ભંગિષ્ટ શારીતે થયો ?

પુ૦ગાં૦—શેઠ ! શું કહું. નક્કીજ કોયલામાં પડેલું રત્ન તે મને પોતાનો ગુલામ કહેછે—તે કહે છે તુંજ મારો ધણી, મારીપર માલકી ચલાવે છે, અને મને છોડતી નથી મને સંતાડોને કઈ.

સુ૦ગાં૦—તે કેવી રીતે તારાપર માલકી ચલાવે છે !

પુ૦ગાં૦—જેવી તમે તમારા ઘરના ઘોડાપર ચલાવો છો કે નહીં ! તે પ્રમાણે, ખરેજ, તે મને જનાવર પ્રમાણે વર્તાવે છે, એટલે જનાવર સમજી વર્તાવે છે, એમ નહીં; તે ગલિચ્છ જનાવરના જેવી છે, તે મારીપર પોતાનો હક્ક ચલાવે છે.

સુ૦ગાં૦—પણ તે કોણ છે ?

પુ૦ગાં૦—કોણ એટલે શું કહું મોટી ધરડી,

એટલે બિલકુલ ઠુચ્ચર હો, વળી એવી સ્વચ્છ છે કે, નામ લઈએ તો નાહાવુંજ પડે, આ જો લગન થયું, તો મારૂં નશિબ વગર સાબુએ ઉઘડી જવાનું; પણ મહારાજ! લગન ગદબદીત થશે.

સુ૦ ગાં૦—ગદબદીત તે કેવું રે?

પુ૦ ગાં૦—ગદબદીતરે કેવું! એટલે, મહારાજ અમારી પ્રિયપત્નિના શરીર ઉપર તમામ દીવીઓનું તેલ, કાંઈ શરીરને વળગ્યું કે, ઘાલ્યો બધો હાથ દીવામાં દીલ લુંછવાને, રસોઈ કરતાં વઘારમાંના તેલમાંથી અર્ધું શરીરપર, અને અર્ધું મોંમાં, આખું બદન હમેશ ચિકણું લાટ. તે પાસે આવેથી એટલું અંધારૂં પડેછે કે જાણે એ મોટા અલમસ્ત શરીરને આગ લગાડી દેઉં, બળવાને તેલ કાંઈ કમતી નથી. અને ભડકો થાય કે, તેજ અજવાળાથી નાશી જાઉં; બીજું શું.

સુ૦ ગાં૦—તેનો વર્ણ પણ કેવો છે?

પુ૦ ગાં૦—ભંગડી, મહારણ, ઢેડની બાઈડીઓ પણ સારી હોયછે, મને નથી એ જાત ખબર.

સુ૦ ગાં૦—જાત નહીં રે રંગ કેવો છે?

પુ૦ ગાં૦—રંગ! રંગ શું પૂછોછો! સદા એ રંગીલી, મારે નથી જોઇતુ તેનું રંગેલપણું મહારાજ.

સુ૦ ગાં૦—શું મુર્ખ છે રે; તે કાળી છે કે ગોરી?

પુ૦ ગાં૦—ગોરી તે શું મહારાજ! હું આટલીવાર સુધી તેના અજવાળામાં હતો, તે હમણાં બહાર આવ્યો.

એટલે આંખો અંજાઈ ગઈ, એક રંગ મને ખબર છે. કાળું ગોરૂં ભૂલી ગયો: ભેંશના રંગને પણ ગોરો કહીશ, અને પાડાને આજથી નાજુક કહીશ !!!

સુ૦ ગાં૦—તેનું નામ શું ?

પુ૦ ગાં૦—નામ મહારાજ ! કરીણિ ! અથવા ગજી, ગજી એટલે હાથણી નહીં શેઠ સાહેબ ? હાથણી પણ શું એ શરીર આગળ ! ગજી કેમ કહું છું તે સાંભળો. પોતાનું શરીર મોટું તેથી કોઈને જો ! ભૂલ વળગ્યું હોય, અને બધાને અરે તુંરે કહેવા માંડે, કે લઈ જવું તેની પાસે; એટલે તુરતજ જી સાહેબ! એવું કહેશે, નહીં તો મહારાજ ! આ પૃથ્વી માપવાનો ગજ હશે, તેથી એનું નામ ગજી પાડયું હશે; એક બે ચાર વાર ઉંધી છતી નાખીએ, કે તુરત પૃથ્વી પ્રદક્ષિણા અને ધરતીકંપ પણ સાથેજ. મહારાજ ! હવે તમને થોડામાં બધું કહુ છું. તે. મને કહેછે—તું મારો ધણી, મને પુલીંદા કહીને હાંક મારવા લાગી; સોગન ખાવા માંડી કે, મેં તેને પરણવાનું કબૂલ કર્યુંછે, અને વળી મારા શરીરપરની બધી નિશાનીઓ, તલ વગેરે કયાં કયાં છે તે કહ્યું, તેથી મને ઘણોજ ચમત્કાર લાગ્યો, તે કોઈ ડાકણ હશે, એમ સમજી હું તમારી પાસ નાશી આવ્યો, હું જો આવ્યો નહોત, તો તેણે મને કૂત્રો નહીં, તો બિલાડો કરી પોતાની પાસેજ રાખ્યો હોત.

સુ૦ ગાં૦—તું દોડતો બંદરપર જા. અને સમુદ્રમાં કોઈપણ દિશાએ જવાને જો પવન અનુકૂળ હોય તો, આજ

રાત્રે અહી રહેવું નથી. જો એકાદુ વહાણ જનારૂં હોય તો મોતીચોકમાં આવજે; ત્યાં હું થોડી વારમાં આવું છું. તમામ માણસો આપણને ઓળખે છે, અને આપણે કોઇને ઓળખતા નથી એ સ્થિતિ સારી નહીં; માટે આપણે હવે અહીંથી જતાજ રહેવું, એજ ઠીક.

પુ૦ ગાં૦—રિંછ દેખી માણસ જેમ જીવ લઈ નાશી જાય છે તેમ, મારે પેલી ડાકણને દેખી નાશી જવું એમ થાયછે. (દોડતો જાયછે).

સુ૦ ગાં૦—અહીં બધાં ઝાંપડાં, ભૂતડાં, મેલડિગો, પિશાચ, બ્રહ્મરાક્ષસ, સમંધ, અને ડાકણો રહેછે; બીજું કોઇજ નથી, હવે અહીંથી જવુંજ જોઈએ, જે સ્ત્રી મને પતિ કહેછે, તેનું મોં મારી નજરે ના પડે તો સારૂં; પણ પેલી તેની ખુબસુરત બ્હેન છે, તેનું સ્વરૂપ શું અવર્ણનિય છે—બોલવાની મનોહર છટા! પાસે બેઠા કે મન મોહિત થઈ જાયછે. સ્વર કેવો મધુર! ખચિત્ત, તે અપ્સરા હોવી જોઇએ. તેને જોઇ એટલે મન કંઈ મારે સ્વાધીન રહેતું નથી; મને લાગેછે કે હું અહીં એક દિવસ રહ્યો, તો, ખાસ ભ્રષ્ટ થઇશ. છટ! છટ! મારા પ્રિય પિતાજીના નામને કલંક લગાડવું નથી આજ અહિંથી ચાલ્યા જઈ ફરી તેઓનું મોંજ જોવું નહીં એટલે બસ્સ.

(દર્પપરિહારકસોની કંઠો લઈ આવેછે).

દર્પપરિહારક—સુગુણચંદ્ર મહારાજ!

સુ૦ ગાં૦—હા, એ મારૂંજ નામ.

દર્પ૦—મને ખબર નથી કે કેમ! આ કંઠો લાવ્યો છું.

જુઓ, તમોને મેં તોફાનગલ્લિમાં આવી મળવા કહેલું, પણ કંઠો પૂરો થયો નહોતો તેથી વાર લાગી.

સુ૦ગાં૦—તમારી શું મરજી છે, આ કંઠો લઈ મારે શું કરવું ?

દર્પ૦—તમારી નજરમાં આવે તે કરો, મેં એ તમારે સારૂં કર્યો છે.

સુ૦ગાં૦—મારે સારૂં?! મેં કોઈ દિવસ કંઠો કરવાને કહ્યું નથી.

દર્પ૦—એક વાર નહીં, બેવાર નહીં, પચ્ચાસ વાર કહ્યું છે, ઘેર લઈજાઓ, એટલે શેઠાણી સાહેબ ખુશ થશે, આવો કંઈ મોટો દાગીનો કર્યો કે વાર તહેવારે આપનું નોતરૂં આવવાનુંજ, અને શેઠીઆઓની પંગતે મારો પણ પાટલો પડવાનોજ. હું હવે સાંજે જમવાની વખતે આવીશ. પછી તે વખત કિંમત ચૂકાવી આપજો.

સુ૦ગાં૦—આપની કિંમત હમણાં લ્યો. નહિ લ્યો તો પૈશાએ નથી અને હું પણ નજરે પડવાનો નથી.

દર્પ૦—હું જાણું છું આપ આજ ઘણીજ ગમ્મતમાં દેખાઓ છો ! શું આ મશ્કરી. વારૂં, જયગોપાળ. (જાય છે).

સુ૦ગાં૦—આનો શું અર્થ હશે એ મને કાંઇજ સમજાતો નથી. પરંતુ એટલું તો ખરૂં કે એવો કોઈ મુર્ખ ન હોય કે ઘેર ચાલી આવેલી લક્ષ્મીને લાત મારે. આવો કંઠો કેમ છોડી દેવો. હવે એ તો ખુલ્લું થયું કે, અહીં ચરિતાર્થ ચલા-

વવા ઉદ્યોગ કરવો પડે કે લુચ્ચાઈ કરવી પડે એમ નથી, અહીં રસ્તામાં સોનું ફોકટ મળે છે, હવે મોતીચોકમાં જઈ પુલીંદની રાહા જોઈ બેસવું, અને એકાદ વહાણુ હોય તે ચૂપ ચાલ્યા જવું. (જાય છે)

અંક ૩ જો સમાપ્ત.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

(એક વ્હેપારી, દર્પપરિહારક સોની, અને જમાદાર આવે છે.)

વિઠ્ઠલદાસ વ્હેપારી—છો સાત મહિના પર મહોદય-પર્વ હતું, ત્યારેજ આ કર્જ આપવાની મૂદત પૂરી થઈ ગઈ તોપણ, મેં તને તગાદો કર્યો નહીં, અને આજ પણ કર્યો નહોત, પરંતુ મારે મલબાર જવાની જરૂર છે, અને રસ્તાની ખરચી તો જોઇએ, તેથી મારૂં નાણું મને હમણાં આપ નહીં તો, હું તને આ જમાંદારના તાબામાં સોંપીશ.

દર્પપરિહારક—સાંભળો. જેટલું મારે તમારૂં દે-વું છે, તેટલુંજ, મારૂં સુગુણચંદ્ર પાસે લેહેણું છે, અને તમે

મને મળ્યા, તે પેહેલાં, થોડીવાર પર તેને મેં કંઠો આપ્યોછે, તેની કિંમત મને હમણાં પાંચ વાગ્યે મળશે. માટે એટલી મારીપર મેહેરબાની કરો, અને મારી સાથે તેને ઘેર ચાલો; એટલે હું તમારૂં કર્જ બધું આપી દેઉં છું.

(એવામાં સુગુણચંદ્ર મલ્હિયાર નગરવાળો, અને પુલીંદ મલ્હિયાર નગરવાળો આવેછે.)

જમાદાર—ત્યાગે ધરી જાણ્યાચે શ્રમ વાચલે, પહા તેચ ઈકડે યેત આહે.

સુ૰ મલ્હિ૰—હું જરા સોનીને ત્યાં જઇ આવું છું, એટલામાં તું એક સારો મજેનો ચાબૂક બજારમાંથી વેચાતો લઈ આવ. ધોળે દહાડે, બારણે સાંકળ દઈ મને બહાર રાખ્યો, તે બાબત રાંડની, અને તેના જોડીદારોની એક વખત ખબર લેવી છે, પણ રહે, આ જો પેલો સોની; વારૂં, તું ત્યારે જા અને ચાબૂક લઇ ઘેર આવજે.

પુ૰ મલ્હિ૰—ચાલો હવે, ફક્કડ સડાક, સડાક, બોલે એવો ચાબૂક લાવવો જોઇએ. (જાયછે.)

સુ૰ મલ્હિ૰—(સોનીને) વાહ! ડાહ્યા માણસે તારી ઉપર ભરોંસો રાખવો નહીં, તેં કહ્યું હતું—હું તમને મળવા આવીશ, અને કંઠો લેતો આવીશ, હું અત્યાર સુધી વાટ જોઈ થાકયો, પણ કંઠોંએ નહીં, અને સોનીએ નહીં. તેં જાણ્યું હશે, કે એક વાર કંઠો આપ્યો, એટલે અમારા કંઠના બન્ને સાથે બંધન થઈ, અમારો પ્રેમ ઘણા દિવસ રહેશે, તેથી કંઠો લાવ્યો નહીં કેમ?

દર્પ૦—અસ્સ, હવે, તમારી મસ્કરી બંધ કરો. આ જુવો, હીમચંદ ઝવેરીનો આંકડો, સોનું કિયા કસનું છે, તેની કિંમત શું છે, અને વજન કેટલુ છે, એ સર્વ એમાં લખ્યું છે. એની બધી કિંમત મારે આ ગૃહસ્થનું જેટલું દેવું છે, તેના કરતાં સો રૂપિયા વધારે છે, હવે એટલીજ મેહેરબાની કરો, કે, એમના ઋણમાંથી મને છોડાવો; કારણ, એમને દૂર દેશ જવાનુ છે અને ફક્ત એટલાજ સારૂં ખોટી થયા છે.

સુ૰મહિહુ૰—શેઠજી! મારી પાસે હમણાં અહીં એટલા પૈસા નથી; અને મારે જરા મારકીટ પાસે કામ છે, માટે તમે એ ગૃહસ્થને મારે ઘેર લઈ જાઓ, અને આપની સાથે કંઠો પણ લેજો; તે મારી સ્ત્રીના તાબામાં આપી તેની પાસેથી કિંમત લેજો. હું એટલામાં ઘેર આવું છું. કદાપિ તમને મળીશ પણ ખરો!

દર્પ૰—ત્યારે તમે પોતે કંઠો લઇને આવશો?

સુ૰મહિહુ૰—ના, તું તારી સાથે લઇજા, મને વારજ થઈ તો?

દર્પ૦—વારૂં હું લઈ જઉં છું, કંઠો અહીં છે તમારી પાસે?

સુ૰મહિહુ૰—અરે વાહરે! મારી પાસે નથી, તો તારી પાસે હશેજ. ના હોય તો, ખાલી હાથે પાછા ઘેર જાઓ.

દર્પ૰—ઠીક, હવે અમસ્તી વાર ન કરો, પેલો કંઠો મને આપો, આ વ્હેપારીના ઘોડા જીન બાંધી તૈયાર છે, અને એમને આટલી વાર થઈ, તેનો બધો દોષ મારે માથે છે.

સુ૦મહિહુ૦—મહારાજ! આવી છૂપાછૂપી કરશો નહીં, તમે બોલ્યા પ્રમાણે મને અહીં કંઠો આણી આપ્યો નહીં, તે છૂપાવવા સારૂ આ બધી ગમ્મત ચાલી દેખાય છે, તેને માટે હું ગુસ્સે થઇશ, એમ જાણી એકાદ જબરદસ્ત બૈરી પ્રમાણે, પોતેજ રડવા લાગ્યા. વાહ! રીંછ પેહેલીજ ચીસ.

વ્હેપારી૦—મેહેરબાન! વખત થવા આવ્યો.

દર્પ૦—(સુગુણચંદ્રને) જુવોછોને, કેવો એમનો મારા ઉપર તગાદો છે તે? કંઠો—

સુ૦મહિહુ૦—આપો મારે ઘેર ને લ્યો તમારી કિંમત.

દર્પ૦—થયું હવે, તમને હમણાં મેં કંઠો આપ્યો, તે ઘેર મોકલો, નહીંતો કંઈ પણ અમારી પાસે નિશાની આપો.

સુ૦ મહિહુ૦—આ શું આ! મરતા સુધી મજાક શી. ચાલ દેખાડ, કયાં છે તે કંઠો?

વ્હેપારી—તમારી થાય છે મજાક-મશ્કરી, પણ મને વખત નથી. મહારાજ! બોલો મને કંઈ જવાબ ઘો, નહીં તો હું આ સોનીને જમાદારને તાબે કરૂં છું?

સુ૦ મહિહુ૦—હું જવાબ દેઉં, હું શું જવાબ દેઉં!

દર્પ૦—મારી પાસેથી તમે કંઠો લીધો, તેના પૈસા તમારી તરફ છે, એમ.

સુ૦મહિહ૦—મને કંહો મગાશે, ત્યારે આપીશ. પેહેલાં કંઈ તારૂં લાગતું નથી, તું ન આપતાં ચાર માણસ સમક્ષ આપ્યો કહેછે, તે એવું મારી સાથે ચાલવાનું નથી.

દ૦—તમે ના કહો છો, એ પણ મારી સાથે નહીં ચાલે, જુઓ, આવું બોલવાથી મારો પતિબાર ઉડી જશે.

વંકુપારી—જમાદાર સાહેબ! આ મારો દેણદાર છે, એને કેદ કરો.

જમાદાર—અરે, બાબા મજાચી તુલા કાહીં આહે, ખબરદાર એથૂન હાલલાસતર.

દર્પ૦—આમાં જુવો, તમે સારૂં કરતા નથી. મારી ઈજ્જત જાયછે, તેથી મારા રૂપીઆ એમને આપો. નહીંતો આજ જમાદારના હાથે તમને કેદ કરાવુંછું; એવું થવામાં શો અર્થ છે?

સુ૦માહિહ૦—રૂપિયા તને આપું, કોઈ દિવસ આપનાર નથી. બેવકૂફ જોઉંછું, શારીતે મને કેદ કરાવે છે તે?

દર્પ૦—જમાદાર સાહેબ! આ તમારા કર્જના કરતું દ્રવ્ય લ્યો, અને એને કેદ કરો, હું મારો બાપ હોય, ને તે આવી જે મારી ફજેતી કરે તો તેને પણ છોડું નહીં.

જમાદાર—(સુગુણચંદ્રને) તુમ્હી માઝ્યા અટકેત આહાત. તુમ્હી અફીલીના ફિર્યાદ?

સુ૦મહિહ૦—મને જામીન મળે ત્યાં સુધી તમારા હુકૂમમાં છું. (સોનીને) ગદ્ધા! મશ્કરીનો પરિણામ શું થાયછે, તે જોજે; હું તને બીખ માગતો કરૂંછું કે નહીં તે!!!

દ્રો૦—મહારાજ! કાંઈ ફીકર નહીં, આ મહિહયાર નગરમાં મારો બરોબર ન્યાય થશે, તેની મને ખરી ખાત્રી છે, તમે ફક્ત પોતાની ફજેતી કરાવો છો. (પુલીંદ ગાંધારપટ્ટનવાળો આવેછે).

પુ૦ગાં૦—ભાઈ સાહેબ! અંજનવેલની એક ફતેમાર છે, તેનો ધણી ગામમાં ગયોછે, તે પાછો આવે ત્યાં સુધી તેનો મુકામ છે, અને પછી તુરતજ ઉપડશે, આપણો બધો સામન મે તે વહાણમાં ચઢાવ્યો, રસ્તામાં ખપની ચીજ તમામ વેચાતી લીધી; વહાણ પર સર્વ તૈયારી થઈ ગઇ છે, પવન પણ ફક્કડ છે. ફક્ત ટંડેલની અને આપની તે વાટ જુવેછે.

સુ૦મહિ૦—કેમ રે, કંઇ ગાંડો થયો કે શું ? ગધેડા. કેઇ અંજનવેલની ફતેમાર મારે સારૂં બોટી છે ?

પુ૦ગાં૦—તમેજ મને ગલબતનો તપાસ કરવા મોકલ્યો હતોને ?

સુ૦મહિ૦—રાંડના ગધ્ધા, મેં તને ચાબૂક લેવા મોકલ્યો હતો, અને ચાબૂક શું કરવા જોઈએ છીએ. તે પણ મેં તને કહ્યું હતું.

પુ૦ગાં૦—મહારાજ! મને ચાબૂકથી મારવાનો વિચાર છે કે શું ! સાહેબ ! તમે મને ગલબતનો શોધ કરવા મોકલ્યો હતો.

સુ૦મહિ૦—વારૂં, પછી બનતી વખતે તને સમજાવીશ, અને મારો હુકૂમ ધ્યાન દઈ સાંભળવા, તારા કાનને

પણ શીખવીશ. હવે બરાબર સાંભળ હગામના ઘેર દોડતો જા, અને તેને આ કુંચી આપ, પછી તેને કહેજે કે—જે પેટીમાં કાશ્મિરી શાલો વગેરે કપડાં છે, તેમાંજ મોહોરોની થેલી છે, તે આપ કહીએ: તેને કહેજે, કે મને બગ રસ્તામાં કેદ કર્યોછે, માટે તે રકમ આપેથી મારો છૂટકો થશે, જા ગુલામ વહેલો દોડીજા, જમાદારસાહેબ, એ આવે ત્યાં સુધી ચાલો ચાવડી ઉપર (વેહેપારી, જમાદાર, દર્પપરિહારક, અને સુગુણચંદ્ર મહિદયારનગરવાળો જાયછે.)

પુ૦ગાં૦—શેઠે કહ્યું-તેની તરફ જા, એટલે જ્યાં આપણે જમ્યાં ત્યાં! ઠીક છે; યજમાનનુ સંધાન જમ્યું, પણ મને પેલી કલેડાના કાચ જેવીએ કહ્યું કે, તું મારો ધણી છું તે એવી કોઠી જેવી છે કે, મારા જેવા ચાર પુલીંદ પણ તેને પૂરા નહીં પડે, મારા મનથી ત્યાં જવાનું નથી, તોપણ જવું જોઇએ, કારણ, ધણીની આજ્ઞા માથા ઉપર છે. (જાયછે.)

પ્રવેશ ૨ જો.

(પલ્લવલતિકા અને સૌંદર્યલહરી આવેછે.)

પલ્લ૦—બેન સૌંદર્યલહરી! તારી સાથે કંઇ બોલવું થયું કે? ક્રિયા ઉપરથી. આંખ પરથી, તને કાંઇ દેખાયું કે? બોલવું થયું તે, ખાસ મનથી કે મશ્કરીમાં, આંખો કેવી, લાલ દેખાઇ કે ખેંચાઇ ગયેલી, મન કેવું આનંદમાં હતું કે દુઃખમા, કહે બા એક વાર, વર્તણુક ઉપરથી તને શું લાગ્યું?

સૌં૦—પ્રથમ તેમણે કહ્યું, તારો, અને તેમનો કાંઇજ સંબંધ નથી.

પલ્લ૦—એટલે! મારી સાથે સંબંધ રાખવો નથી; ઠીક ત્યારે. જો, કેવી ખોડ ભૂલાવું છું તે.

સૌં૦—પછી સોગન ખાઇને કહ્યું, કે, આ ગામમાં મારે કોઇ સાથે ઓળખાણ નથી.

પલ્લ૦—એમકે, કેટલું જૂઠું એ, આને કહેવું પણ શું ?!

સૌં૦—પછી મેં તારે સારૂં, તેમને ઘણીજ વિનંતિ કરી.

પલ્લ૦—ત્યારે પછી શું કહેવું થયું ?

સૌં૦—જે મેં તારે સારૂં માગ્યું, તેજ તે મારા પાસે માગવા લાગ્યા.

પલ્લ૦—એટલે ? ઠીક કહેને બ્હેન !

સૌં૦—ઘેલી, બળ્યું એટલુંએ નથી સમજતીકે, અલી મેં કહ્યું, મારી પલ્લવલતિકા ઉપર પ્રીતિ કરો, તેનાપર પ્રેમ રાખો, તેનો કાંઇ ઉત્તર ન દેતાં તે મને કહે કે—તું મારી પર પ્રીતિ કર, મારી પર તું પ્રેમ રાખ.

પલ્લ૦—આને કહેવું પણ શું ! કિયા પ્રકારના શબ્દોથી તને તેમણે મોહપાશમાં નાખવા પ્રયત્ન કર્યો ?

સૌં૦—બાઈ ! એકાદ સભ્ય માણસને માગણી કરવી હોય છે, ને તે જેમ બોલે છે કે નહીં ? તે પ્રમાણે, તે મારી

સાથે બોલ્યા, પ્રથમ મારૂં સ્વરૂપ ગમે છે, એવું દર્શાવ્યું; પછી બોલવું—

પલ્લ૦—હું જાણું છું, તું તેમની સાથ મીઠું મીઠું બોલતી હઇશ.

સૈં૦—રહે! ધીરજ ખમ, બાઈ મને બધું કહેવા-તો દે.

પલ્લવ૦—નહીં હું ધીરજ ખમું, મારા મનથી જે બોલવું નહીં હોય, તો પણ મારી જીભ નથી રહેવાની, હવે એવા દુષ્ટ, પાપી, ચંડાળ, નિર્દય, ક્રૂર, છે એવી મને આજ સુધી ખબર નહોતી.

સૈં૦—અરે બાઈ! આ માંડયું છે શું? ધણીને તે. અલી! એટલો જ્યારે તારો ધણી નઠારો છે, ત્યારે તને એટલી તેની ગરજ કેમ?—અને આટલો જીવ શું કરવા બાળવો, એવો નઠારો ધણી જતો રહે, તો બહુજ સારૂં થાય, તેનું દુઃખ શું કરવા!!!

પલ્લવ૦—બ્હેન! હું એવું કહું છું, તોપણ તે મારા આ કોમળ મનને સારા લાગે છે, બાઈ! શું કરૂં મારા મન-ને ઘણુંજ ખોટું લાગે છે,—બીજાની આંખોએ તે એવા સારા ન દેખાત, તો ઠીક થાત; મારા મોંમાંથી ખરાબ શ-બ્દ નીકળે છે, તોએ પણ મારૂં મન તેમનું સારૂં થવા પરમેશ્વર પાસે યાચના કરે છે. (પુલીંદ ગાંધારપટ્ટનવાળો દોડતો આવે છે)

પુ૦ ગાં૦—હાં, એજ, અહીંજ, ચાલો, પેટી, થેલી ચાલો—ચાલો.

સૌં૦—અરે ! આટલો તને શ્વાસ કેમ ચઢચો છે ?

પુ૦ ગાં૦—દોડતો દોડતો આવ્યો તેથી. (હાંફે છે.)

પલ્લ૦—પુલિંદ ! તારા શેઠ ક્યાં છે ? સારા છેને ?

પુ૦ગાં૦—સારા ? સારા શાના ! તેમની દશા પૂછશો નહીં, તેમની પછવાડે બામાશી વળગી છે, તે હમણાં જે ઠેકાણે છે, તેથી નર્કવાસ સારો, યમયાતના પણ ઘણીજ સારી,—અરેરે ! ઘણીજ કૂજેતી, એક દુષ્ટ કૂતરાના હાથમાં તે પકડાયા છે. અરે ! હું કૂતરો શું કહું છું, કૂતરો તો સારો; આ તો ગલી, કુચી, ખૂણે ખોચરે, પોળમાં, જ્યાં માણસ નજરે પડે ત્યાં પકડે છે.

પલ્લ૦—અરે પુલિંદ ! પણ છે શું ?

પુ૦ગાં૦—મને કાંઇંજ ખબર નથી, તેમને ફિર્યાદ ઉપરથી કેદ કર્યા છે, એટલુંજ મેં જોયું.

પલ્લ૦—શું કેદ કર્યા છે ! કહે કહે વેહેલો, ફિર્યાદ કોની છે ?

પુ૦ગાં૦—કોની ફિર્યાદ, એ મને ખબર નથી, પરંતુ, તેમને જમાદારે કેદ કર્યા છે, એટલુંજ હું જાણું છું. બાઇસાહેબ ! તેમને છોડાવવા તેમની પેટીમાં જેટલી રકમ છે, તેટલી આપો હાં, વહેલી ! (હાંફે છે)

પલ્લ૦—બ્હેન ! જા લાવ વહેલી, (સૌંદર્યલહરી જાય છે.) આશ્ચર્યની વાત છે કે, મને ખબર ન પડતાં તેમને કર્જ થયું; અરે ફિર્યાદ શું ખત ઉપરથી થઈ છે ?

પુ૦ગાં૦—ખત પરથી નહીં, કંઠા પરથી થઈ છે, સાંભળો વાગે છે. (પડદામાં ટકોરો થાયછે.)

પ૯લ૦—શું કંઠો !

પુ૦ગાં૦—કંઠો નહીં, રે બાઇ, ઘંટો આ વખત મારે જવું જોઇતું હતું, ત્યાંથી હું નીકળ્યો, ત્યારે બે વાગ્યા હતા; હમણાં એક વાગ્યો.

પ૯લ૦—કલાક પાછા ફર્યા લાગે છે, એ મેં કદી સાંભળ્યું નહોતું.

પુ૦ગાં૦—હા, કલાક અને જમાદારનો મેળાપ થયો કે, બીકથી તે પાછો નાસે છે.

પ૯લ૦—એટલે ! તેને જાણે જમાદારનું કંઈ કર્જજ છે કેમ? શું મૂર્ખના જેવો બોલેછે રે તું

પુ૦ગાં૦—બાઈ ! કાળ, એ મોટો દેવાળવો છે; અને તેની શક્તિ કરતાં તેને કર્જ ઘણું હોય છે, વળી તે ચોર પણ છે કેવો ! જુવો, ચટ લઇને નાશી જાય છે; એવો તે કર્જબાજરી અને ચોર છે, દરમ્યાન જો જમાદાર મળ્યો, તો પછી એકજ દિવસમાં, તે એક કલાક પાછો ખસે, તે તેમાં નવાઈ શું ! !

(સૌંદર્યલહરી નાણાની થેલી લઈ આવે છે.)

પ૯લ૦— પુલિંદ ! આ થેલી લે, જા દોડતો ત્યાં, અને જલ્દી ઘેર તેડી આવ, ચાલ ‍હેન મારા જીવને બિલકુલ ચેન નથી, શું કહું બાઇ ! મારા જીવની એવી દશા છે, તેથીજ મને સુખ થાય છે; અને તેટલાજ માટે દુઃખ પણ થાય છે. (જાયછે.)

પ્રવેશ ૩ ત્રીજો.

(સુગુણચંદ્ર ગાંધારપટ્ટનવાળો આવે છે,)

સુ૰ગાં૰—શો ચમત્કાર છે ! જે મળેછે તે જયગોપાળ અગર નમસ્કાર કરેછે, જેમ કાંઈ મારી અને તેમની સારી મુલાકાતજ છે. વળી દરેક માણસ મને નામ લઈ હાક મારેછે, કોઈ મને પૈસા આપે છે, કોઈ ઘેર બોલાવેછે, કોઈ કહે છે, તમારો અમારી ઉપર મોટો ઉપકાર થયો, કોઈ કહે છે આ વેચાતી લ્યો, હમણાજ એક દરજીએ મને પોતાને ઘેર બોલાવી કહ્યું;—" આ જુવો તમારે સારૂ રેશમી કપડું મેં વેચાતું લીધું છે " એમ કહી મારા બદન પ્રમાણે કાપડ વેતર્યું, ખચીત આ શેહેર માયાનું છે. કિંવા અહીંનાં તમામ લોક જાદુવાળાં હોવાં જોઈએ. (પુર્ણાંદ ગાંધારપટ્ટનવાળો આવે છે.)

પુ૰ગાં૰—ધણી સાહેબ ! આ જુવો, મોહોરોની થેલી. તમે મને લેવા મોકલ્યો હતો તે, કેમ, પેલા કાળના હાથમાંથી તમે છૂટયા લાગોછો ?

સુ૰ગાં૰—કયાંની મોહોરોની થેલી, અને કાળ કોણ ?

પુ૰ગાં૰—શેઠ ! સ્વર્ગમાંનો કાળ નહીં, પણ તુરંગપરનો કાળ; તેમનું પેટ, લોકોના મૂર્ખપણાપર, અને દુર્વર્તનપર ચાલે છે તે, તમને તુરંગમાં નહોતો કે લઈ જતો ?

સુ૰ગાં૰—તારૂં બોલવું મારાથી તો કાંઇજ સમજાતું નથી.

પુ૦ગાં૦—એમ કેમ ? વાત તો ખુલ્લીજ છે. તમને પકડી તુરંગ તરફ લઇ જતો હતોને ? કોઇ થાકયો હોય, તો તેને આરામસ્થળમાં લઈ જાય છે, અને ઘરનું ભાડું માગતો નથી, જૂનાં વસ્ત્ર લઈ નવાં આપે છે, અને શરીરપર કાંઈ નહોય તો પણ જે સાંકળાં કરી પેહેરાવે છે તે !

સુ૦ગાં૦—કોણ તુરંગપગનો જમાદાર ?

પુ૦ગાં૦—હા, તેજ, કોઈ તેના કરાર પ્રમાણે ચાલે નહીં, તો તેનો અને ચોરનો પણ સમાચાર લે છે, તે તેજ.

સુ૦ગાં૦—બસ્સ. મૂર્ખ તારી મશ્કરી! આજ રાત્રે આપણે અહીંથી જવું જોઈએ, એકાદુ આજ જનારૂ ગલબત છે કે ?

પુ૦ગાં૦—મહારાજ! એક ઘડી પણ થઈ નથી તમને મેં આવી કહ્યું કે, ફતેમાર આજ રાત્રે નીકળનાર છે, તેજ વખતે તમને જમાદારે પકડયા હતા, અને તમે તુરંગ તરફ જતા હતા. તમારો છૂટકો થવા સારૂ, તમેજ મને થેલી લેવા મોકલ્યો; તે આ હુ લાવ્યોછું.

સુ૦ગાં૦—આ એકાજી દિવાના થયાછે. તેમ હું પણ થયોછું. અને અહીં અમે માયાના જાળમાં ફસાઈ ભટકીએ છીએ, ભગવાન! આમાંથી અમને જલ્દી છોડાવ. (એક વેશ્યા આવેછે).

મદનમોહના—સુગુણચંદ્ર મહારાજ ! ઠીક થયું સારૂં થયું, આપ મળ્યા તે; આપને સોની મળ્યો ખરો, આજ કે તે કંઠો, જે મને આજે આપવા કહ્યું હતું તે ?

સુ૦ગાં૦—ચાલ નીકળ્ય અહીંથી; શંખણી. તું શું મને ભૂલાવવા આવી છું ?

પુ૦ગાં૦—મહારાજ ! એ કોણ શંખણી છે ?

સુ૦ગાં૦—અરે એ ચૂડેલ છે.

પુ૦ગાં૦—ના, ના, મેલડી માતા છે, અરે ભૂલ્યો, ચૂડેલ બ્હેન છે; જુઓ પાસે આવીને જુઓ તો ખરા.

મદનમોહના-તમે અને તમારો ચાકર પુલીંદ, આજ ખૂબ મોજમાં છો. મશ્કરી વિના તમને કાંઈજ સૂઝતું નથી; ગાયન સાંભળવા આવવું હતું ને, મારી સાથે આવોછો હમણાં ? ચાલો.

પુ૦ગાં૦—મહારાજ ! ઠીક છે. ચાલો શંખણી સાથે, વળી કંઈ જમવાની સોઈ થાય તો, પેટ કરોને મોટું, હો કે, મારે શું કરવું છે ?

સુ૦ગાં૦—કેમરે ! પુલીંદ.

પુ૦ગાં૦—અહો, મેલડી માતા સાથે જમવાનું છે અને કેમ રે કરી પૂછોછો શું ?

સુ૦ગાં૦—હત ઝાંપડી, ચાલી જા અહીંથી, મને બોલાવેછે શું ? રાંડ, તું કોઈ ડાકણ છે, અને તમે બધાં ઝુંડનાં ઝુંડ અહીં ભરાઈગો છો,

મદનમોહના—તમે તે વખતે મારી વીંટી લીધી હતી, તે મને પાછી આપો; નહીં તો તમે કંઠો આપોશ એમ કબૂલ કર્યું હતું તે આપો. મારા હીરાની કિંમત ઘણી છે

સમજ્યા કે ? આપો વેહેલા, એટલે હું ચાલી જાઉં છું; તમને ત્રાસ દેવા રહેતી નથી.

પુ૦ગાં૦—કેટલાક ભૂત હોય છે, તે શરીરમાં આવે છે, કોઈ મરગડા માગે છે, કોઈ અન્ન માગે છે, અને આ ભૂતને, તો, સોનાની લાલચ દેખાય છે. મહારાજ ! આપશો નહીં આ ભૂતના હાથમાં કંઠો; જો આપશો, તો તમને એ જાસ્તી ભય દેખાડશે.

મદનમોહના—આ શું વારૂં ! મારી વીંટી આપો, નહીં તો કંઠો આપો !! કહું છુંને; તમે આવા મોટા શ્રીમંત, થઇને મને ફસાવશો કે શું ?

સુ૦ગાં૦—ચાલ નીકળ ડાકણ અહીંથી, પુલીંદ, ચાલ આપણે જઇએ.

પુ૦ગાં૦—બાઈ સાહેબ ! જઇએછીએ હોકે અમે, આપના પતિ પિશાચરાજ્ય, એમને અમારા પ્રણામ કહેજો.

(બન્ને જાય છે.)

મદનમોહના—આ સુગુણચંદ્ર દિવાનો થયો છે, એમાં શક નહીં, નહીં તો આવું હલકાપણું એ કદી કરે નહીં, તેની પાસે સાઠ પૂતળીની કિંમત જેટલી મારી મુદ્રીકા છે, અને તેને બદલે તેણે મને કંઠો આપવાનું કબૂલ કર્યું છે, છતાં, તે મને કંઠાની પણ ના કહે છે, અને અંગૂઠી પણ નથી કહે છે, મને ખચીત લાગે છે, કે તે ગાંડો થયો, એક તો હમણાં આ ઘેલા જેવું કરેછે, અને પ્રથમ તેણે મને એક તે-

બીજ વાત કહી, કહે છે.—"બૈરીએ બારણું બંધ કરીદીધું, અને ઘરમાં જવાદીધો નહીં" કદાચિત એમ પણ હશે કે, આની પાંસળી છટકી છે, તે જોઈ, તેણીએ મુદ્દામ બારણું અડકાવી દીધું હશે; હવે આપણે તેને ઘેર જઈએ, અને તેની બૈરીને કહીએ, કે તે ગાંડો થઈ મારા ઘરમાં પેઠો, અને જુલમથી મારી વીંટી લઈ નાશી ગયો, આ યુક્તિ કરવીજ જોઈએ; કારણ, સાઠ પુતળિયાં એટલે કંઈ નાની સુની રકમ નથી. (જાય છે).

પ્રવેશ ૪ થો.

(સુગુણચંદ્ર મલ્લિહયાર નગરવાળો અને જમાદાર આવે છે)

સુ॰ મલ્લિહ॰—તમે મનમાં બીક રાખશો નહીં, હું નાશી નથી જવાનો. જે રકમ સારૂ મને પકડયો છે, તે રકમ આપીશ, અને પછી તમને પૂછીને જઈશ, અમારા ઘરમાં આજ જરા તબિયત બગડી છે. અને વળી આ મલ્લિહયાર નગરમાં મને કેદ કર્યો છે, એ એકાએક તેને ખરૂં લાગનાર નથી; જુવો ! એનો તેને મોટો ચમત્કાર લાગશે, આ જુવો પુલીંદ આવ્યો (પુલીંદ મલ્લિહયાર નગરવાળો ચાબૂક લઈ આવે છે) એ થેલી લાવ્યો હશે, કેમ રે, મેં જેને સારૂ તને મોકલ્યો હતો તે લાવ્યો કે ?

પુ॰ મલ્લિહ॰—હા, આ જુઓ લાવ્યો, બધાની ખબર લેવા જેવો છે. (ચાબૂક વગાડે છે.)

સુ૦મલિહ૦—અરે પૈશા કયાં છે ?

પુ૦મલિહ૦—પૈશા આપ્યા ચાબૂકવાળાને.

સુ૦મલિહ૦—ગધ્ધા ! ચાબૂકની કિંમત પાંચસે મોહોરો પડી કે ?

પુ૦મલિહ૦—પાંચસેં મોહોર શાની, એક ચાબૂકથી પાંચસેં સોળ માત્ર પડશે.

સુ૦મલિહ૦—અરે ! ત્યારે મેં તને ઘેર શાસારૂ મોકલ્યો હતો.

પુ૦મલિહ૦—મને ચાબૂક સારૂ મોકલ્યો હતો, તે હું આ લઇને આવ્યો છું.

સુ૦મલિહ૦—આવ બેવકૂફ આમ, તે સારૂ તારીજા ખબર લેઉં, પેહેલાં. (ચાબૂકથી મારેછે).

જમાદાર—અહો મહારાજ ! શાંતવ્હા, શાંતવ્હા ! !

પુ૦મલિહ૦—હું પોતેજ શાંત થાઉંછું.

જમાદાર—અરે વેડ્યા ! આતાં આપલે તોંડ આટોપશીલ તર બરેં.

પુ૦મલિહ૦—પ્રથમ, તેમને પોતાના હાથ બંધ કરે એમ કહો.

સુ૦મલિહ—લુચ્ચા, મુર્ખ, રાંડના, ગદ્ધા.

પુ૦મલિહ૦—મહારાજ ! ખચિત ! ગધેડો હોત, તો બહુ સારૂં થાત. કે પછી તમારો માર ન ખાવો પડત.

સુ૦મલ્લિ૦—ખચિત; તું ગધેડો છે તને લાતોજ જોઇએ.

પુ૦મલ્લિ૦—હું ગધેડો ખરોજ! આ જુઓ મારા કાન લાંબા છે, મેં જન્મથી એમની ઇમાનથી નોકરી કરી ત્યારથી તેની બક્ષિસ શું ? તો માર! બીજું કાંઈજ નહીં; મને જ્યારે થાક લાગે, ત્યારે એ ગુદ્દા મારી ગરમ કરેછે, અને જયારે ગરમ થાઉં ત્યારે લાત મૂક્કીથી નરમ કરે. મને ઉંઘ આવે ત્યારે ઉઠવા સારૂં માર; ઘરમાંથી બહાર જવા નીકળું કે માર, તેમજ ઘરમાં આવ્યો કે પ્રથમ સલામીનો માર, આ લાત મૂક્કીનો ભાર, મારી પીઠપર અને ખાંધે ભરપૂર ભરેલો છે. હું બીજાને ખુશ થઇને ગમે તેટલો આપું, તોપણ તેમાંથી કાંઇ ઓછો થાય નહીં. મારી જમાં છે, તે તો રેહેવાનીજ. (પલ્લવલતિકા, સૌંદર્યલહરી, વેશ્યા, પંચાક્ષરી, તથા બીજા લોક આવેછે)

સુ૦મલ્લિ૦—ચાલ નીકળ અહીંથી, પેલી જો તારી શેઠાણી આવી.

પુ૦મલ્લિ૦—બાઇસાહેબ! સાચવજો હોકે; ચાબુક આવશે.

સુ૦ મલ્લિ૦—અલ્યા! હજુ બોલેછે, (તેને મારેછે.)

મદનમોહના—જુઓ હવે કેમ છે, તમારો પતિ દિવાનો થયોછે કે નહીં ? નક્કી.

પલ્લ૦—ખરેજ! આ ફાંડાઇનો બીજો શું અર્થ ? હકીમ સાહેબ, તમને મંત્રનું સારૂં જ્ઞાન છે, માટે એક વાર

શુધ્ધિમાં લાવો, તમે જે માગશો, તે હું આપીશ.

મદનમોહના—અને કેવા થરથર ધ્રૂજેછે, ખચિત્ત, સનેપાત થયો. બાઈ !

પંચાક્ષરી—(સુગુણચંદ્રને) તુમારા હાથ તો ઈધર કરો જરા, મય નાડી દેખતા હું.

સુ૦મલ્હિ૦—આ મારો હાથ, પ્રથમ તમારી અત્રાંશ જુવે છે. લ્યો (તેને તમાચો મારે છે).

પંચાક્ષરી—અય પલિત. એ આદમીકે બદનમેં તુને પેવશ કિયા હય, દેખ મય બડા જાદુગીર હું; તું આગે રસ્તેસે ચલાજા, નહીં તો, મય મેરે મંત્રસે તુજે ગાડ દેઉંગા. ધ્રુઃ ધ્રુઃ

સુ૦મલ્હિ૦—ચૂપ બેશ; ઘરડા. ગદ્ધા, મૂર્ખ, મને નથી ભૂતનો સંચાર થયો; હું સારો શુદ્ધિમાં છું.

પલ્લ૦—મારૂં કર્મ ફૂટીગયું, કેમ સ્વામીનાથ ! તમારી આવી દશા થઈ, મારૂં અભાગણીનું શું આ દૈવ ? ભગવાન ! મેં ગયા જન્મમાં એવાં શાં પાપ કર્યાં હતાં, કે તેથી એ ગાંડા થયા

સુ૦મલ્હિ૦—રાંડ, આજકે તારૂં ઘરાક, ઘેર જમવા આવ્યો હતો તે, મને બહાર રાખી એજ કાળમુખાને જમાડયો ને ? મને ઘરમાં આવવા દીધો નહીં, ને રાંડ હવે અહીં રડવા આવી છે.

પલ્લ૦—પ્રાણનાથ ! ઈશ્વર સાક્ષી છે, તમેજને ઘેર જમ્યા, આ આટલી લોકમાં ફૂટ ફૂજેતી, અને ભર ર

સ્તામાં બેઆબરૂ થાય છે, તેના કરતાં તમે ઘેર રહ્યા હોત, તો કેવું સારૂં થાત વારૂ ?

સુ૦ **મલિહ૦**—ઘેર જમ્યો ? કેમરે પુલીંદ. આપણે ઘેર જમ્યા ?

પુ૦**મલિહ૦**—નહીં સાહેબ ! ખરેખર તમે ઘેર જમ્યા નથી.

સુ૦**મલિહ૦**—દરવાજાને અંદરથી સાંકળ દઈ, ઘરમાં નહીં અવાય, એવું મને નથી કહ્યું ?

પુ૦**મલિહ૦**—એમજ થયું, એવું તમને કહ્યું ખરૂં.

સુ૦**મલિહ૦**—ઘરમાંથી કરીણીએ મને ગાળો દીધી, મનમાં આવે એવા અપશબ્દ બોલી, મારી બેઅદબી કરી નહીરે ? ! !

પુ૦**મલિહ૦**—હા સાહેબ ! ખચિત્ત તેમણે એમ કર્યું; તે રાંડે તમારી ઘણીજ ફજેતી કરી.

સુ૦**મલિહ૦**—અને તેથા હું ગુસ્સે થઈ નથી ચાલ્યો ગયો ?

પુ૦**મલિહ૦**—ખરેખરજ તમને ગુસ્સો આવ્યો અને તમે ચાલ્યા ગયા, ગુસ્સો આવ્યો હતો કે નહીં ? તે મારી પીઠને પૂછો, બધો ગુસ્સો મારાપર નિકળ્યો, કહેતા નથી કે "પૂરીનું તેલ ભજીયાં ઉપર."

પલ્લ૦—હકીમ સાહેબ ! એ જેમ કહેશે, તેમ હાંએહાં કહેવાથી કંઈ સારૂં થશે કે ?

પંચાક્ષરી—ઈસ લૌંડેકુ બી કુચ્છ શરમ નહીં, ઉનકા મિજાજ કૈસા હય, એ સમજકે ઓબી ઉનકે જયસાય

બોલતા હય, એ કહેંગે—સૂરજ પછીમમેં નિકલા હય, તો એભી "હાંજી" ઐસા કહેગા.

સુ૦ મલિહ૦—મને કેદ કરાવવા તેં પેલા સોનકાને ભમાવી દીધું નહીં કે?

પલ્લ૦—અરે અરે! કોણ કહેછે, શું કહું; આ પુલીંદ દોડતો આવ્યો હતો. તેની સાથે તમારો છૂટકો થવા સારૂં મેં મોહોરોની થેલી સુધ્ધાં મોકલી છે.

પુ૦મલિહ૦—મારી સાથે થેલી મોકલી! નહીં હાં શેઠ સાહેબ! એક કોડી પણ મને આપી નથી.

સુ૦મલિહ૦—હરામખોર તું થેલી લેવા ઘેર નહોતો ગયો કે?

પલ્લ૦—એક કલાક પણ થયો નહીં હોય! એ મારી પાસે શ્વાસભેર આવ્યો, અને મેં તુરતજ એને કોથળી આપી.

પુ૦મલિહ૦—પરમેશ્વર સાક્ષી છે, અને ચાબુકવાળો-સાક્ષી છે, મને ચાબુક લેવા મોકલ્યો હતો, બીજે કંઈજ ગયો નથી.

પંચાક્ષરી—બાઈ! શેઠકુ ઓર નોકરકુ દોનોકુભી ભૂત સંચાર હુવા હય; દોનોકે મુંહ દેખો કૈસે ફીકે માલુમ હોતે હય, ઔર આંખ દેખો, કૈસી ખુની દીખતી હય, ઉનકુ બાંધકે અંધેરી કોટડીમેં રખના ચાહિયે.

સુ૦મલિહ૦—(પલ્લ૦ ને) બોલ્ય ઝટ, તેં આજ મને ઘરમાં કેમ આવવા દીધો નહીં? અને (પુલીંદને)

અરે પુલીંદ, તું ચેલી આપી નથી એમ નાકબૂલ કેમ થાયછે?

પલ્લ૦—પ્રાણનાથ! મેં એવું નથી કર્યું, તમે ઘરમં ના આવશો, એવું હું કેમ કહું.

પુ૦મલિહ૦—ધણી સાહેબ! મને ચેલી મળી નથી. એતો માત્ર ખરૂં કે આજ આપણને દરવાજા બંધ કરી ઘરમાં પેસવા દીધા નહીં.

પલ્લ૦—લુચ્ચા ઠગ! તું બન્ને વાતો ખોટી બોલેછે.

સુ૦મલિહ૦—રાંડ જૂઠી, તું બધું લબાડ બોલેછે, તેં લુચ્ચા અને વ્યભિચારી લોકો સાથે દોસ્તી કરીછે, અને મારી ફજેતી માંડીછે, પણ જો, આજ નખથી તારી આંખો ફોડી તને આંધળી કરી નાખુંછું, એજ આંખોને મારી મશ્કરી અને ફજેતી જોવી ગમેછે નહીં? (તેને મારવા જાયછે)

પલ્લ૦—હકીમજી! એમને બાંધો પેહેલાં, મારી પાસે આવવા દેશો નહીં (પંચાક્ષરી, અને તેના લોક, સુગુણચંદ્રને અને પુલીંદને બાંધવા માંડેછે)

પંચાક્ષરી—ઈશ્વેબી જાદે લોક હોના, પલિત બહોત જબ્બર હય.

સોં૦—અરેરે પ્રભુ! શું બિચારાઓની આ દશા! કેવા એ નિસ્તેજ દેખાયછે.

સુ૦મલિહ૦—શું મને તમે મારી નાખશો? જમાદાર, હું તમારા તાબામાંનો કેદી છું, અને આ મને છોડાવેછે; જુઓ હાં, તમે એમને કાયદાવિરૂદ્ધ ચાલવા દેશો નહીં.

જમાદાર—અહો! મહારાજ! સોડા ત્યાંના, તે

માઝયા તાબ્યાંત આહેત, મીં નાહીં ત્યાંના તુમચ્યા સ્વાધિન કરણાર.

પંચાક્ષરી—અરે ઈસકુબી બાંધધો, એબી દિવાનાઈ દીખતા હય,

પલ્લ૦—કેમ જમાદાર સાહેબ ! એમાં તમને કંઈ ખુશી ઉપજે છે કે, એ બિલકુલ ગાંડા થયાછે, અને એ પોતાને, તેમજ બીજાંને દુઃખી કરે; તે તમને સારૂં લાગેછે?

જમાદાર૦—તે માઝયા તાબ્યાંત કૈદી આહેત, ત્યાંબા, મી જર સોડલે તર ત્યાંચે કર્જ, માઝયા ડોકયાવર બસેલ.

પલ્લ૦—હું હમણાં બધું કર્જ આપી દેઉંછું; ચાલો મારી સાથે, તે શાહુકાર પાસે; શેનું દેવુંછે, તે મને ખબર થશે એટલે હું આપીશ, હકીમસાહેબ ! એમને સંભાળીને ઘેર લઇ જાઓ, શું આજ દિવસ ઉગ્યોછે, કોણજાણે કોનું એ મોં જોયું હતું.

સુ૦મલિહ૦—કેવી દુષ્ટ રાંડ છે, જુઓ ! !

પુ૦મલિહ૦—મહારાજ ! તમારે માટે મને પણ બાંધે છે.

સુ૦મલિહ૦—ચાલ નિકળ્ય લુચ્ચા, બોલીશ નહીં; મારી સાથે, કેમ તું મને ચીડવેછે.

પુ૦મલિહ૦—ચીડવાઈ ચીડવાઈ ! એકવાર ખરેખર ગાંડા થાઓ ને અમસ્તા ફોકટ શું કામ બંધાવું ! ગાંડા થાઓ—મારોબૂમ—બૂમમારો.

સૌં૦—અરે રે ! શું બિચારાંઓની દશા, કેવી બડબડ કરેછે, જુઓ, ભગવાન ! એમને જલદી સારા કર.

પલ્લ૦—હાં જાઓ, એમને લઇ જાઓ, બેન સૌંદર્ય-લહરી, તું ચાલ મારી સાથે (પંચાક્ષરી, તેના લોક, સુ૦ મલ્લિ૦ અને પુલીંદ મલ્લિ૦ ને બાંધી લઈ જાય છે) મને કહો કોની ફિર્યાદ ઉપરથી એમને કેદ કર્યા છે.

જમાદાર—એક દર્પપરિહારક મ્હણુન સોનાર આ-હે, તો તુમચ્યા આહે ઓળખીચા ?

પલ્લવ૦—હા છે, દેવું કેટલું છે ?

જમાદાર—દોનશે હોન.

પલ્લ૦—કર્જ શાનેમાટે છે ?

જમાદાર—તુમચ્યા યજમાનાની એક કંઠા, ત્યાચ્યા પાસૂન ઘેતલા આહે, ત્યાચે હે કર્જ.

પલ્લ૦—તેમણે એક મારે સારૂ કંઠો કરાવવા કહ્યું હતું ખરૂં, પણ તે હજુ અમને મળ્યો નથી.

મદનમોહના—તમારા પતિ જ્યારે મારે ઘેર આવ્યા, ત્યારે તેમની આંખ ઘણીજ ગુસ્સામાં હતી, હમણાં એમની આંગળીમાં જે મેં વિંટી દીઠી, તે ત્યારે લઈ ગયા, પછી તુરતજ મને મળ્યા, ત્યારે તે કંઠો તેમના ગળામાં હતો.

પલ્લ૦—હશે, પણ મેં કદી જોયો નથી; ચાલો તે સોની પાસે, કારણ, મારે બધી હકીકત સમજવી જોઇએ.

(સુગુણચંદ્ર ગાંધારપટ્ટનવાળો અને પુલીંદ ગાંધાર પટ્ટનવાળો હાથમાં નગ્ન તરવારો લઇ આવે છે.)

સૌં૦—હાય ! હાય ! ઓ બાપ ! હવે શું કરૂં, તે ફરીથી છૂટયા.

પલ્લ૦—અને વળી નગ્ન તરવારો લઈને આવ્યા. ચાલો, વધારે લોક લાવીને, તેમને ફરી બંધાવીએ.

(જમાદાર, પલ્લવલતિકા, અને સૌંદર્યલહરી જાયછે.)

સુ૦ગાં૦—હા ! હા ! આ ભૂતો તરવારથી, ત્યારે બીહે છે કેમ ?

પુ૦ગાં૦—તમને જે કહેતી હતી, કે હું તમારી બૈરી; તે જોઈ કે, કેવી નહાશી ગઈ તે.

સુ૦ગાં૦—ચાલ આપણે ઉતારા તરફ જઇએ, અને આપણો બધો સામાન લાવીએ, આપણે અહીં એક વાર આવ્યા છીએ, તેવા સાજા જીવતા વહાણપર ચઢયા, એટલે ગંગા નાહ્યા.

પુ૦ગાં૦—તે તો મેં બધોએ ફતેમારમાં ચઢાવી દીધો; પણ મહારાજ ! રહોને, એક રાત્ર અહીં, તે નક્કી તમને કાંઈ ઉપદ્રવ નહીં કરે, જોયાને અહીંના લોક, આપણી સાથે કેવું મીઠું મીઠું બોલે છે તે, અને નાણાની થેલીઓ આપે છે તે, મને લાગે છે, એવા ભોળા અને ગરીબ છે, કે, અહીંજ રહીને, આ ભૂતોના મેળામાં મળી જઈએ, પણ જો એક પેલી કાળી બોર, છુંદાયલી, મારી પછવાડે ના લાગી હોત, તો અહીંના જેવું સુખ કંઈજ નહોતું,

સુ૦ગાં૦—મને કોઇ બધું ગામ બક્ષિસ આપે તો પણ, હું આજની રાત્ર અહીં રહું નહીં, ચાલ ત્યારે, હવે આપણે બાકીનો સામાન ગલબત ઉપર લઇજઇએ. (જાયછે)

ચોથો અંક સમાપ્ત

—•••—

અંક ૫ મો.

પ્રવેશ પેહેલો.

(વ્હેપારી અને દર્પપરિહારક આવે છે.)

દર્પ૦—તમારે મારે સારૂ ફોકટ ખોટી થવું પડ્યું. મને બહુજ ખોટું લાગે છે; પણ શું કરૂં, હું સોગન ખાઇ કહું છું, કે મેં તેને કંઠો આપ્યો છે, અને તે ના કહે છે, એ બિલકુલ ખોટું.

વ્હેપારી—અહીં, આ શેહેરના લોકમાં તેની કેવી યોગ્યતા છે ?

દર્પ૦સોની—તેની યોગ્યતા સારી છે, અને લોકોમાં તેને મોટો વજનદાર ગણે છે, તેની પત મોટી, તેમજ, તે સર્વને પ્રિય છે, આ આવા મોટા શેહેરમાં, તેના કરતાં બોજો વધારે યોગ્યતાનો માણસ નથી. મારા ઘરમાં જેટલી સ્ટેટ છે, તેથી ચાર ઘણી તેના એક શબ્દથી મળશે; એવી તેની પ્રતિષ્ઠા છે.

વ્હેપારી૦—ધીરે, ધીરે, મને લાગે છે, તેજ આ તરફ આવે છે.

(સુ૦ગાં૦ અને પુ૦ગાં૦ આવે છે.)

દર્પ૦—હા તેજ છે, અને જુવો પેલો કંઠો; એના ગળામાં છે. હમણાંજ રે તે કંઠો મેં જોયો નથી, એવા સોગન ખાતો હતો, શું મુર્ખપણું, આપ મારી પાસેજ રહેજો, હાં. હું

તેની સાથે બોલુંછું. હે સુગુણચંદ્ર મહારાજ ! મને ઘણોજ ચમત્કાર થાયછે ! તમે મારી આટલી ફજેતી કરાવી, અને આટલો ત્રાસ દીધો; તેમાં તમારી પણ ઇજત ગઇ નથી, એમ નહીં, મેં તમને કંઠો આપ્યો નથી એવું કહી, કેવા કેવા સોગન ખાધા, અને એટલું પણ કરી ખુલ્લિ રીતે તે કંઠો, ગળામાં ઘાલી ફરોછો, આ રોપ, ફજેતી, અને કેદ, એટલું બધું સહન કરી, આ બિચારા ગૃહસ્થને ફોકટ ખોટી કર્યા, આપણો આ કજીયો થયો ના હોત, તો આ શેઠ વહાણમાં બેશી આટલે ચાલ્યા ગયા હોત, આ કંઠો મેં તમને આપ્યા છતાં, હજુ નાકબૂલ જાઓછો ? !

સુ૦ગાં૦—હા ! તમે મને કંઠો આપ્યો છે, મેં કયારે ના કહ્યું ! !

વ્હેપારી—હા હા ! તમે ના કહ્યું, અને ખોટા સોગન સુદ્ધાં ખાધા.

સુ૦ગાં૦—મેં ના કહ્યું ! અને સોગન ખાધા, કોણે સાંભળ્યુ !

વ્હેપારી—આ કાને સાંભળ્યું, તું ઘણો લુચ્ચો દેખાયછે, સારા માણસોએ તને જોડા પાસે પણ ઊભો નહીં કરવો જોઇએ.

સુ૦ગાં૦—તું મને એવા અપશબ્દ બોલે છે ! તુંજ લુચ્ચો છે ! તારામાં તાકત હોય, તો, આવ સામો. ઊભો રહે તને દેખાડુંછું હું કેવો છું તે !

વ્હેપારી—અરે ! જારે ! આ જો હું ઊભો રહ્યો છું

અને તને એક વાર નહીં, પણ પચાસવાર લુચ્ચો કહુંછું (લઢેછે)

(પલ્લવલતિકા, સૌંદર્યલહરી, વેશ્યા, અને બીજા લોક આવેછે)

પલ્લ૦—ખમો, ખમો, એમને દુઃખ ના દેશો; તમને પરમેશ્વરના સોગન છે, એ ગાંડા થયાછે, કોઈ તેમની પાસે જઇ એમના હાથમાંથી પેલી તરવારો લ્યો, પેલા પુલીંદને પણ બાંધો, અને મારે ઘેર લઈ જાઓ.

પુ૦ગાં૦—શેઠજી સાહેબ ! જુઓછો શું ! ચાલો, નાસો, આ ઘરમાં પેશીજાઓ, આ કોઇનો મઠ દેખાય છે, અંદર ચાલો, નહીંતો જીવ જશે. (મઠમાં જતા રહેછે)
(ગોસાંઇયણ આવેછે)

વિચક્ષણા ગોસાંઇયણ—અરે લોકો ! શાંત થાઓ, શાંત થાઓ કેમ તમે અહીં ભેગા થયા છે, ?

પલ્લ૦—મારા સ્વામી ગાંડા થયાછે, તેમને ઘેર લઈ જવાસારૂ અમે આવ્યા છીએ, અમને અંદર જવાદો; એટલે એમને મજબૂત બાંધી ઘેર લઇ જઇએ.

દર્પ૦—મને લાગ્યુંજ કે તે શુધ્ધિમાં નથી.

વ્હેપારી—અરે રે ! હું અમસ્તોજ તેની સાથે લઢવા મંડયો, એ ગાંડો છે, એવી મને ખબર નહોતી .

વિચક્ષણા—એને ભ્રમિષ્ટ થયે કેટલા દિવસ થયા ?

પલ્લ૦—આ આઠ દિવસમાં મોં ઉતરેલું દુઃખી, કષ્ટિ, ફીકું, એવું દેખાવા લાગ્યું, અને પ્રથમની ક્રિયા બિલકુલ

બદલાઇ ગઈ; પણ આટલો સંતાપ અને ગાંડા જેવી દશા એ તો આજજ થયું.

વિચક્ષણા—સમુદ્રમાં કંઇ ગલબત ડૂબી તેમની સંપત્તિ ગઇ છે? કિંવા કોઇ જીવલગ મિત્ર મરણ પામ્યોછે? અગર, તેમનું મન કોઇ પરસ્ત્રી પર તો નથી બેઠું; તરૂણ લોક જે નેત્રના સુખનો ઉપભોગ ચાહેછે, તેમનામાં એવું પાપ ઘણું હોય છે; એમાંનું કિયું દુઃખ તેમને થયું છે વારૂ?

પલ્લ૦—એકે દુઃખ નથી. છેવટ આપે કહ્યું તે હોય તો તેની મને ખબર નથી.

વિચક્ષણા—એવું હતું, ત્યારે, તેમના પર તારે ગુસ્સે થવું હતું.

પલ્લ૦—બાઇ હું તો ઘણીએ ગુસ્સે થતી હતી.

વિચક્ષણા—પણ તારૂં બોલવું કડક નહીં હોય?

પલ્લ૦—મૈરી જાતથી જેટલું કડક બોલાય, તેમાં કાંઇ મેં કમી કર્યું નથી.

વિચક્ષણા—પણ તું તેમને એકાંતમાં બોલી હોઇશ.

પલ્લ૦—ના, લોકના દેખતાં પણ બોલવા મેં છોડ્યું નથી.

વિચક્ષણા—પણ જરા જરા થોડું વચમાં બોલી હોઇશ.

પલ્લ૦—ના બાઇ! રોજ એકી ટસે બોલતી હતી, અમારૂં બીજું કાંઈ ભાષણજ થવાનું નહીં, બિછાના પર સૂતા હોય, તોપણ તેજ બોલવું; જમવાની વખતે તેજ, એકાંતમાં હોઇએ, તોએ બોલવાનું શું તો તેજ; મંડળીમાં

પણ મારે તેજ વાત કહાડવી, હમેશ કહું, કે આ તમે કરોછો, તે નીચ અને ખરાબ છે.

વિચક્ષણા—એજ કારણથી ત્યારે એ ભમિષ્ટ થયો હાં! એકવાર બૈરીના શરીરમાં મત્સરનો પવન ભરાયો, એટલે પછી પૂછવું નહીં, તેના કરતાં હડકાયો કૂત્રો સારો! તેનું ઝેર એટલું ચઢતું નથી, ત્યારે તારી બડ બડ તથા ગાળોથી, તેને ઉંઘ સુદ્ધાં બરાબર આવતી નહોતી, એથીજ કરી તે ગાંડો થયો; તું કહે છે, જમવાની વખત સુદ્ધાં તેમને બોલતી હતી, એટલે તારી ગાળો, તેમને જાણે કંઈ શાક ભાજીજ! જમવાની વખતે માણસનું મન સ્થિર ના હોય, તો તેને અન્ન પચતું નથી; અને તેથી જવર ઉત્પન્ન થાય છે. વાસ્તવિકજ્વર એટલે શું?—કે તે એક ગાંડપણની લેહેરજ છે, આપણે જોતાં નથી! માણસ કેવાં તાવમાં લવે છે તે; તું કહે છે—તેમની ગમ્મત, અને ખુશીની વખતે, તેમને માર્મિક શબ્દો બોલતી હતી; આનંદનો અંત આવે, તો તેથી શું થાય!—સુસ્તિ, અને દિલમાં ખેદ. જીવને અસમાધાન, શરીરનો કંટાળો અને તેનાથી પછી નાના તરેહના રોગ ઉત્પન્ન થવાના; વળી, આગળ શરીરની બ્હીક; જમવાની વખતે, ગમતની વખતે, અને ઉંઘની વખતે, ત્રાસ થયો, તો માણસને શું! પણ જનાવરને સુદ્ધાં હડકવા થાય; આ ઉપરથી એટલું થયું, કે, તારા મત્સરથી ધણી ગાંડો થયો.

સૌ૦—એ કદી તેમને એવું કડક બોલી નથી, એકાદ વખત કાંઈ બોલી હશે, તો તે સભ્ય રીતે, અને ગરીબાઈ-

થી; અને તે પણ ક્યારે! જ્યારે ઘણી ઘણીજ દાંડાઇ, અને દિવાના જેવું કરે ત્યારે! બ્હેન! તુ કેમ એમનું બોલવું ગુપચૂપ સાંભળી સ્વસ્થ બેઠી?

પદ્મ૦—કરૂં શું? મારેજ મોઢે, એમણે મારી ફજેતી કરી, આપણે બધાં ચાલો અંદર, અને પકરો તેમને!

વિચિક્ષણા—હું મારા ઘરમાં કોઇને નહીં આવવા દેઉં,

પદ્મ૦—ત્યારે તમે તમારા ચાકરોને તેમને બહાર લાવવા કહો.

વિચિક્ષણા—તે પણ નહીં થાય, આ આશ્રમ છે! અહીં આપણે સુરક્ષિત રહીશું, એમ સમજી તે અંદર પેઠો છે, તે માટે હું તેના બદનને તમને હાથ નહીં લગાડવા દેઉં; હું પ્રથમ તેનું ગાંડપણ કાઢી નાખીશ, અને મારૂં નહીંજ ચાલે, તો પછી જોઇશ.

પદ્મ૦—હું મારા સ્વામીની પાસે રહીશ, તેમની સેવા કરીશ, અને તેમને સારા કરીશ, એ મારૂં કામ છે; તે હું બીજાને કદી નહીં કરવા દેરૂં; એ કામમાં મારે બીજા કોઇની જરૂર નથી, તે માટે હું તેમને ઘેર લઇ જાઉ છું.

વિચિક્ષણા—તું એટલી ઉતાવળી થઇશ નહીં, જેટલા ઉપાય મને ખબર છે, તે બધા કર્યા શિવાય, હું તેને અહીંથી જવા નહીં દેઉં. એને ચૂર્ણ આપીશ, ગાત્રા દઇશ, મંત્ર નાખીશ, દેવીની આરાધના કરીશ; આવી રીતે તેને શુદ્ધિપર લાવવા સારૂ, હરેક પ્રયત્ન કરીશ, આવાં પરોપકારનાં કામ કરવાં, એ અમારા લોકનો ધર્મ છે, અને એવું

કરવા મેં પ્રતિજ્ઞા લીધી છે; માટે તું અહીંથી ચાલી જા, અને તેને રહેવાદે અહીં.

પલ્લ૦—તેમને છોડી હું અહીંથી કદી જનાર નથી, પતિ અને પત્નીમાં, તૂટાતૂટ કરવી, એ તમારા જેવા પરોપકારી માણુસને શોભતું નથી.

વિચિક્ષણા—જાસ્તી બોલવાનું કામ નથી, તારે સ્વાધિન હું તેને નહીં કરૂં. (જાયછે.)

સૌં૦—આ મોટો જુલમ થયો બાઇ! હવે રાજા પાસે જઇ ફિર્યાદ કરવી જોઇએ.

પલ્લ૦—ચાલો જઇએ, હું રાજાના પગ આગળ નમસ્કાર કરીશ, અને રડીશ; તેમની પ્રાર્થના કરીશ, અને તેમને અહીં લઇઆવીશ, નહીં આવે તો હું ત્યાંની ત્યાં પડી રહીશ, ઉઠવાનીજ નથી, મહારાજા સાહેબની સ્વારી આવશે કે, આપોઆપ એ ગોસાંઇવણ પ્રાણનાથને મારે સ્વાધિન કરશે.

વ્હેપારી—હમણાં પાંચ વાગવાનો સમય થયોછે, મને લાગેછે, મહારાજ હમણાં આ તરફજ મઠની પછવાડે સુરંગ છે, તેની પાસે વધ કરવાની જગા ત્યાં છે આવશે.

દર્પ૦—ત્યાં શું કરવા?

વ્હેપારી૦—એક ગાંધારપટ્ટનનો વૃદ્ધ વ્હેપારી, કમનશિબે, આ બંદરે આવ્યો છે, અને તે શેહેરના લોકો વિષે, તો, અહિંના નિયમ કેવા કડક છે, તે તમને ખબર

છેજ ! તેને પ્રખ્યાત જગોએ ફાંશી દેવાનો છે, તે જોવા સ્વારી હમણાં આવશે.

દર્પ૦—અરે! આ જુઓ ! આવ્યાજ, ચાલો આપણે વધ કરવાને ઠેકાણે જોવા જઇએ,

સૌં૦—(પલ્લ૦ને) સ્વારી મઠની પેલી તરફ જતાં પહેલાંજ, તું તેમને નમસ્કાર કર. (રાજા, વિજયચંદ્ર ખુલ્લે શિરે, શરીરપર ગુલાલ તથા ફૂલોના હાર નાખી ચંડાળ અને બીજા રાજસેવક, આવેછે.)

રાજા૦—ફરી એક વાર જોરથી ઢંઢેરો પીટો. આ રકમ આપવા હજુ પણ કોઇ એકાદ મિત્ર ઊભો રહેશે તો, એને નહીં મારવો; એટલી અમે હજુ દયા કરીશું.

પલ્લ૦—દયાનિધે મહારાજ ! મારી અહીંની ગોસાંઇપણ ઉપર ફિર્યાદ છે.

રાજા—શું ! સાધ્વીબાઇ ઉપર, એ ગોસાંઇયણ ઘણી વૃદ્ધ અને પવિત્ર છે, તેના હાથે કદી અપરાધ થવાનો નથી.

પલ્લ૦—મહારાજ ! આ દાસીની પ્રાર્થના છે, તે સાંભળી લેવી, મહારાજ ! આપનીજ આજ્ઞાથી મારા પિતાજીએ, સુગુણચંદ્ર સાથે લગ્ન કર્યું; અને મારૂં સર્વ સ્ત્રીધન, તેમને સ્વાધિન કર્યું; આજ, તે મારા પ્રાણનાથની એકદમ ચમત્કારિક રીતે પાંસળી છટકી, તે એટલે સુધી કે, પ્રાણની દેહેસત તજી તે રસ્તામાં દોડવા લાગ્યા, અને શું ચમત્કાર કહું ! ઘરનો નોકર પણ તેમનાજ જેવો દિવાનો થયો, ને તેમની સાથે દોડવા લાગ્યો. લોકોના ઘરમાં પેસવું,. કોઇની અંગૂઠી લેવી,

કોઇનો કંઠો લેવો, મોતી લેવાં, લેહેરમાં આવે તે લઇજવું-- એવો પ્રકાર થયો, મેં એકવાર તેમને બાંધી ઘેર મોકલી દીધા, અને જ્યાં જ્યાં કંઇ દિવાનાપણું કર્યું હતું, ત્યાં ત્યાં દાબી દુબી લોકોની સમજુત કરવી, તેવા ઇરાદાથી હું ફરતી હતી; એવામાં શો ચમત્કાર થયો કે, કોણ લોક તેમને સાહ્ય થયા કોણ જાણે? તે જેના તાબામાં હતા, તેના હાથમાંથી છૂટયા, અને તે તથા તેમનો નોકર, બન્ને ગાંડા, નમ તરવારો હાથમાં લઇ ઘણા ક્રોધમાં ભરાઈ અમારી પર દોડી આ-વ્યા; ખુલ્લી તરવારો લઈ અમારાપર આવે છે, એવું અમે જ્યારે જોયું, ત્યારે અમે નાશી ગયાં, અને ઘણા લોકલઇ ફરી તેમને બાંધવા આવ્યા, એટલામાં તો તેઓ આ મઠમાં નાશી ગયા, અને અમે તેમની પછવાડે તુરતાતુરત ગયાં, પણ એ ગોસાંઇયણ અમને અંદર જવા દેતી નથી, અને તેમને ઘેર લઈ જવા દેતીનથી, વારૂં! તમારા નોકરો સાથે તેમને બહા-ર મોકલો એટલે અમે લઈ જઇશું, એવું કહ્યું; તો તેમ પણ કરતી નથી. દયાનિધે કૃપાનિધે મહારાજ! આજ્ઞા કરો, તેમને બહાર લાવવાની? એટલે અમે ઘેર લઈ જઇએ.

મલયશેખરરાજા—કાંઈ ફીકર નહીં, શાંત થા; ઘણાં દિવસ ઉપર શત્રુ સાથે લડાઈઓ થઈ, ત્યારે તારા પતિએ અમારી સેવા તનમનથી, અને પ્રાણની દેહેસત ન રાખતાં કરી છે, પછી તારૂં લગ્ન થયું, ત્યારે મેં તારા બાપને વચન આપ્યું કે, એનું અમે કલ્યાણ કરીશું, જાઓરે કોઈ મઠના દરવાજા પાસે હાક મારો, અને તે ગોસાંઇયણ બાઇને અહીં

લાવો, એનો નિર્ણય કર્યા શિવાય, અહીંથી હાલવું નથી (એક સેવક દોડતો આવેછે.)

ચાકર—અરે ! બાઇસાહેબ ! નાસો. દોડો, નહીંતો વિપરીત થશે; ધણી સાહેબ, અને પુલીંદ, બન્ને જણા છુટયા, તેમણે નોકરમાણસોને માર્યા, અને પંચાક્ષરી બાવાને બાંધી નાખ્યા, તેઓ સાહેબની દાઢી તેમણે સળગાવીદીધી, અને જયારે સારી સળગી ત્યારે ઓલવવા સારૂં મોરીમાંનું સડેલું અને મલિચ્છ પાણી મોં પર ફેંકયું; શેઠસાહેબ ! તેને કહે છે—દમ ખા, ધિરજ ખમ, અને પુલીંદાએ કાતર લઈ તેમના બધા વાળ કાતરવાનું કામ ચલાવ્યું છે, જો તમે હમણાં કોઇને મોકલો તો ઠીક, નહીં તો, પંચાક્ષરી બાવાના પંચપ્રાણ નિકળી જશે.

પલ્લ૦—ચૂપ રહે, મુર્ખ ! તારા શેઠ, અને પુલીંદ, આ મઠમાં છે, જૂઠું શું કરવા બોલેછે !

ચાકર—મારા ગળાના સમ, મેં કહ્યું એ બધું ખરૂં છે, હમણાંજ મેં જોયું, ને તુરતજ દોડતો તમને કહેવા આવ્યો, તેઓ તમારૂં નામ દઈ બૂમો પાડેછે, અને સોગન ખાયછે કે, તમે જો એક વાર તેમના હાથમાં આવો, તો તમારૂં મોં બાળી તમને કદરૂપાં કરવાં—સાંભળો, સાંભળો, આ તેમનોજ અવાજ છે, (અંદર બૂમો પડેછે) બાઈસાહેબ નાસો ! ભાગી જાઓ !

મલયશેખરરાજા—આમઆવ, મારી પાસે ઊભી રહે, બ્હીશ નહીં, સેવક હથીઆરો લઇ તઇયાર રહો.

પદ્મિ૦—અરે રે ! એ મારા પ્રાણનાથજ છે, જુવો કેવો ચમત્કાર છે, એ શું ગુપ્તવેશે ગયા હશે, ! આ હમણાંજ તે અમારા સર્વના દેખતા આ મ્હેમાં પેઠા, અને એટલામાં અહીં દેખાય છે, એ કેમ થયું હશે ! એમાં માણસની અક્કલ ચાલતી નથી.

(સુગુણચંદ્ર મહિહયાર નગરવાળો, અને પુ૦મલ્લિ૦ આવેછે).

સુ૦મલ્લિ૦—મહારાજ ! દયાનિધે મહારાજ ! ન્યાય કરો, મેં જે ઘણા દિવસ પહેલાં આપની ઈમાનીથી નોકરી કરી, લડાઈમાં મહારાજાને સારૂં પોતાનો જીવ જોખમમાં નાખ્યો, તેનું સ્મરણ કરો; મહારાજાનો પ્રાણ બચાવતી વખતે જે મને જખમો થયા છે, તે તરફ જુઓ, તે વખતે જે મારૂં રક્ત પડી ગયું, તેનુ સ્મરણ કરીને પણ મારો ન્યાય કરો.

વિજયચંદ્ર—(મનમાં) આતો મારો પૂત્ર સુગુણચં-દ્ર, અને પુલીંદ, એ ખચિત્ત ! કે મરવાની બ્હીકથી મારી બુધ્ધિમાં ભ્રમતાથઇ એવું દેખાવા માંડ્યું, આને કહેવું શું ?

સુ૦મલ્લિ૦—મહારાજ ! જે સ્ત્રી આપની પાસે ઉભી છે, તેની ઉપર મારી ફિર્યાદ છે, સરકારે તેનું મારી સાથે લગ્ન કરી આપ્યું, અને તેણે મારી બેઆબરૂ કરી, મારા નામને કલંક લગાડયું; મેં જે લોકમાં ઇજત સંપાદન કરીહતી, તેની અપ્રતિષ્ઠા થઇ; અને મારી ઉપર આજ જે એણે સંકટ આ-ણ્યું, તેની કલ્પના સુદ્ધાં મનમાં આવતી નથી.

મલયશેખરરાજા—શું છે તે ઠીક કહો, ? એટલે હું બરાબર ન્યાય કરીશ.

સુ૦મહિ૦—મહારાજ ! આજ અમે જમવાને ઘેર ગયા, ત્યારે એણે બારણું અડકાવી દીધું; અને અમને અંદર પેસવા દીધા નહીં, એ પોતે અંદર સોદા લોકને સાથે લઈ મજેથી જમી.

મલયશેખરરાજા૦—આ મોટો ગુન્હો છે. હે સ્ત્રી તેં આ અપરાધ કર્યોછે કે ?

પદ્મ૦—મહારાજ ! ના હો ના, હું, પ્રાણનાથ. અને સાદર્યલહરી, એકજ ઠેકાણે જમ્યાં, એ જો ખોટું હશે, તો મારી જીભ તૂટી પડશે.

સૌ૦—મહારાજ ! એ કેવળ ખરૂં બોલેછે, ખોટું હશે તો મારી જીભે કીડા પડશે.

દર્પ૦—શું આ બાઇઓ ! બેધડક જૂઠા સોગન ખાઈ ખોટું બોલેછે, કેવી દુષ્ટ જાત છે, આ વાતમાં એ ગાંડો જે કહેછે, તેજ મહારાજ ખરૂં છે.

સુ૦મહિ૦—સરકાર ! હું જે આ કદમ પાસે બોલું છું, તે વિચાર કરીને ખરૂંજ બોલુંછું: અને તેનો પુરાવો પણ કરીશ. હું મદ્યપાન કરી ધુંધ થયો નથી, મને કંઈ ઘેલછા નથી, તેમ સંતાપ્યાથી ભ્રમિષ્ટ થયો એવું પણ નથી, એટલું માત્ર ખરૂં, કે મને આજ જે દુ:ખ પડ્યું છે, તેવું જો બીજાને પડે તો તે ખચિત્તજ ગાંડો થાય આસ્ત્રીએ બારણું બંધ કરી મને ઘરમાં પેસવા દીધો નહીં; આ સોનકો એનીજ દુષ્ટ મંડળીમાં

મળો ના ગયો હોત, તો, એણે સુદ્ધાં આવાતની સાક્ષી આપી હોત, કારણ એ તે વખતે મારી સાથે હતો. એણે મને કહ્યું હું તમને તોફાનગલ્લીના રસ્તા પર કંઠો લાવી આપું છું, એવું કહી એ ગયો; દર્પપરિહારક નિમેશા વખતે આવ્યો નહીં, એવું જોઈ હું એનો શોધ કરવા ગયો, એટલામાં રસ્તે એનો અને મારો મેળાપ થયો, ત્યારે આ ગૃહસ્થ એની સાથે હતા, ત્યાંજ આ સોનકેર, ખોટું બોલી સોગન ખાવા લાગ્યો,અને કહેવા લાગો કે, મેં તેની પાસેથી કંઠો લીધો; રાજાધિરાજ ! ઈશ્વર સાક્ષી છે, કંઠો કેવો છે. તે મેં હજુ જોયો પણ નથી, અને તેને સારૂ જમાદાર પાસે મને કેદ કરાવ્યો. હું વગર બોલ્યે કબૂલ થયો, અને આ પુલીદને કાંઈક રકમ લાવવા ઘેર મોકલ્યો, તો તે ખાલી હાથે પાછો આવ્યો; પછી મેં જમાદારની પ્રાર્થના કરીને બનેજણ મોહોરો સારૂં ઘેર ચાલ્યા, એટલે રસ્તામાં અમને મારી બૈરી, તેની બ્હેન, અને તેના સાથી બીજા લુચ્ચા લોક મળ્યા, તેમની સાથે એક જાદૂગીર હતો; (ક્રોધથી) તે ઢોંગી, બાખારી, નકટો. નિચ, મુર્ખ. પાખંડ કરનારો પાજી માણસ. ગ્યાક્ષરીનો ડોળ કર્યો, અને મારી નાડી ને આંખો જોઈ એક ચપટી તપખીર સુંઘી, છીં, છીં, કરતો બોલ્યો, મને ભૂત વળગ્યું છે, અને પિશાચ મારા અંગમાં પેઠું છે, પછી તે બધા મારા પર તુટી પડયા. મને બાંધ્યો, અને ત્યાંથી ઉચકી લઈગયા. ઘરમાં વાણીજ ગંદકીવાળી નીચેની કોટડીમાં મને પૂર્યો, ત્યાં બિલકુલ અંધારૂં, કોઈ આંખમાં આંગળી ઘાલે, તોપણ દેખાય નહિ; તે ઠેકાણે મને અને પુલીંદને, એક દોરડે બાંધી

દીધા, છેવટે અમે તે દોરડા દાંતે તોડી, છૂટા થયા; અને તેવાજ દોડતા દોડતા મહારાજાના ચરણ પાસે આવ્યા છીએ; હવે એટલીજ વિનંતિ છે કે, આ જે મારો છળ થયો, અપમાન થયું, અને હાલ થયા, તે બદલ મહારાજાએ ન્યાય કરવો;

દર્પ૦—મહારાજ! એટલું માત્ર ખરૂં છે કે, પલ્લવલતિકાએ બારણું અડકાવીદઈ, એમને ઘરમાં જમવા જવા દીધા નહીં એનો હું સાક્ષી છું.

મલયશેખરરાજા૦—પણ તેં એમને કંઠો આપ્યો કે નહીં?

દર્પ૦—આપ્યો મહારાજ? અને એ આ મઠમાં પેઠા, ત્યારે આ લોકોએ એમના ગળામાં દીઠો.

વ્હેપારી—(સુ૦મલ્લિ૦ને) અને હું સોગન ખાઈ કહું છું, કે તેં કંઠો લીધાનું કબુલ કર્યું, તે, આ કાને સાંભળ્યું, અને પ્રથમ માત્ર મોતીચોકમાં, સોગન ખાઈ બોલ્યો કે, કંઠો લીધો નથી; અને કબૂલ કર્યા બાદ તું મારી સાથે તરવારથી લડવા લાગ્યો, અને પછી તું આ મઠમાં પેઠો તેમાંથી માત્ર મને લાગેછે, તું કંઈ ભૂતચેષ્ટાથી અગર મંત્રના જોરથી બહાર નિકળ્યો.

સુ૦મલ્લિ૦—હું એ મઠમાં ગયો નથી, મેં તારી ઉપર કદી તરવાર ઉગામી નથી, અને મેં હજુ કંઠો જોયો સુધ્ધાં નથી, એ પરમેશ્વરને હાજર જાણી હું પ્રતિજ્ઞા ઉપર કહું છું, તમે જે આ મારી ઉપર આરોપ લાવ્યાછો, તે તમામ ખોટા છે.

મલયશેખરરાજા૦— શું ચમત્કારિક ગુંચવણ ભરેલો આ કેસ છે. મને લાગેછે, તમે બધા દારૂ પીને આવ્યાછો, આ સુગુણચંદ્ર, આ મઠમાં હમણાંજ પેઠો, એ જો ખરૂં છે, તો તે ત્યાંજ હોવો જોઇએ, એ જો ખરેખર ગાંડો થયો હોત, તો એનાથી પોતાની તર્ફે આવું શાંતપણે ભાષણ થાત નહીં; (પલ્લવને) તું કહેછે, એ ઘેર જમ્યો, સોની કહેછે, નથી જમ્યો, કેમરે પુલીંદ તું શું કહેછે ?

પુ૦ મલ્લિહુ૦— અમારા શેઠ કેદારેશ્વર પાસે એક જણને ઘેર જમ્યા.

મદનમોહનાવેશ્યા— ખરેજ ! તે ત્યાં ગયા હતા, તે મેં જોયા, અને ત્યાંથીજ મારે ઘેર આવી મારી આંગળીમાંથી પેલી વીંટી છીનવી લીધી.

સુ૦ મલ્લિહુ૦—મહારાજ ! એ ખરૂં છે, એની પાસેથી મેં આ વીંટી લીધી, છીનાવી લીધી નથી.

રાજા૦—(વેશ્યાને)તેં એને આ મઠમાં જતાં જોયો ?

મદનમોહનાવેશ્યા૦—હા મહારાજ ! હમણાંજ જોયા.

રાજા૦—શું આ ! ખચિત ખચિત ! ચમત્કારછે ! જાઓ તે ગોસાંઇયણને અહીં બોલાવો, તમે બધા માણસ ભાંગ પીને આવ્યાછો, અગર તમે નક્કી ગાંડા થયા છો, (એક નોકર જાયછે).

વિજયચંદ્ર—મહારાજ ! મને એક શબ્દ બોલવાની પરવાનગી આપશો, કદાશ આ જે ગૃહસ્થ દેખાયછે, તે મા-

રો પ્રાણ બચાવવાને, અને મારો છૂટકો થવાને, જેટલી રકમ જોઈશું, તેટલી આપશે.

રાજા—ગાંધારપટ્ટનવાશી, તારે જે બોલવું હોય તે બોલ: તને પરવાનગી છે.

વિજયચંદ્ર—તારૂં નામ સુગુણચંદ્ર નહીં કે રે! અને આ તારો ચાકર પુલીંદ નહીં કે?

પુલીંદ૦મલિહ૦— એક ઘડી પહેલાં હું એગનો બાંધેલો નોકર હતો, અને એ મારા ખરા ધણી હતા, પરંતુ એમણે પેલું દોરડું તોડયું, એટલે એ થયા એક તરફ, અને હું થયો એક તરફ, હવે હું એમનો છૂટો ચાકર; અને એ મારા નામના માત્ર ધણી.

વિજયચંદ્ર—તમે બન્ને જણ મને ઓળખોછો એમાં કાંઈ શક નહીં, મને કેમ ભૂલી ગયા.

પુલીંદ૦મલિહ૦—તમારા ઉપરથી અમે પોતાને માત્ર ઓળખિયે છીએ.

વિજય૦—એટલે શું?

પુ૦મલિહ૦—એટલે, તમને મુસ્કે બાંધ્યા છે! તે જોયું કે અમોને એવાજ મુસ્કે બાંધ્યા હતા; એવું યાદ આવે છે, પણ તમારી પેલા પંચાક્ષરીએ નાડી નથી જોઇ કે?

વિજયચંદ્ર—આમ કરડી નજરે કેમ મારા તરફ જુઓછો, તમારૂં અને મારૂં ઓળખાણ પકકું છે.

સુ૦મલિહ૦—તમને આ પહેલાં મેં કદી જન્મમાં પણ જોયા નથી.

વિજય૦—ખરેજ ! તમારી અને મારી આખરની મુલાકાત થઈ; ત્યારથી દુ:ખે અને કાળજીથી, મારી ક્રિયા કેવળ બદલાઈ ગઈ છે; વય પણ ઘણીજ થઈ, અને બધું દુ:ખમાં ગયું, તેથી મોં પર કંઈ વિલક્ષણ ફરક પડ્યો, ત્યારે ઓળખાણ કેમ પડે; પરંતુ કહો વારૂં, મારો શબ્દ તમે ઓળખો છો કે નહીં ?

સુ૦મલિહ૦—તે એ નથી ઓળખતા.

વિજય૦—અને પુલીંદ તું રે !

પુ૦મલિહ૦—હું પણ નથી ઓળખતો !!!

વિજય૦—ના, એવું ના બોલીશ, ખચિત, તેં મારો શબ્દ ઓળખ્યો.

પુ૦મલિહ૦—પણ હું ચોખ્ખી ના કહુંછું ને ! તમારો આગ્રહજ હોય, તો હા કહું. પણ મારી પાસે તમને છોડવવા પૈસા નથી હો.

વિજય૦—મારો શબ્દ સુદ્ધાં ઓળખતા નથી ! શો ચમત્કાર છે ! સાત વર્ષમાં કષ્ટ સહન કર્યું, અને દુ:ખ ભોગવ્યું, તેને લીધે, તેમ આ હાલથી મારો સ્વર એટલો બદલાયો કે, મારો એકનો એક છોકરો સુદ્ધાં મારી વાણી ઓળખતો નથી ! હર હર ! મારી આવી દશા થઈ, અને માથા વાળ ધોળા થયા, તોપણ હજુ મારા કાન, આંખ, કાયમ છે; અને સ્મરણશક્તિ કમી થઈ, એમ પણ નથી, તેમ હું ભ્રમિષ્ટ થયો છું, તેમ પણ નથી. હું ખાત્રીપૂર્વક કહું છું કે તું મારો પુત્ર સુગુણચંદ્ર.

સુ૦મલિહ૦—મેં મારો બાપ જન્મમાં જોયો નથી.

વિજય૦—અરે બેટાજી! ફક્ત સાત વર્ષ થયાં, તું મારી પાસેથી ગયો છું, હં હં! હવે સમજ્યો! આ મારી આવી દશા થઈ છે, તેથી મને બાપ કહેતાં તને શરમ આવતી હશે! તને લાગે છે કે હું તને બાપ શોભતો નથી.

સુ૦મલ્લિ૦—આ મહારાજ! અને જે લોકો સાથે મારે પરિચય છે, તે બધા કહેશે, કે એ તદન ખોટું છે; હું જન્મમાં કદી ગાંધારપટ્ટન ગયો નથી.

રાજા૦—અરે ગાંધારપટ્ટનવાશી, હું તને કહું છું, આ સુગુણચંદ્ર, આજ વીશ વર્ષથી, મારા આશ્રય નીચે છે; અને તે દરમ્યાન ગાંધારપટ્ટન કદી ગયો નથી, આ દુઃખથી તને વૃદ્ધપણે સનેપાત થયો, બીજું કાંઈજ નહીં.

(ગોસાંઈપયણ, સુ૦ ગાં૦ પુ૦ ગાં૦ આવેછે)

વિચિક્ષણા ગો૦—રાજાધિરાજ, મહારાજ! જુઓ આ નિરપરાધી મનુષ્યોપર કેવો જુલમ થયોછે.

પુ૦ગાં૦—ધણીસાહેબ! આ બધા ભૂત અહીંજ છે આ વેતાળ મહારાજની સ્વારી હશે! (સર્વ તેમને જુવેછે)

પલ્લ૦—બેન સૌંદર્યલહરી! કેમ અંલી મને તો બાઈ હવે બે પતિ સમાન દેખાયછે! હું સ્વપ્નમાં તો નથીને?

રાજા—આમાં, એક જણ; બીજાની કેવળ પ્રતિમા છે, અને તેવાજ આ ચાકર પણ છે, હું જાણું છું. આમાંના એકે કાંઈજાદુ કરી બીજાનું હુબેહુબ રૂપ લીધું છે, એમા ખરો માણસ કિયો, અને પિશાચ કિયો, જોઉં વારૂં કોણ ઓળખી કહાડે છે તે.

પુ૦મહિ૦—મહારાજ! હું પુલીંદ, એને કહાડી મૂકો.

પુ૦ગાં૦—મહારાજ! હું પુલીંદ, અને આ અહીંના ભૂતમંડળમાંનો કોઈ પણ એક છે.

સુ૦ગાં૦—તમે વિજયચંદ્ર નહીં કે? કે કોઈ પિશાચે તેમનું સ્વરૂપ ધારણ કર્યું?

પુ૦ગાં૦—અહો મારા મોટા શેઠ સાહેબ! એમને મુશ્કે કોણે બાંધ્યા?

વિચિક્ષણાગો૦—કોઇએ પણ બાંધ્યા હો, હું તેમને મુક્ત કરૂં છું, એ છૂટયા એટલે ગાગાજ પતિ મને ફરી મળ્યા વાહવા! કેવો દિવસ આજે હે વિજયચંદ્ર મહારાજ! બોલો. અહો જેને વિચિક્ષણા નામની એક સ્ત્રી હતી, અને તેને બે ખુબસુરત છોકરા જીંડવે થયા હતા, તે તમેજ કે? તેજ તમે વિજયચંદ્ર હો! તો આ વિચિક્ષણા સાથે બોલો.

વિજયચંદ્ર—જો આ બધું સ્વપ્ન ના હોય, તો તું વિચિક્ષણા છે. એમાં સંશય નહીં. ખચિતજ જો તું વિચિક્ષણા છે તો કહે, કહે વહેલી, તારી સાથે લાકડાને છેડે બાંધેલા છોકરા, તણાયા હતા તે કયાં છે?

વિચિક્ષણાગો૦—તેજ હું, અને આ સામો ઊભેલો પુલીંદ, એ બધાને ચોલબંદરના લોકોએ ઉંચકી લીધાં. પરંતુ પછી થોડા વખતે વસઈ તરફના જંગલી કોળી, મારો છોકરો, અને પુલીંદ, એમને તે લોકો પાસેથી જબરાઇ કરી લઇગયા, અને હું ચૌલબંદરના લોકો પાસે રહી.

તેમનું પછી શું થયું, તે મને હજુ સુધી ખબર નથી; હું ફક્ત જોગણ થઈ, ઈશ્વરભજન કરી, દિવસ નિર્ગમન કરૂંછું.

મલયશેખરરાજા૦—હાં ! હવે સમજાયું. સવારે વિજયચંદ્રે જે વાત કહી હતી, તે હવે મળેછે, આ બન્ને તદન સરખા દેખાય છે, તે સુગુણચંદ્ર અને જે આ બીજા એકના જેવા એક છે, તે પુલીંદ, આ બાઇએ પણ વિજયચંદ્ર પ્રમાણેજ સમૂદ્રમાં હોડી ડુબ્યાની વાત કહી, તેથી, એ આએ સુગુણચંદ્રની મા, અને આ બાપ, શો ઈશ્વરીચમત્કાર ! આજ બધાનો એકદમ એકજ ઠેકાણે મેળાપ થયો, સુગુણચંદ્ર, તું પ્રથમ વસઈથી આવ્યો નહીં ?

સુ૦ગાં૦—ના મહારાજ ! હું ન હોય તે, હું તો ગાંધારપટ્ટનથી આવ્યો,

મલયશેખરરાજા૦— અરે ખમો ! તમે જૂદા જૂદા ઊભા રહો, કઈના કોણ, તે મારાથી ઓળખાતા નથી

સુ૦મહિદુ૦—દયાનિધે મહારાજ ! હુ વસઇથી આવ્યો.

પુ૦મહિદુ૦—અને હું તેમની સાથે આવ્યો.

મલયશેખરરાજા—તે નામાંકિત શૂરવીર, મંચનપૂરનો રાજા; તમારો કાકોસસરો, તે તમને અહીં લાવ્યો.

પદ્મ૦—ત્યારે, આજે મારે ઘેર તમારામાંથી જમ્યું કોણ ?

સુ૦ગાં૦—ભાભી, હું જમ્યો.

પદ્મ૦—અને તમે નહીં મારા પ્રાણનાથ ! ! !

સુ૦મહિ૦—ના ના, વાહ, બીજાનેજ પ્રાણનાથ કહેવા લાગી.

સુ૦ગાં૦—મેં પણ ના ના કહ્યું, પણ એણે પોતાનો આગ્રહ છોડયોજ નહીં, કહે તમેજ મારા પ્રાણનાથ! અને આ સુંદરી એની બ્હેન, મને બનેવી કહેવા લાગી. (સૌંદર્યલહરીને) હું તારી સાથે જે બોલ્યો છું, તે જોઉં છું હવે, ખરૂં થાય છે કે નહીં તે; આ બધું સ્વપ્ન હશે, તો પછી કાંઈ કહી શકતો નથી.

દર્પપરિહારક—આજ તે કંઠો, તમે મારી પાસેથી લીધો હતો તે.

સુ૦ગાં૦—હા એજ; હું ક્યારે ના કહું છુ.

સુ૦મહિ૦—અને એને સારૂ તેં મને કેદ કરાવ્યાં હતા કેમ?

દર્પ૦—હા હું ક્યારે ના કહું છું.

પદ્મલ૦—મેં પુલીંદ સાથે તમારો છૂટકો થવા મોહોરોની થેલી મોકલી, તે કોણે લીધી?

પુ૦મહિ૦—મારી સાથે નથી મોકલી.

સુ૦ગાં૦—આ રહી મોહોરોની થેલી, મને મળી છે. અને મારો પુલીંદ, તમારી પાસેથી લાવ્યો; હાં! હવે સમજ્યો; મારો ચાકર એમની તરફ ગયો, અને એમનો મારી પાસે આવ્યો, અને મને મહિયારનગરવાળો સમજ્યા, ને આ આજની ચમત્કારિક આશ્ચર્યતાથી આ અદ્દભુત ગોટાળો થયો.

સુ૦મહિ૦—આ મોહોરો, હું મારા બાપના બચાવ સારૂં આપુંછું.

રાજા—કાંઈજ જરૂર નથી, તારા બાપને જીવતદાન આપુંછું.

મદનમોહનાવેશ્યા૦—મહારાજ પેલી મારી વિંટી પાછી આપો.

સુ૦ મહિ૦—હા, લે, તારી વિંટી.

વિચિક્ષણાગો૦—મહારાજા! કૃપા કરી, અમારી સાથે મઠમાં પધારી, અમારો સવિસ્તર ઈતિહાસ સાંભળશો? અને અહીં જે સદ્‌ગૃહસ્થો પધાર્યાછે, તેમણે પણ ચાલવું; આજ જે આટલો ગોટાળો થયો, તેથી બધાને ત્રાસ પડયો હશે! પરંતુ આ પ્રકાર કેવો ગમ્મતનો થયો, તે લક્ષમાં લઈ, સર્વે ક્ષમા કરશેજ. છોકરાઓ, તમારે સારૂ પ્રથમ નવ મહિના કષ્ટ ભોગવ્યું, તે તો વ્યર્થજ ગયું; પરંતુ, તમારા મેળાપથી, આજ, આ પચીશ વર્ષની તપશ્ચર્યાનું સાર્થક થયું. હે રાજા! મારા પતિ, પુત્ર, અને આ સેવક, એમને લઈ મઠમાં આવો; એટલે અમારો આશ્ચર્યકારક વૃત્તાંત, એક એકને જણાવીએ.

રાજા—ઘણું સારૂં, ચાલો. તમારા સમાગમમાં ચાર ઘડી બેશી તમારી કથા શ્રવણ કરીશું.

{ રાજા, જોગણ, વિજયચંદ્ર, વેશ્યા, વ્હેપારી, દર્પ પરિહારક, એ જાયછે. }

પુ૦ગાં૦—મહારાજ! કેમ હવે, ગલબત ઉપરનો સામાન ઉતારી લાવું કે?

સુ૦મહિ૦—પુલીંદ, મારો રે કિયો સામાન ગ-

લખત ઉપર ચઢાવ્યો ?

પુ૰ગાં૰—આપણો સામાન મહારાજ ! દત્તમંદિર વાળા ઉતારામાં હતો તે.

સુ૰મહિ૰—એ મારી સાથે બોલે છે, હું તારો ધણી, આમ આવ; પુલીંદ, હમણાં ચાલ હમારી સાથે, સામાનનું પછી જોઇશું. પ્રથમ તારા ભાઇને ખુબ ભેટય.

(સુ૰મહિ૰ સુ૰ ગા૰ પલ્લવલતિકા, અને સૌંદર્ય-લહરી જાય છે.)

પુ૰ગાં૰—તારા શેઠને ઘેર એક કલેડા જેવી સ્ત્રી છે તે આજ જમવાને વખતે મને પોતાનો ધણી સમજી, મારી પાસે આવવા લાગી; તે તો હવે મારી ભાભી,—વૈરી નહીં કેમ ?

પુ૰મહિ૰—તું મારો ભાઇજ કે ! મને લાગે છે હવે, મારે બાપમાં જોવું નહીં પડે ! તને જોઇ હું કેવા ફક્કડ ખુબસુરત, અને રૂપાળો દેખાઉં છું ? વળી એમ લાગે છો કે મને જોઇ લોક મોહિત થતા હશે ! વારૂ, મઠમાં વાતે, ચાલી છે, તે સાંભળવા ચાલો જઈએ.

પુ૰ગાં૰—હું પહેલો નહીં જઉં, તું વડીલ છે.

પુ૰મહિ૰—કોણ વડીલ છે ! એ સમજવા સારૂ આપણે સોરઠ કહાડશું. તે સમજીએ, ત્યાંસુધી, તું વડીલ, થા, આગળ.

પુ૰ગાં૰—એટલે, ગમેતેમ કરી તારા મનથી, મને મોટો ભાઇ કહેવો હશે, હું નહીં મોટાભાઇ કહેવા દેઉં, હું

મોટોભાઈ, ત્યારે તું પણ મોટો ભાઈ; આપણી ભાઈઓની જોડી સારી થશે.

પુ૦મહિ૦—વારૂં ત્યારે. (એકએકના હાથ ઝાલી)

ગરાદી સાખી.

ભાઈ ભાઈની જોડી આપણી, ખુબ જામી આટાણે,
ન્હાનો મોટો સમજી લેવા, સારૂ કહાડશું વ્હાણે;
હમણાં ચાલોની, જોઈ પ્રસંગ માલોની. હમણાં૦ ૧

૧ પુરૂષોત્તમ હરીવલભ.
૧ પુંજાલાલ માણેકલાલ.
૧ કેસવલાલ બાપુભાઈ.
૧ મગનલાલ પુરૂષોત્તમ
૧ કંટ્રાકટર ચુનીલાલ ભાઈચંદ.
૧ મોદી મગનલાલ રણછોડદાસ મકરપૂરા.
૧ ગીરધરલાલ ભોગીલાલ. ,,
૧ રવચંદ ત્રિકમદાસ. ,,
૧ હરીવલવ કીલાભાઈ.
૧ શા. માણેકલાલ મૂળજી.
૧ ચોકશી વ્રજવલ્લવ માણેકલાલ.
૧ અમરતલાલ નાથાભાઈ.
૧ બેચર અમથા.
૧ મોતીલાલ ગોરધન.
૧ છગનલાલ ઉમિયાશંકર માસ્તર.
૧ હિમતલાલ છબીલાલ.
૧ આન્નાજી બળવંત.
૧ વકિલ મોતીલાલ દલસુખરામ.
૧ બાપાલાલ ભાઇજી.
૧ વકીલ ઘેલાભાઇ જમનાદાસ.
૧ છોટાલાલ બાળારામ મોજણીદાર.
૧ પુરૂષોત્તમ નથુરામ. ,,
૧ હરજીવન બાપુજી.
૧ હરિધર અંબાધર સ્કૉલર.

૧ ગાગાશંકર દયાશંકર

૧ ગણેશ સીતારામ

૧ માધવરાવ લક્ષ્મણ

૧ કૃષ્ણાજી વ્યંકટેશ

૧ જેઠાનારામ દાદાભાઈ

૧ અંબાલાલ દિનકર

૧ દાજી વિષ્ણુ પટવરધન

૧ અર્જુનલાલ કેશવલાલ દેશાઈ

૧ ગણેશ સખારામ કરપે

૧ વાસુદેવ ગોવિંદ

૧ વિષ્ણુ સખારામ

૧ ઇન્સ્પેકટર પ્રહલાદજી આપાજી

૧ રણછોડજી ગરબડદાસ

૧ છોટાલાલ નાનાભાઈ

૧ ગોવિંદ કાશીનાથ કરંદીકર

૧ ઈન્સ્પેકટર દલપતરામ પ્રભાશંકર માસ્તર

૧ પરભુદાસ પુંજાભાઈ

૧ ત્ર્યંબકલાલ કૃપાશંકર

૧ શંકર બાપુ બિડકર.

૧ છગનલાલ લલ્લુભાઈ શાહ.

૧ મગનલાલ હરિલાલ કલાસર.

૧ શામજી ગોવરધનદાસ સરવેયર.

૧ શા. ચુનીલાલ દલપતરામ.

૧ હિંમતલાલ કાળીદાસ.

૧ નાથાલાલ હરગોવનદાસ ગાંધી
૧ શા. પુંજાલાલ હરગોવનદાસ ગાંધી
૧ મથુરભાઇ અનોપરામ
૧ શીવશંકર ભાઇશંકર
૧ કૃષ્ણરાવ મહાદેવ વાડગાવકર
૧ વકિલ પ્રાણશંકર દયાશંકર
૧ ઇન્સ્પેક્ટર ભાસ્કરરાવ ભિકાજી
૧ પુરશોતમદાસ મોતીલાલ
૧ પુરશોતમ વેણીરામ
૧ ગુલાબભાઈ નાગરજી
૧ મોતીલાલ બાપુભાઇ
૧ નરહરી મહાદેવ
૧ કંટ્રાક્ટર અલીભાઇ દોસાજી
૧ હરિશંકર ધીરજરામ
૧ શેઠ જગસિંહજી નવરોજી પાદરાવાળા
૧ ડાહ્યાભાઇ કેશનદાસ
૧ ભગવતલાલ ઇશ્વરલાલ
૧ મગનલાલ નરોતમ
૧ નરસિંહલાલ હરિનારાયણ.
૧ કેશવલાલ જુદરભાઇ
૧ હરિશ્ચંદ્ર સખારામ
૧ કંટ્રાક્ટર અબદુલા ઇસ્માલજી
૧ ગણેશ મોહનીરાજ
૧ શા. ચીમનલાલ કેશવલાલ

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

પ્રત.	નામ.
૫૦	શ્રી કચ્છાધિપતિ મહારાવ શ્રી ખેંગારસિંહજી સવાઈ બહાદુર ભૂજ.
	વડોદરા.
૧૦	નામદાર દિ. બા. મણિભાઇ જસભાઈ દિવાન સાહેબ વડોદરાસ્ટેટ.
૭	રા. બા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ સાહેબ વડોદરા સેસન જજ્જ
૫	શેઠ મણિલાલ માણેકલાલ
૫	ફકીરભાઈ હરિભાઈ મારફતિયા
૪	કૃષ્ણરાય બળવંતરાય મેઢ
૩	કંટ્રાકટર હિમતલાલ માણેકલાલ
૨	રા. સા. ડાહ્યાભાઇ હરજીવનદાસ
૨	શા જમનાદાસ દલપતરામ
૨	શેઠ હીરાલાલ છગનલાલ
૨	પટેલ મોરાર મૂળજી
૨	હરગોવનદાસ વૃજભૂખણદાસ
૧	રા. સા. ગણપતરાવ આપાજી
૧	રા. સા. કૃષ્ણરાવ વિનાયક સારંગપાણી
૧	ખા. બા. સમસુદીન જીવાભાઈ

૧ ગોવિંદરામ નારણજી નાંદોદ.
૧ કીરપાશંકર પ્રભાશંકર ઉમરેઠ.
૧ હિમતભાઇ પરભુલાલ દેસાઇ પેટલાદ.
૧ મણિલાલ જેઠાભાઇ મુંબાઇ.
૧ પુરોહિત ચિમનલાલ પ્રાણશંકર ભરૂચ.

